


જીવન અને જ્ઞાનનું વૃક્ષ : પક્ષીઓ અને કળીઓ સાથે ચૌદ શાખા ધરાવતું બે ફૂટ ઊંચાઈનું આ કાંસાનું ૧૭મી સદીનું શિલ્પ જેટલું સાદું છે એટલું જ સુંદર પણ છે. એના મૂળ પાસે વાનર-મુખી બે માનવઆકૃતિઓ, ત્રીજી શાખા જ્યાંથી ફૂટે છે ત્યાં કમળ-સૂર્ય આકારનું ચક્ર અને એની ઉપર નાગની કોતરણી છે. હાલ એ વિલિયમ રોકહિલ નેલ્સન ગૅલેરી ઑફ આર્ટ – કૅન્સાસ સિટીમાં સંગૃહીત છે અને દક્ષિણ ભારતની આ પ્રશસ્ય એવી કલાકૃતિ છે.

कुमार

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક • માર્ચ ૧૯૯૭ • વર્ષ ૭૦મું • અંક ૮૩૦

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ



ચાઈનિઝ સીમા નજીક જન્મેલો આ સાઈબીરિયન પિતાના પુત્રનો અભ્યાસ તો કાયદા અને રાજકીય અર્થશાસ્ત્રનો હતો, પણ ઉત્તરના પ્રાંતોની ખેડૂ જાતની કાયદાકીય રસમોના અભ્યાસ માટે નીમાએલી સમિતિમાં કામ કરતા ખેડૂઓનું કલાકર્મ જોતાં એનાથી આકર્ષાઈ એ કળા તરફ વળી જઈ કલાકાર તરીકે નામના પામ્યો. મોટે ભાગે એની કળા અમૂર્ત કલા રહી છે. આ ચિત્ર તેમણે ઇ. ૧૯૦૨ – ૩ દરમિયાન તૈયાર કર્યું હતું.

ચંદ્રોદય (રંગીન વૂડકટ) કલાકાર : વાસિલી કેન્ડિન્સ્કી (૧૮૬૬–૧૯૪૪)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે..
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

માર્ચ ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૦

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

અમદાવાદના એક પીઢ 'એનેસ્થેટિક સર્જન' ડૉ. ભાનુભાઈ દ્વિવેદી મારા નાનાભાઈ ડૉ. વિષ્ણુભાઈના Medical Collegeના જૂના સહાધ્યાયી હતા ત્યારથી તેઓ અમારા પરમ સ્નેહી મિત્ર બની રહ્યા છે.

તેઓ વર્ષોથી 'કુમાર'ના વાચક-ચાહક છે. 'કુમાર' વિષે વાત નીકળતાં તેમણે નીચે મુજબ જણાવ્યું :

''મારી પાસે 'કુમાર'ના પ્રથમ અંકથી માંડીને આજદિન સુધીના બધા જ અંકોની બધી જ વ્યવસ્થિત ફાઈલો છે તેમાં માત્ર ત્રણ-ચાર અંક ખૂટે છે.'' વધુમાં જણાવ્યું કે ''મારી પાસે 'કુમાર'ના પ્રથમ વરસના બાર અંકોમાંનો પ્રથમ અંક ન હતો. તેની તલાશમાં હું અમદાવાદમાં ભરાતી ગુજરીમાં અવાર-નવાર ચક્કર લગાવતો. એક વાર આ માટે જૂની ચોપડીઓ-સામયિકો વેચનાર પાસે ઊભો રહી જૂનાં સામયિકો ફંફોસતો હતો ત્યારે બાજુમાં ઊભેલા કોઈ અજાણ્યા ભાઈએ મને પૂછ્યું, 'શું શોધો છો ?' મેં કહ્યું, ' 'કુમાર'-ના પ્રથમ વરસનો પહેલો અંક !' પેલા અજાણ્યા ભાઈએ કહ્યું, 'મારી પાસે 'કુમાર'ના પહેલા વરસના એકથી બારેબાર અંકની પૂરી ફાઈલ છે. તે મારે આખેઆખી વેચવાની છે – છૂટો અંક વેચવાનો નથી.' કિંમત પૂછતાં રૂપિયા સો કહ્યા. મેં જણાવ્યું 'કબૂલ છે. ચાલો આપણે મારા સ્કૂટર પર તમારે ઘેર જઈએ.' 'કુમાર'ની પહેલા વરસની આખી ફાઈલ ખરીદી લાવ્યો. મારી પાસેની અગિયાર અંકની જે વધારાની ફાઈલ હતી તે ભાવનગરના કોઈ 'કુમાર'પ્રેમીને વિના મૂલ્યે ભેટ આપી. મારી પાસેના 'કુમાર'ના પ્રથમ અંકના પ્રથમ પાને આ પ્રસંગની તારીખ પણ નોંધી છે : ૧૧-૧૦-૧૯૭૮, બુધવાર, વિજયા દશમી. 'કુમાર' પરિવારને જાણવા જેવી 'કુમાર'ની આ ગૌરવગાથા કહેતા રોમાંચ થાય છે.'' જતાં જતાં કહેતા ગયા, 'કુમાર'ને વધુ નવા રૂપ-ઘાટ આપી તેની પ્રણાલિકા સવાઈ બનાવવા બદલ તંત્રીને અભિનંદન આપશો અને મને તેમને રૂબરૂ મળવાની ખૂબ ઇચ્છા છે, તો અનુકૂળતાએ મુલાકાત ગોઠવશો.''

- ધનુભાઈ મહેતા (અમદાવાદ)

મારી પાસે 'કુમાર'ના જૂના અંકો ૧૯૫૨થી છ-છ અંકોની પાકી બાંધણી કરી પ્લાસ્ટિકના કવર ચઢાવીને આશરે ૧૯૫૮થી ૧૯૮૦ સુધીના સારી સ્થિતિમાં છે. આ અંકોની કોઈ લાઈબ્રેરી કે જિજ્ઞાસુને જરૂર હોય તો તે વિના મૂલ્યે આપવા હું તૈયાર છું. તો નીચેના સરનામે સંપર્ક કરવો : 'શારદા-વિષ્ણુ', સી/૨, સૂર્યોદય પાર્ક સોસાયટી, ટી. બી. હૉસ્પિટલ પાછળ, ગોત્રી રોડ, વડોદરા ૩૯૦ ૦૨૧ - **ઉમાકાન્ત વિ. મહેતા** (વડોદરા)

બિહારીલાલ ટાંકનું અવસાન



'કુમાર'ના સંપાદક બિહારીલાલ ટાંકનું ગઈ ૨૭મી ફેબ્રુઆરીએ સવારે પક્ષઘાતના હુમલાથી દુખદ અવસાન થયું. એમનો જન્મ ૧૯૩૧ના એપ્રિલની ૨૪મીએ કરાંચીમાં અને ત્યાં શારદામંદિરમાં અભ્યાસ શરૂ કર્યો, પરન્તુ ભારતના ભાગલા પડતાં અમરેલીમાંથી મેટ્રિકની પરીક્ષા પસાર કરી. અભ્યાસકાળ દરમિયાન જ 'કુમાર'ના વાચનથી આકર્ષાયેલા, અને યોગાનુયોગ એ પત્ર સાથે એમને ૧૯૪૯માં જોડાવાનું બન્યું. આરંભમાં સિતારવાદન, ફોટોગ્રાફી અને ચિત્રકલાનો શોખ. પરન્તુ 'કુમાર'માં જોડાતાં એમની બધી જ સર્જનાત્મક શક્તિઓ પત્રકારત્વની નીકમાં વહેવા લાગી. વ્યાવસાયિક કલાકાર તરીકે તરુણવયે 'કુમાર'માં જોડાઈ સ્વ. બચુભાઈ રાવતની પિતૃતુલ્ય છાયામાં પોતાનું સકલ ધરી દેનાર બિહારીલાલ ઓછાબોલા, સંકોચશીલ, સંયમશીલ અને ચારિત્ર્યવાન યુવાનમાંથી બચુભાઈની સ્નેહછાયામાં વિકસતા ગયા અને ઈ.સ. ૧૯૬૮માં ઉપતંત્રીપદે પહોંચ્યા. ઈ.સ. ૧૯૮૦માં બચુભાઈનું અવસાન થતા એમને 'કુમાર'નું તંત્રીપદ સંભાળ્યું. ૧૯૮૭માં 'કુમાર'નું પ્રકાશન સ્થગિત કરવું પડ્યું અને બિહારીભાઈ 'ગરવી ગુજરાત' સાપ્તાહિકમાં સેવાઓ આપવા લંડન ગયા, પણ ત્યાં બહુ ગોઠ્યું નહિ અને ૧૯૯૦માં 'કુમાર' પુનઃ શરૂ થતા તેમાં સંપાદકપદે જોડાયા. 'વીજળીની કથા' એમની સુવાચ્ય અનુવાદ પુસ્તિકા છે. એક સત્ર દરમિયાન તેઓ ગુજરાતી ફિલ્મોને મનોરંજન-કર મુક્તિ માટેની સમિતિમાં ગુજરાત સરકાર નિયુક્ત સભ્ય તરીકે પણ સેવાઓ આપી હતી. આ માસિકની તડકીછાંયડીમાં બિહારીલાલ હંમેશાં એના પડખે જ રહ્યા. એની સજાવટમાં એમની સૂઝશક્તિનો પૂરો લાભ મળ્યો છે. એમનું નિરાભિમાની અને નિરુપદ્રવી વ્યક્તિત્વ તથા સન્નિષ્ઠ કર્તવ્યબુદ્ધિ 'કુમાર' માસિકના તન્ત્રવાહકોને સદા સ્મરણીય રહેશે. સ્વભાવે અલગારી કલાકાર જેવા, પણ જવાબદારીમાં કદીય પાછી પાની ન કરે તેવા. આમ, લગભગ અર્ધી સદીની એમની નિસ્વાર્થ અને નિષ્ઠાપૂર્ણ 'કુમાર'સેવા અનન્ય છે. સદ્‌ગતના આત્માને સુદીર્ઘ શાન્તિ હો એવી શ્રદ્ધાંજલિ. **- તંત્રી**

ભૂલા પડ્યા / 'પ્રણય' જામનગરી
(ગઝલ)

બાગમાં, કળીઓ મહીં ભૂલા પડ્યા,
શબ્દની ગલીઓ મહીં ભૂલા પડ્યા.

હોય છે વહેવું જ મોટી ચીજ અહીં,
આપણે નદીઓ મહીં ભૂલા પડ્યા.

એક વીતેલી જ ક્ષણને શોધવા,
આપણે સદીઓ મહીં ભૂલા પડ્યા.

આખરે તો હું 'પ્રણય' એકલ રહ્યો,
લોક તો છબીઓ મહીં ભૂલા પડ્યા.

અવળો એકડો / જગદીશ ત્રિવેદી
(પૃથ્વી • સૉનેટ)

નવેસરથી આપણે ફરીથી એકડો ઘૂંટીએ,
નવેસરથી ચાલને જીવન આપણે જીવીએ,
કર્યા સરળ એકડા સવળ આજ સુધી ઘૂંટ્યા –
હવે રમત માંડીએ અવળ એકડા ઘૂંટવા !
પથેપથ ફરી વળ્યા ચરણ પૃથ્વી-અંકાયલા,
શકાય નીરખી બધું નીરખ્યું ચર્મનાં ચક્ષુએ,
અનેક રસફૂલડે ભ્રમર જીભના ગુંજર્યા !

નવેસરથી ચાલને અવળ ખેલ આરંભીએ –
વિના ચરણ આપણે પવન-પંથ હંકારીએ,
હવે ગગન પારનાં ગગનમાં જઈ ઊડીએ,
સુધા અજબ દેશની શ્રવણથી જ ચાખી હતી –
ચલોજી રસના વિના અમલ અમૃતો પીજીએ !

હવે વગર પાટીપેન વળી પોથીબોથી વિના
નવેસરથી માંડીએ અવળ એકડો ઘૂંટવા !

જરૂરી છે / યોગેશ પંડ્યા
(ગઝલ)

કશું પણ પામતાં પહેલાં કશું ખોવું જરૂરી છે;
અને આ જિંદગીમાં દર્દનું હોવું જરૂરી છે.

નિસાસાઓ ફક્ત કાફી નથી હોતા ઝુરાપામાં,
મલાજો પાળવા થોડુંઘણું રોવું જરૂરી છે.

દિલાસો આપવા બે-પાંચ શબ્દોથી નહીં ચાલે –
ખરેખર દોસ્ત ! તેનાં આંસુને લ્હોવું જરૂરી છે.

ફક્ત તારા અડકવાથી નથી છીપતી તરસ મારી,
તમારી આંખમાં પણ પ્યાસનું હોવું જરૂરી છે.

પ્રણયરંગે ફક્ત કાફી નથી ભીંજાવવું દિલને –
હૃદયને, આંખ કેરા નીરથી ધોવું જરૂરી છે.

દ્વારકાધીશને / જગદીશ વ્યાસ
(ગાન)

તારે જબરી મજા !
હું છું અડધો નાગો, તારે છપ્પન ગજની ધજા !

તારે ભીડ પડી ત્યારે તું મથુરા મૂકી નાઠો,
અટક્યો અંતે ત્યાં જઈને જ્યાં આવ્યો દરિયાકાંઠો;
મારે તો હું જ્યાં છું ત્યાં ને ત્યાં રહેવાની સજા !

નહીં દ્વારકાનો કેવળ તું આખા જગનો ધણી,
જગા એટલી નહિ મારે કે મૂકું સોયની અણી;
કેવો તું છે રાજા, હું છું કેવી તારી પ્રજા !

ગાંધીપ્રેર્યાં જીવનમૂલ્યોને આત્મસાત્ કરીને આદર્શ લોકસેવકનું જીવન જીવનાર અને સમાજને સર્વસ્વ અર્પણ કરી સાદગીભર્યું અને અનાસક્ત કર્મઠ તપસ્વી જેવું આયખું ગાળનાર.



બબલભાઈ મહેતા

— ડૉ. નરોત્તમ વાળંદ —

બબલભાઈના પૂર્વજો સૌરાષ્ટ્રમાં આવેલા સાયલા ગામના વતની. તેઓ વંશપરંપરાથી સાયલાના દેશી રજવાડાના રાજકુટુંબમાં જોષ જોવાનું કામ કરતા. બબલભાઈની જન્મસાલ ઓગણીસ સો ને દસ, મહિનો દસમો અને તારીખ પણ દસમી એટલે કે ૧૯૧૦ના ઑક્ટોબરની ૧૦મીએ તેઓ જન્મેલા. તેમની માતાએ જોડિયાં બાળકોને જન્મ આપેલો, પરંતુ એમાંનું એક બાળક જન્મતાં જ મૃત્યુ પામ્યું ને બીજું બાળક જીવી ગયું. તે જ બબલભાઈ. ચાર ભાઈઓ અને બે બહેનોમાં બબલભાઈ સૌથી નાના.

બબલભાઈ એક વર્ષના થયા તે પહેલાં પિતાજી પ્રાણજીવનદાસ પ્રાણત્યાગ કરી ગયા. તે પછી કુટુંબ ધ્રાંગધ્રા રાજ્યની રાજધાની ગણાતા હળવદ ગામે રહેવા આવ્યું. એ ગામમાં બ્રાહ્મણોનાં બારસો કુટુંબ હતાં ને મોટે ભાગે તેઓ ખેતી કરતાં હતાં.

નાનપણમાં જ પિતા ગુમાવ્યા એટલે સ્વાભાવિક રીતે જ, બબલભાઈ પર માતાનો પ્રભાવ વિશેષ રહ્યો. બા અભણ હતી પણ ભક્તિભાવ ધરાવતી હતી. તે કામઢી અને કરકસરવાળી પણ ખરી. બાને ઘરકામમાં મદદ કરવાનું આ નાનકા બબલને બહુ ગમતું. બા પાણી ભરવા જાય ત્યારે પોતે માથે ઘડો લઈને પાણી ભરાવે. બા ઘંટીએ બેસે ત્યારે તે સામે બેસીને દળાવે. બા વાસણ માંજે ત્યારે પોતે ધોવડાવે. બા વાર્તા કહે અને ગીતો પણ ગાય તે નાનકો બબલ ધ્યાનથી સાંભળે. આગળ જતાં સ્વચ્છતા, સુઘડતા, કરકસર, ઉદ્યોગપરાયણ વગેરે ગુણો મા પાસેથી જ મળ્યા.

મોટા ભાઈ મયાશંકર માટે બબલભાઈને પહેલેથી જ પ્રેમ અને આદર હતો. તેઓ મુંબઈ નોકરી કરતા હતા. મુંબઈથી તેઓ ઘરે આવે ત્યારે નાનકા ભાઈ માટે ખાવાનું અને નવીનવાઈની ચીજવસ્તુઓ લાવે. તેઓ આદર્શ વિદ્યાર્થીની વાતો કરતાં કરતાં કેવા થવું તેની કલ્પનાઓ આપે ને ભણતરનો ઉત્સાહ વધારે. એક વાર મોટાભાઈ મુંબઈથી એક મોટું બંડલ લાવ્યા. નાના ભાઈએ ખોલ્યું તો તેમાંથી જાતજાતનાં પુસ્તકો નીકળી આવ્યાં. એમાં જગતના મહાપુરુષોનાં જીવનચરિત્રો હતાં : મહાત્મા તૉલ્સતૉય, રાજા રામમોહનરાય, ટૉમસ આલ્વા ઍડિસન, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, નેપોલિયન બોનાપાર્ટ અને એવાં બીજાં મળીને ૨૫-૩૦ જેટલાં એ પુસ્તકો હતાં. બબલભાઈને તો જાણે જાદુઈ ખજાનો મળી ગયો. એનું આકંઠ વાચન કરીને પોતે પ્રભાવિત થઈ ગયા. મહાપુરુષોનાં ચરિત્રોની છાપ એમના પર ઊંડી અસર કરી ગઈ અને તેમનું જીવનભાથું બની ગઈ.

પોતે માધ્યમિક છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે કોઈ ખાદીધારી નેતાનું ભાષણ ગોઠવાયું. તેમણે જલિયાનવાલા બાગના અત્યાચારનો પ્રસંગ વર્ણવ્યો. એ સાંભળીને બબલભાઈને અંગ્રેજ સરકાર માટે ઘૃણા પેદા થઈ. ભાષણ પછી વિદેશી કાપડની હોળી કરવામાં આવી. બબલભાઈએ પોતાની મોતી ભરેલી મખમલની વિલાયતી ટોપી આપી દીધી અને તે પછી ખાદી પહેરવાનો નિશ્ચય કર્યો.

મૅટ્રિક પાસ થઈ ગયા પછી બબલભાઈ ડૉક્ટર થવા માગતા હતા, પરંતુ મોટાભાઈએ કહ્યું : 'તું હવે ભણવાનું છોડી દે અને કોઈ નોકરી શોધી લે, તો કુટુંબનો ભાર હળવો થાય.' બબલભાઈએ પોતાનો ખર્ચ કુટુંબ પર નહીં પડવા દેવાનું કહી ભણતરના ખર્ચનો બોજો જાતે ઉઠાવી લેવાની ખાતરી આપી એટલે મોટાભાઈએ આગળ ભણવાની રજા આપી. બબલભાઈએ કરાંચીની કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને મેયરને મળીને કૉલેજની

ફી માફ કરાવી. તેમણે ઓળખીતા મિત્રો પાસેથી જૂનાં પુસ્તકો ઉછીનાં લીધાં. સાથે શાળાના બે વિદ્યાર્થીઓનાં ટ્યુશન રાખ્યાં, એમાંથી માસિક રૂપિયા ૩૫ની આવક થવા લાગી. આમ, તેમનો અભ્યાસ આગળ ચાલ્યો. આમ છતાં કૉલેજિયન બબલભાઈનું મન ખિન્ન રહેવા લાગ્યું. કૉલેજના જીવન અને વાતાવરણનો ગામડાના ગરીબ લોકોના વાસ્તવિક જીવન સાથે કોઈ મેળ બેસતો નહોતો. એ અરસામાં તેમણે 'કાલેલકરના લેખો'નું પુસ્તક વાંચ્યું અને મનમાં ઝબકારો થયો. પછી તો કાકાસાહેબ સાથે તેમણે પત્રવ્યવહાર કર્યો. છેવટે તેમણે ગ્રામસેવા માટે કરાંચી છોડ્યું અને અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા.

અહીં તેમને રાષ્ટ્રિય શાળાના કર્તવ્યપરાયણ શિક્ષકો દ્વારા ઉત્તમ કેળવણી પ્રાપ્ત થઈ. દરરોજ આઠ કલાક પરિશ્રમ કરીને તેમણે રોજી મેળવવા માંડી અને ફાજલ સમયમાં સ્વાધ્યાય ચાલતો રહ્યો. કાંતવા, વણવા અને પીંજવાનું કામ પણ તેમણે શીખી લીધું. આ સમયમાં ગાંધીજીનું 'ગામડાંની વહારે' પુસ્તક તેમણે વાંચ્યું અને ગ્રામસેવાનો આબેહૂબ ખ્યાલ આપનારા આ પુસ્તકની તેમના મન પર ઘેરી અસર પડી. ગામડાંની સેવા કરવા માટે તેમનું મન થનગની રહ્યું.

કાકાસાહેબે 'ગ્રામસેવક વિદ્યાલય'નો બે વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કર્યો હતો. તેની તાલીમ પામેલા ગ્રામસેવકો ગામડાંઓમાં દટાઈ જાય તેવી ભાવના તેમાં હતી. બબલભાઈ સંયોગવશાત્ એ તાલીમ વર્ગમાં જોડાઈ ન શક્યા, પરંતુ ગ્રામસેવક તો બની શક્યા. આમ, વિદ્યાપીઠની તાલીમને પ્રતાપે તેમનું જીવન એક નવી જ દિશામાં ફંટાઈ ગયું.

પછી તો ૧૯૩૦ની લડત અને બબલભાઈએ તેમાં ઝુકાવ્યું. તેમને વિસાપુર જેલમાં બે વર્ષની સજા થઈ. એક સત્યાગ્રહી કેદી તરીકે તેમનો એ સાધનાકાળ હતો. આ સમયે લગ્ન કરી લેવા માટે બાએ બબલભાઈ પર ભારે દબાણ કર્યું, પણ તેમણે ચોખ્ખી ના પાડી.

ત્યાર બાદ બબલભાઈ સાબરમતી આશ્રમમાં બાપુના પરિચયમાં આવ્યા. ઐતિહાસિક દાંડીકૂચની યાત્રાના પ્રસંગે તેમની ઇચ્છા બાપુની સાથે જોડાવાની હતી, પરંતુ તેઓ આશ્રમવાસી ન હોવાને કારણે યાત્રામાં સામેલ થઈ શક્યા નહીં. આમ છતાં, સત્યાગ્રહીઓની સરભરા માટેની ટુકડીમાં તેમનો સમાવેશ થયો. એ રીતે દાંડીકૂચનો તેમને પરોક્ષ લાભ મળ્યો.

એવામાં કરાંચીમાં સત્યાગ્રહીઓ પર ગોળીબાર થયાના સમાચાર આવ્યા. પાંચ સત્યાગ્રહીઓની ટુકડી ત્યાં જવા તૈયાર થઈ, તેમાં બબલભાઈ જોડાયા. તા. ૨૪-૩-૩૦ના રોજ દરિયામાર્ગે કરાંચી પહોંચીને તેમણે બાપુના વિવિધ કાર્યક્રમોનો સંદેશ આપીને ત્યાંની પ્રજામાં જાગૃતિ આણી. એટલું પતાવીને તેઓ પાછા આવ્યા અને મહેમદાવાદની સત્યાગ્રહીઓની છાવણીની આગેવાની લીધી. તા. ૪-૭-'૩૦ના રોજ પોલીસે તેમની ધરપકડ કરીને સાબરમતી જેલમાં અને ત્યાંથી યરવડાની જેલમાં મોકલી આપ્યા. ચાર માસ પછી તેમનો છુટકારો થયો. છ મહિના બાદ તા. ૧-૧-૩૧ના રોજ 'ડિપોર્ટેશન ઍક્ટ'નો ભંગ કરવા બદલ વિરમગામ સ્ટેશનેથી બબલભાઈને પકડવામાં આવ્યા. તેમને ત્રણ મહિના સાબરમતી જેલમાં રાખીને સરકારે છોડી મૂક્યા.

જેલમાંથી છૂટ્યા બાદ બબલભાઈ પાછા વિદ્યાપીઠમાં આવી ગયા. એક વાર સાબરમતીના તટ પર મોટી સભા ભરાઈ હતી. બબલભાઈ એ સભામાં ગયા. દસેક સ્વયંસેવકોની ટુકડી રાષ્ટ્રધ્વજ સાથે આગળ વધી રહી હતી, ત્યાં તો પોલીસ તેમના પર તૂટી પડી અને ધ્વજ ઝૂંટવવા પ્રયત્ન કરવા લાગી. એક બાજુ પોલીસની સોટીઓ ધડાધડ પડતી હતી ને બીજી બાજુ સ્વયંસેવકો બરડા પર સોટીઓનો પ્રહાર ઝીલતા હતા ને મક્કમપણે ધ્વજને વળગી રહ્યા હતા. આ દૃશ્ય જોતાં જ બબલભાઈનું લોહી ઊકળી આવ્યું અને તેઓ સ્વયંસેવકોની ઢાલ બનવા કૂદી પડ્યા. પોલીસની સીસાના ગઠ્ઠાવાળી એક લાકડી બબલભાઈને માથામાં વાગી. તેઓ લોહીલુહાણ થઈ ગયા ને તેમનું પહેરણ લોહીથી તરબોળ થઈ ગયું. તેઓ બેભાન થઈને ઢળી પડ્યા. તાત્કાલિક તેમને હૉસ્પિટલ લઈ જવાયા.

સત્યાગ્રહની ચળવળ ચાલુ હતી તે દરમિયાન ખેડા જિલ્લાની પત્રિકા ચલાવવાનું કામ બબલભાઈને માથે આવ્યું. પત્રિકાઓમાં સત્યાગ્રહનો સિલસિલાબંધ ઇતિહાસ છપાતો અને હજારો પત્રિકાઓ નિયમિત રીતે ગામડાંઓના ખૂણે ખૂણે વહેંચાઈ જતી. એ વખતે પ્રજાનો જુસ્સો ઘણો હતો. પત્રિકા વહેંચતાં બોરસદ તાલુકાના આમોદ ગામે બબલભાઈની ધરપકડ થઈ અને તેમને બે વર્ષની જેલ અને ત્રણસો રૂપિયાના દંડની સજા થઈ. જેલમાં તેઓ આદર્શ કેદી તરીકે રહ્યા. જેલના કેદીઓનાં મળમૂત્ર દાટવા માટે જેલની બહાર ખાડા ખોદવામાં આવતા. બબલભાઈએ રોજ ચાર કલાકનો શ્રમ કરીને સ્ફૂર્તિથી ખોદકામ પાર પાડ્યું. વળી, બીમાર કેદીઓની સારવાર અર્થે પણ તેમણે સેવા આપી.

બબલભાઈ જેલમાંથી છૂટ્યા બાદ કાકાસાહેબે તેમને પોતાના મંત્રી થવા માટેની દરખાસ્ત મૂકી, પણ તેમને તો ગ્રામસેવા જ કરવી હતી એટલે સવિનય ના પાડી. સેવા માટે તેઓ એવું ગામ પસંદ કરવા ઇચ્છતા હતા કે જ્યાં રેલવે સ્ટેશન ના હોય ને ત્યાંની પ્રજા ગરીબી, અજ્ઞાન અને વહેમો વચ્ચે જીવતી હોય. છેવટે ખેડા જિલ્લાનું માસરા ગામ પસંદ થયું. ત્યાં નિશાળ પણ નહોતી ને ગામ વચ્ચે દારૂનું પીઠું હતું. આવા સંયોગોમાં તેમણે સેવાયજ્ઞ આરંભ્યો. તેમણે પ્રૌઢશિક્ષણના વર્ગો

શરૂ કર્યા, લોકોને સ્વચ્છતા તરફ અભિમુખ બનાવ્યા તથા સમૂહ પ્રાર્થના, વાર્તાકથન અને ભીંતપત્રો દ્વારા લોકશિક્ષણ આપવા માંડ્યું. ત્યાં સુધી બધું બરાબર ચાલ્યું, પરંતુ હરિજનોની સેવા કરવાની બાબતે ગામલોકોએ ઉગ્ર વિરોધ કર્યો. લોકલાગણી એટલી હદે ઉશ્કેરાઈ કે તેમના ઘરને ફૂંકી મારવાની અને તેમને મારી નાખવાની ધમકી અપાઈ; પરંતુ બબલભાઈ એમ હારી ગયા નહીં. રોજ ઘરની ઓસરીમાં સૂનાર બબલભાઈએ હવે પછી આંગણામાં ખાટલો ઢાળીને સૂવાનું શરૂ કર્યું. એમની ઠંડી તાકાત અને નીડરતા આગળ લોકો ઝૂકી ગયા અને સદ્ભાવનું વાતાવરણ પ્રકટ્યું. પછી તો એમના સેવાયજ્ઞની ફલશ્રુતિરૂપે ગામમાં શાળા શરૂ થઈ, લોકો વ્યસનમાંથી છૂટ્યા, દેવું ઘટ્યું ને વહેમમાંથી બહાર નીકળ્યા.

૧૯૩૭માં ભારતને સાંસ્થાનિક સ્વરાજ મળ્યું. પાયાની કેળવણીનો પ્રયોગ ક્યાં શરૂ કરવો તેની વિચારણા કરવા ગાંધીજીએ વર્ધામાં એક સંમેલન યોજ્યું. ત્યાં બબલભાઈએ થામણા ગામ સૂચવ્યું. ગાંધીજીએ તેમના પર પસંદગી ઉતારી અને બબલભાઈને કાર્યભાર સોંપ્યો. તેથી બબલભાઈ થામણા આવીને રહ્યા. ત્યાં બાલવાડી, શાળા, ઉદ્યોગકેન્દ્ર, મંદિર, દવાખાનું, પ્રસૂતિગૃહ, પુસ્તકાલય, ક્રીડાંગણ, ગ્રામસફાઈ, રેંટિયાપ્રવૃત્તિ, વિવિધ પર્વોની ઉજવણી, ખેતીસુધારણા, પશુપાલન, ભૂદાનયજ્ઞ, પ્રવાસપર્યટન, રાત્રિ છાત્રાલય, શ્રમશિબિર - એ બધા ભરચક કાર્યક્રમોમાં બબલભાઈ ડૂબી ગયા. તેમની પ્રવૃત્તિઓની ચોતરફ પ્રશંસા થવા લાગી. કેળવણી પ્રધાન ખેરસાહેબ, મોરારજીભાઈ- દેસાઈ, વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુનશી, આચાર્ય કૃપલાની, કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજ અને જુગતરામ દવે જેવા અનેક દેશસેવકોની મુલાકાતો અને પ્રવચનો યોજાવા લાગ્યાં. થામણાનાં વધામણાં વધી ગયાં. ગામની સિકલ બદલાઈ ગઈ અને ગુજરાતના નકશા પર તેનું સ્થાન ઊપસી આવ્યું.

૧૯૪૨માં સ્વરાજની લડત શરૂ થઈ. ગાંધીજી અને અન્ય દેશનેતાઓની ધરપકડ થઈ અને તેમને જેલમાં ધકેલવામાં આવ્યા. બબલભાઈને પણ છ માસની જેલની સજા થઈ. જેલમાંથી છૂટીને તેઓ 'ગુજરાત નયી તાલીમ સંઘ'ના લોકશિક્ષણ અંગેના કામને વધુ વ્યવસ્થિત કરવાના કાર્યમાં જોડાઈ ગયા.

તા. ૧૦-૧૦-૧૯૬૦ના દિવસે બબલભાઈને પચાસ વરસ પૂરાં થતાં હતાં એ નિમિત્તે થામણાના ગ્રામજનોએ રૂપિયા અઢાર હજાર એકત્ર કરીને તેમને થેલી અર્પણ કરી. એ રકમમાંથી ગામમાં બાલવાડી શરૂ કરવામાં આવી.

બબલભાઈ વ્યાપક લોકકેળવણીના ક્ષેત્રમાં કાર્ય કરતા હતા, તેથી ગુજરાતના તત્કાલીન ગવર્નર અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રીમન્નારાયણે તેમની સેનેટ સભ્ય તરીકે નિમણૂક કરી. એ વખતે કોલેજોમાં રાષ્ટ્રિય સેવાયોજના શરૂ થઈ હતી. એનાં શિબિરોમાં માર્ગદર્શન આપવાનું કાર્ય બબલભાઈએ ઉપાડી લીધું. પછી તો સરદાર પટેલ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ તેમને સલાહકાર સમિતિમાં લીધા. એ નિમિત્તે શ્રમશિબિરોમાં કૉલેજના વિદ્યાર્થીઓને મળવાનું થયું.

બબલભાઈએ જુવાનીનો મોટો ભાગ થામણા ગામમાં ગાળ્યો. તેમણે પોતાનું કુટુંબ છોડ્યું, પરંતુ થામણા ગામ તેમનું વિશાળ કુટુંબ બન્યું. ગામલોકોએ તેમને નિવાસસ્થાન બાંધી આપ્યું. દર વર્ષે નવા વરસના દિવસે ગામલોકો તેમને બસો-અઢીસો રૂપિયા જેટલી રકમ હાથખર્ચી માટે આપતા. બબલભાઈએ ૨૭ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. તેનો પુરસ્કાર તેમજ ઇનામની રકમ તેમને મળતી હતી. કેટલાંક સામયિકોમાં તેઓ લેખો લખતા તેમ જ આકાશવાણી પર વાર્તાલાપ આપતા તે રકમ પણ તેમને મળતી. આ બધું થઈને એકઠી થયેલી રૂ. ૪૯,૫૦૦/-ની રકમ વ્યાજે મૂકવામાં આવી. એ વ્યાજમાંની અર્ધી રકમ બબલભાઈના નિભાવ માટે અને બાકીની અર્ધી રકમ નિરાધાર લોકોની સહાય અર્થે વપરાય અને પોતાના મૃત્યુ બાદ તમામ રકમનું વ્યાજ વિદ્યોત્તેજક પ્રવૃત્તિ માટે વપરાય તેવું વસિયતનામું બબલભાઈએ તા. ૫-૧-૧૯૮૧ના રોજ તૈયાર કર્યું હતું. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ સ્વાતંત્ર્યસેનાની તરીકેનું પેન્શન લેવા માટે કલેક્ટરે તેમને ફૉર્મ ભરીને મોકલી આપેલું, પરંતુ દેશસેવાની પ્રવૃત્તિને વટાવી ખાવાની બબલભાઈની ઇચ્છા નહોતી, તેથી તેમણે પેન્શનનો સ્વીકાર કર્યો નહીં.

'મંગળ પ્રભાત' અને 'અનાસક્તિ યોગ'નું નિયમિત વાચન બબલભાઈને જીવનમાં અખૂટ આસ્થા અને પ્રેરણા પૂરી પાડતું હતું. સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના જીવનમાંથી તેઓ 'જનસેવા એ જ પ્રભુસેવા'નો દિવ્ય મંત્ર શીખ્યા હતા, તે તેમના જીવનનો આધારસ્તંભ બની રહ્યો હતો. તેમણે કોઈ પણ પ્રકારના પદ કે હોદ્દાનો કદી મોહ રાખ્યો નહોતો. એમણે પોતે ન તો કોઈ સંસ્થા સ્થાપી કે ન તો કોઈ સંપ્રદાય કે વાદ શરૂ કર્યો. અનાસક્ત ભાવે તેમણે શાશ્વત કર્તવ્યયજ્ઞ ચાલુ રાખ્યો હતો. ગાંધીજી, સરદાર અને નેહરુ જેવા સૂર્ય-ચંદ્ર સમા મહાન દેશનેતાઓની સરખામણીમાં બબલભાઈ એક નાનકડું ટમટમતું કોડિયું જ ગણાય. છતાં આઝાદીના અરુણોદય પૂર્વેના ઘોર અંધકારમાં એ કોડિયાએ અજાણ્યા ગ્રામસમાજમાં જે પ્રકાશ પાથર્યો છે તેનું મૂલ્ય જરાય ઓછું નથી.

તા. ૨૭-૯-૧૯૮૧ના રોજ બબલભાઈનું અવસાન થયું ત્યારે આપણે ગાંધીયુગનો એક કર્મઠ તપસ્વી અને સાચો વૈષ્ણવજન ગુમાવ્યો. □

એક ટૂંકી મુસાફરી

— મુનિકુમાર પંડ્યા —

'અરે ? આ તો ચંપા ! ચંપા તું !'

મારા મોંમાંથી ઉદ્‌ગાર નીકળતાં નીકળતાં રહી ગયો. ખરે જ બસમાં ચડનાર એ યુવતી ચંપા જેવી જ લાગતી હતી. વય પણ એવડી જ, વીસેક વર્ષની હશે. સહેજ શામળો વાન. હસમુખી આંખો. ઝીણું નાક. જોતાં જ ચંપા હોવાનો ભ્રમ મને ખુદ ચંપાના બાપને જ થયો ત્યારે બીજું કોઈ તો જરૂર ભુલાવામાં પડી જાય.

હા, ચંપા એટલે મારી દીકરી. ચંપા અને દિલીપ મારાં બે સંતાનો. દિલીપ મોટો અને ચંપા એનાથી બે વર્ષ નાની. કોણ જાણે કેમ પણ મને દિલીપના જન્મ વખતે આનંદ થયો હતો એના કરતાં ચંપાના જન્મ વખતે વધારે આનંદ થયો હતો. નાનપણથી જ એ મારી હેવાઈ થઈ ગઈ હતી. રાત્રે મારા ભેગી જ સૂઈ જાય. હું જ એને નવરાવું, પાઉડર છાંટું, કપડાં પહેરાવું, તૈયાર કરીને મારી જોડે જ જમવા બેસાડું.

નાહેલી, ધોએલી, પાઉડર છાંટી, સફેદ ઝીકઝાકવાળું ખૂલતું ફ્રોક પહેરેલી ચંપા નાનકડી પરી-શી ભાસતી એ વેળાએ.

સાંજે ઓફિસેથી હું ઘરે આવું ત્યારે ઓટલા પર લાંબા પગ કરીને ઢીંગલી લઈને રમતી ચંપા મને આવતો ભાળીને થનગન થનગન કરતીકને સામે દોડી આવે. હાથમાંની ઢીંગલી મને આપતાં કહે, 'પપ્પા, હવે તમે આને તેડો. ક્યારની પપ્પા પપ્પા કરતી'તી એ.'

'કોણ પપ્પા કરતું'તું બેટા ?'

'આ ઢીંગલી જ તો. જુઓને ?'

હસીને હું ઢીંગલી સાથે ચંપાને તેડી લેતો. પોતાના નાનકડા હાથ મારા ગળાની આસપાસ તે વીંટાળી દેતી. મારા ગાલ સાથે પોતાનું નાનકડું નાક ઘસીને અકારણ હસી પડતી.

એક વાર મારે બાજુના નાનકડા ગામે ડિસ્ટ્રિક્ટમાં જવાનું હતું. મેં ઘરમાં કહ્યું, 'હું ડિસ્ટ્રિક્ટમાં જાઉં છું. પાછા આવતાં મોડું થઈ જશે. રાત પડી જશે. ચિંતા ન કરશો.'

'પપ્પા, હું તમારી સાથે આવું ?' મારી પત્નીની પાસે ઊભેલી ચંપા બોલી.

'ના બેટા, ત્યાં તારાથી ન અવાય. હું તારા માટે પેપરમિન્ટ લેતો આવીશ, હોં !'

'નહીં... પેપરમિન્ટ નહીં.' નાનકડો દેહ નકારમાં આમતેમ હલાવતાં ચંપા બોલી, 'પણ છેને તે પપ્પા, તમે એક હાથી લેતા આવજો. સાવ સાચુકલો હાથી. એકદમ સાચો હાથી.'

'ભલે હોં' કહીને હું ડિસ્ટ્રિક્ટમાં જવા રવાનો થયો.

પાછા આવતાં મારે ઠીકઠીક મોડું થઈ ગયું. રાત ક્યારની પડી ગઈ હતી. ચંપા સૂઈ ગયેલી. હાથમોં ધોઈને હું જમવા બેઠો. જમતાં જમતાં પત્નીએ ચંપાની વાત કરતાં કહ્યું :

"ચંપા બાલમંદિરેથી ત્રણ વાગ્યે આવી. આવીને મને તરત પૂછ્યું, 'મમ્મી રાત પડી ગઈ ?' મેં એને સમજાવી 'દીવાબત્તી થાય ત્યારે રાત પડી કહેવાય, દીકરા.'

તો મને એ કહે, 'મમ્મી, દીવાબત્તી કરને એટલે રાત પડે !' નહીં નહીં તોય સાંજ સુધીમાં આઠથી દસ વખત મને પૂછ્યા કર્યું અને સાંજે તો 'મારે પપ્પા પાસે ડિસ્ટ્રિક્ટમાં જવું છે. મને ડિસ્ટ્રિક્ટમાં લઈ જા' કહીને ધમાલ ધમાલ કરી મૂકી. "પપ્પા મારી વગર રોતા હશે' કહીને રડવા માંડી એ તો. મેં માંડમાંડ એને સમજાવી ફોસલાવી વાળુ કરાવ્યું ને સુવાડી દીધી છે. ઊંઘી ગઈ છે."

નાગડકામાં ઓફિસનું કામ કરતાં મને ચંપા યાદ તો આવી જતી.

'પપ્પા મને તેડી લ્યોને !' ઊંઘતી ચંપાનો અવાજ પથારીમાંથી આવ્યો.

જમી-પરવારીને હું ઊંઘી રહેલી ચંપા પાસે જઈને બેઠો. એના માથા ઉપર હાથ ફેરવવા લાગ્યો. ઘસઘસાટ ઊંઘતી ચંપાનો કોમળ હાથ મારા ઉપર દબાયો. એના ઊંઘતા મોં ઉપર મારા પરનો વિશ્વાસ તરવરતો હતો. મારી હૂંફનો એને થતો અનુભવ હું વરતી ગયો.

મોડે સુધી હું એના માથે હાથ ફેરવતો રહ્યો.

...એક નાના ગામ પાસે બસ આવીને ઊભી રહી. બે-ચાર પેસેન્જરો બસમાં ચડ્યા એમાં બાળક તેડેલી એક બાઈ પણ હતી. પેલી ચંપા-શી યુવતી પાસે ખાલી પડેલી જગ્યાએ તે બેસી ગઈ. થોડી વારે તે ઊભી થઈ હાથમાંની થેલી ઉપરની છાજલીએ મૂકતી હતી. પેલી યુવતીએ એના બાળકને તેડી લીધેલું.

મને થયું એ યુવતી પાસેની ખાલી થયેલી જગ્યાએ જઈને હું બેસી ગયો હોત ! મારે એની સાથે વાતો કરવી હતી. પણ હવે મોડું થઈ ગયું.

પડોશમાં ઓળખીતાંઓનાં નાનાં નાનાં બાળકોને અમારા ઘરની ઓસરીમાં ભેગાં કરીને ચંપા એમની સાથે રમતી એ મને યાદ આવ્યું.

કોણ હશે આ યુવતી ? શું હશે નામ એનું ? કદાચ ચંપા નામ હોય. ક્યાં જવાની હશે એ ? મને બધું જાણવાનું મન થયું પણ એની આજુબાજુની બધી જ સીટ ઉપર પેસેન્જરો હતાં.

દોડતી બસમાં ગામ પછી ગામ પસાર થતાં રહ્યાં. તંદ્રાવસ્થામાં હું ઝોલાં ખાતો રહ્યો. વચ્ચે વચ્ચે આંખો ખૂલી જતી તો મારી નજર સીધી ચંપા પર જઈ પડતી.

પંદર વર્ષની ચંપા હાઈસ્કૂલમાં ભણતી હતી ત્યારે મેં સ્કૂટર લીધું. અગિયાર વાગ્યે હું અને ચંપા જમીને ઘરેથી નીકળી જતાં. ચંપાને હું ઑફિસે જતાં સ્કૂટર પર તેની સ્કૂલે મૂકતો જતો. 'આવજો પપ્પા' કરતીકને ચંપા હાથમાં દફ્તર લઈને દોડતી-કૂદતી વિદ્યાર્થિનીઓના સમૂહમાં ભળી જતી. એ પોતાના વર્ગમાં દાખલ થાય ત્યાં સુધી હું સ્કૂલના દરવાજા પાસે ઊભો રહેતો. મારી નજર ચંપા પર સતત મંડાયેલી રહેતી...

અરે ! આ યુવતીને પણ ગળાની પાછળ લાખું છે કે શું ? ચંપાનેય લાખું હતું. બરાબર એ જ જગ્યાએ. અધમીંચાયેલી મારી આંખો એ લાખા ઉપર ઠરી. આંચકા સાથે બસ ઊભી રહી. લાખું મોટું થતું થતું મારી આગળ આવી રહ્યું હતું ! ઊંઘટ્ટી આંખો મેં ચોળવા માંડી. યુવતીની પાછળની સીટ ઉપર બેઠેલી કાળા સાડલાવાળી એક બાઈ ઊભી થઈને મારી તરફ આગળ આવી નીચે ઊતરી ગઈ. લૌકેક જતી હશે.

બસ આગળ ચાલી.

પંદર સોળ સત્તર અઢાર... ચંપા મોટી થતી જતી હતી. ચંપા ઉંમરલાયક થતી જતી હતી. કન્યામાંથી યુવતીમાં બદલાઈ રહી હતી. એને હવે પરણાવવી પડશે. સાસરે વળાવવી પડશે. મારાથી છૂટી પડી જશે ચંપા.

'પપ્પા, મારે ક્યાંય નથી જવું. ના... આ... આ...'

હું ચમકી પડ્યો. રસોઈ કરતાં કરતાં ચંપા દાઝી ગયેલી. તેને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરવી પડે એમ હતું. આજુબાજુ રહેતા બધા માણસો મારા ઘરે ભેગા થઈ ગયા. એક જણ રિક્ષા લઈ આવ્યો.

'ના બેટા, મૂંઝાઈશ મા, હોં ! હું તારી સાથે છું ને !' મેં તેને આશ્વાસન આપ્યું.

છાતી અને પીઠ પરનો ભાગ દાઝી ગયો હતો. સાઈઠ ટકા દાઝી ગયેલી ચંપાને ડૉક્ટર તપાસી રહ્યા હતા. 'ડૉક્ટર સાહેબ, કાંઈ વાંધો નહીં આવેને !' મારા સુકાયેલા ગળામાંથી માંડમાંડ અવાજ નીકળ્યો.

ચંપાની મમ્મી રડતી હતી. દિલીપ સૂનમૂન થઈ ગયો હતો.

ડૉક્ટરે ઊંચું મોં કરી મારી સામે જોયું. 'ઓછામાં ઓછું એક મહિનો તો હૉસ્પિટલમાં રહેવું જ પડશે' - આછું બબડતાં ડૉક્ટર પાછા દર્દીની સારવારમાં પડી ગયા.

ઑફિસમાંથી રજા લઈને હું સતત હૉસ્પિટલમાં જ રહ્યો. દિલીપ અને તેની મમ્મી દરરોજ સવાર-સાંજ બે બે કલાક હૉસ્પિટલમાં આવી જતાં. ચંપાને દવા આપવી, ચા-પાણી આપવાં, તેને જમાડવી વગેરે કામ હું જ કરતો. આખો દિવસ તેની પાસે જ બેસી રહેતો. ચંપાને કપડાં બદલાવવાનું કામ નર્સ કરી જતી. તેની મમ્મી એમાં મદદ કરતી.

કોઈ વાર ઊંઘમાંથી ઝબકીને જાગી જતી ચંપા - 'પપ્પા, પપ્પા, તમે ક્યાં છો ?' પોકારી ઊઠતી. તેની મમ્મીને ચંપા ભાગ્યે જ બૂમ મારતી. પછી ભલે ને તે બાજુમાં જ હોય.

ખબર કાઢવા આવનારાં સગાં-સંબંધીઓ કહે : 'ચંપા તેના પપ્પાની હેવાઈ લાગે છે. નહીંતર બાળક હંમેશાં પોતાની મમ્મીને જ સાદ પાડે.'

એક મહિનો હૉસ્પિટલમાં રહેવું પડશે એમ ડૉક્ટરે કહેલું પણ એક મહિનો પૂરો થયો નહીં.

એ અંધારી રાતના દસનો સુમાર. તપાસવા આવેલા ડૉક્ટર માથું ધુણાવીને કાંઈ પણ બોલ્યા વિના ચાલ્યા ગયા. ચંપાના મુખ પરની શાંતિ. મારું સમસ્ત અસ્તિત્વ ત્યાં એ મુખ પર અટકીને સ્થિર બની ગયું. મારે ચંપા સાથે કાંઈ કેટલીય વાતો કરવી હતી પણ...

ટન... ટન... ઘંટડી વાગી. અને બસ ઊભી રહી. અજાણ્યા ગામનું એક ધૂળિયું બસ સ્ટૅન્ડ. પેસેન્જરો ઊતરવા લાગ્યાં. ઊતરનારાઓમાં પેલી યુવતી પણ હતી ? હા. યુવતી ઊતરીને ગામની દિશા ભણી ચાલતી થઈ. બસ ઊપડી.

આ ગામનું નામ જાણવા મેં બારી બહાર આમતેમ નજર કરી પણ ક્યાંય ગામના નામનું પાટિયું જોવા મળ્યું નહીં. કોને પૂછું. આ ગામનું નામ? કંડક્ટરને ? હિંમત ના ચાલી. ડ્રાઈવરને ? પણ એ તો બસમાં કોણ ચડ્યું કોણ બસમાંથી ઊતરી ગયું એની પરવા કર્યા વિના નિર્લેપભાવે બસ ચલાવી રહ્યો હતો.

પાદર પાસેના સ્મશાન નજીકથી બસ પસાર થઈ. મૃતદેહને ઓઢાડેલી ચૂંદડી બાવળિયા ઉપર લટકતી હતી. ધૂંધવાયેલી ચેહમાંથી ધુમાડાનો ગોટો બસની બારીમાં ધસી આવ્યો. મને ઊધરસ ચડી ખોં...ખોં...

જામનગરથી હું બસમાં બેઠો હતો. મારે નવસારી જવું હતું. નવસારી આવવાને અઢી કલાકની વાર હશે હવે. મને બ્લડ કેન્સર થયું છે. શરીરમાં રોગ વધી રહ્યો છે. ડૉક્ટરે કહ્યું છે બે-એક વર્ષ સુધી વાંધો નથી.

પછી ?

...મારું ઊતરવાનું નક્કી છે. ધીમે ધીમે સમય નજીક આવી રહ્યો છે. જેને મેં ચંપા તરીકે ઓળખી એ યુવતી ક્યાં ઊતરી ? એનું ઊતરવાનું સ્થળ એ બસમાં ચડી ત્યારનું જ નક્કી હતું. મને એની ખબર નહોતી. મારે એની સાથે વાત ન થઈ શકી.

અને એ અચાનક જ કેમ ઊતરી ગઈ ? □



રાષ્ટ્રિય ડિઝાઈન સંસ્થાન
NID

સંસ્થાપરિચય

પ્રા. સુરેશ ર. શાહ

આઝાદીના પ્રથમ દાયકામાં જ આપણા આર્થિક અને સામાજિક ધ્યેયો ઝડપથી વિસ્તરવા લાગ્યા. ઉત્પાદન ક્ષેત્રે તેમજ સમગ્ર ભારતમાં નવી હવા ઝડપથી પ્રસરવા લાગી. ભારત સરકારે અમેરિકાસ્થિત વિશ્વવિખ્યાત ડિઝાઇનર ચાર્લ્સ અને રે ઈમ્સ દંપતીને અત્રે આવી ભારતીય ઉદ્યોગોને જરૂરી ડિઝાઇનરોને તાલીમ આપવાનો કાર્યક્રમ તૈયાર કરી આપવાનું આમંત્રણ અપાયું. તેમનાં અભ્યાસ અને ભલામણોને આધારે રાષ્ટ્રિય ડિઝાઇન સંસ્થાન-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન - NIDનો જન્મ થયો. આ રાષ્ટ્રિય સંસ્થા અમદાવાદ ખાતે સ્થપાઈ તેમાં તે વેળાના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા, અમદાવાદના અગ્રણી ઉદ્યોગપતિઓ અને ખાસ કરીને ગૌતમ સારાભાઈ તથા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનનો મહત્ત્વનો ફાળો હતો. ગૌતમ સારાભાઈએ આ નવી સંસ્થાના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર પણ પ્રારંભનાં અગિયાર વર્ષો સુધી સંભાળ્યો હતો.

કેન્દ્ર સરકારે સ્વશાસિત શૈક્ષણિક સંસ્થા તરીકે આ સંસ્થાની અત્રે ૧૯૬૨માં સ્થાપના કરી. શરૂઆતથી જ સંસ્થાએ ધંધાદારી ધોરણે અન્ય સંસ્થાઓ અને સંગઠનોને જરૂરી ડિઝાઇનો કરી આપીને પોતાના ચાલુ ખર્ચા પૂરતી કમાણી કરવા માંડી. આથી તાલીમાર્થીઓને પણ ધંધાદારી કુશળતા અને અનુભવ પ્રાપ્ત થાય. અત્રે વિવિધ ઉત્પાદનોની ડિઝાઇનો, દૃષ્ટિ, શિક્ષણ વ્યવહાર, સ્થાપત્ય, શિલ્પ, નિર્માણશાસ્ત્ર અને તેને આનુષંગિક ક્ષેત્રો માટે જરૂરી ડિઝાઇનો કરવી, નવી ડિઝાઇનો વિકસાવવી અને તે અંગેનું સંશોધન કાર્ય પણ કરવામાં આવે છે. કેવળ ભારતીય કે રાષ્ટ્રિય ડિઝાઇનો જ નહીં પણ ડિઝાઇનો અંગેનું શિક્ષણ, સંશોધન અને તાલીમ આપતી આ રાષ્ટ્રિય સંસ્થા છે.

આ સંસ્થા માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને સાબરમતી નદીના પશ્ચિમ કિનારે પોતાના કબજા હેઠળની ૨૦ એકર જમીન સોંપી દીધી, સંસ્થાએ ૧૯૬૨થી તેનું કાર્ય શરૂ કર્યું. શરૂઆતમાં સંસ્કાર કેન્દ્રના એક ભાગમાં આ સંસ્થાએ પોતાનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં તેનું ધ્યાન બે મુખ્ય બાબતોમાં રોકાયું.

આ એક ચિલાગત શૈક્ષણિક સંસ્થા નહોતી કે જેના માટે જરૂરી શૈક્ષણિક સ્ટાફ અને ઉપકરણો બજારોમાંથી તરત મળી રહે. આથી જરૂર અને સુયોગ્ય સ્ટાફ મેળવી, જરૂર પડે તેમને તાલીમ અપાવી સારી ફેકલ્ટિ ઊભી કરવાનું હતું. આ માટે વિવિધ ક્ષેત્રોના તજ્જ્ઞો જેવા કે ઇજનેરી કૌશલ્યવાળા, સ્થાપત્ય-શિલ્પના તજ્જ્ઞો, વિવિધ ઉદ્યોગોનાં કુશળ ટેક્નિકલ તાલીમવાળા તજ્જ્ઞો, કલાકારો ઇત્યાદિ. બીજું કાર્ય-આ માટેનાં સંકુલનું સુવ્યવસ્થિત આયોજન કરી તેનું નિર્માણ કરવું.

રૂડકીના સ્ટ્રક્ચરલ એન્જિનીઅરિંગ રિસર્ચ સેન્ટરના

નિયામક પ્રો. રામસ્વામીએ આ સંસ્થાનાં ભવનોનાં નિર્માણમાં સલાહકાર તરીકે સેવાઓ આપવાની જવાબદારી ઉપાડી લીધી હતી. નદીકિનારે આવેલી આ જમીન ઉપર ભવનો નિર્માણ કરવાનાં હતાં - તથા સાબરમતી નદીમાં પહેલાં વારંવાર પૂરો આવતાં હતાં તેથી તેની નોંધ લેવી અતિ આવશ્યક હતું. ઈ.સ. ૧૮૭૫માં સાબરમાં આવેલા પ્રચંડ અને વિનાશકારી પૂર વેળાએ પૂરનાં પાણી આ જમીન ઉપર ૨$\frac{૧}{૨}$ મીટર પહોંચી ગયાં હતાં. આથી સંસ્થાનું ભવન થાંભલાઓ ઉપર કરવામાં આવ્યું છે. પહેલા મજલાના બાંધકામની શરૂઆત આશરે ૩$\frac{૧}{૪}$ મીટર ઊંચાઈથી કરવામાં આવી હતી. ભવનનિર્માણમાં આટલી અગમચેતી વાપરી હોવાથી ૧૯૭૩માં આવેલાં પ્રચંડ પૂર વેળાએ સંસ્થા મોટા નુકસાનમાંથી ઊગરી ગઈ હતી.

મકાનના ભોંયતળિયે આશરે ૯,૫૦૦ ચો.મીટરનો વિસ્તાર ઑફિસો કે પ્રયોગશાળાઓનાં ઉપયોગમાં નહીં લેતાં બીજાં જાહેર કાર્યો જેવાં કે વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટેના કૉમનરૂમો, કૅન્ટિન આદિ માટે વાપરવાનું વિચારાયું હતું. આ ઉપરાંત પૂરનાં પાણીથી બગડે નહીં તેવો જરૂરી કાચો માલ, લાકડાં, લોખંડ વગેરે અહીં સંગ્રહી શકાય છે.

સંસ્થાની વહીવટી ઑફિસો, બધી જ વર્કશૉપ, પ્રયોગશાળાઓ અને શોરૂમો પહેલે મજલે રાખવામાં આવ્યાં છે. મકાનના મધ્ય ભાગમાં વિવિધ ઉત્પાદક યંત્રો જેવાં કે વણાટકામનાં યંત્રો, રંગાટી કામનો વિભાગ રાખેલ છે. આ મધ્યભાગને જોડતી વિવિધ ભુજાઓ આવેલી છે. તે પ્રત્યેકમાં વિવિધ વિભાગો આવેલા છે. એક ભુજામાં સુથારીકામ, ફર્નિચર-કામ, પ્લાસ્ટિકકામ, માટીકામ (સિરામિક)ના વિભાગો આવેલા છે. બીજી એક ભુજામાં મુદ્રણાલય અને તેને અંગેના વિભાગો, ફોટોગ્રાફી વિભાગ અને સ્ટુડિઓ છે. પશ્ચિમ તરફથી ઉપલા મજલે આવેલી વર્કશૉપમાં સીધો પ્રવેશ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે ત્યાં માટી નાખીને પ્લૅટફૉર્મ ઊંચું બનાવાયું છે. શોરૂમમાં સીધા જઈ શકાય તેવો એક નાનકડો પુલ પણ શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

સૌથી ઉપરના મજલે રેખા ચિત્રણ-ડ્રાફ્ટિંગ સ્ટુડિઓ, સેમિનાર ખંડો અને વિશાળ તથા સમૃદ્ધ ગ્રંથાલય છે. બાવીસ હજારથી અધિક પુસ્તકો ધરાવતા આ ગ્રંથાલયમાં પુસ્તકો ખુલ્લા કબાટમાં ગોઠવાયેલાં છે, જેથી પુસ્તક હાથમાં લઈને જોઈ શકાય. ગ્રંથાલયનો આપ-લે વિભાગ, અધ્યયન વિભાગથી જુદો પાડેલો છે, જેથી અધ્યયનમાં ખલેલ ના પડે. ગ્રંથાલયમાંથી જ ટેરેસ ગાર્ડન તેમજ ઉત્તરે નદીનો સુંદર દેખાવ મગજને શાંતિ અને સ્ફૂર્તિ આપે છે. હવે તો અહીં 'ઇન્ટરનેટ' સુવિધા પણ વસાવવામાં આવી છે. તેના ઉપયોગની તાલીમ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આથી અત્રેના તાલીમાર્થીઓ વિશ્વભરમાંથી જરૂરી સંદર્ભ અને જાણકારી તરત જ મેળવી શકે. આમ, તેમના માટે વૈશ્વિક જાણકારીનાં દ્વારા ખુલ્લાં મુકાયાં છે.

આ મકાનમાં બધાં જ બારીબારણાં અને વિવિધ પાર્ટિશનોનાં ચોકઠાંઓ એક સરખી પહોળાઈનાં એટલે કે ૧ મીટર કે તેના ગુણકના માપના રાખેલાં છે. આથી એક મુખ્ય ફાયદો એ રહે છે કે, એક મીટરની પ્રમાણિત સાઈઝના પ્લાયવુડ, કાચ વગેરેમાં કોઈ પણ જાતનો વ્યય થતો નથી તથા એક સ્થળેથી બીજા સ્થળે ખસેડી શકાય છે. આ અહીંની આગવી વિશિષ્ટતા છે.

ઉપરના ભાગમાં છતમાં સુંદર, મનોહર અને ચિત્તાકર્ષક વક્રાકાર ઈંટોની રચના કરી છે. આથી સિમેન્ટનો બચાવ કરી શકાય. વળી, ઉનાળામાં ગરમીમાં છાપરા ઉપર પાણીનો છંટકાવ કરી શકાય તે માટે છાપરા ઉપર ફુવારાઓ ગોઠવેલા છે. શહેરના સ્થાપત્ય શિલ્પમાં ડિઝાઇન શાળાનું આ મકાન અવનવાં અને વિશિષ્ટ તત્ત્વોનો ઉમેરો કરે છે.

સંસ્થામાં ચાલતો મુખ્ય અભ્યાસક્રમ તે પાંચ વર્ષનો ગ્રેજ્યુએટ પ્રોગ્રામ છે. ધોરણ ૧૨ પાસ કરેલા વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂ લઈને આ માટે દાખલ કરાય છે. દેશભરમાંથી તેમજ પડોશના દેશના વિદ્યાર્થીઓ પણ આ માટે અત્રે આવે છે. ધંધાદારી શિક્ષણના આ અભ્યાસક્રમમાં પ્રોડક્ટ ડિઝાઇન ઇન્ડસ્ટ્રિયલ ડિઝાઇન, માટીકામ અંગેની સિરામિક ડિઝાઇન, ફર્નિચર ડિઝાઇન, વણાટકામ અંગેની ટેક્ષટાઈલ ડિઝાઇન, વસ્ત્ર ઉદ્યોગ અંગેની એપેરલ ડિઝાઇન, ચિત્રણ, મુદ્રણ અંગેની ગ્રાફિક ડિઝાઇન, વિડિયો પ્રોગ્રામિંગ અને કાર્ટૂન ચિત્ર - એનિમેશન ડિઝાઇન ઉપરાંત મુદ્રણકલા, ટાઇપોગ્રાફી, ફોટોગ્રાફી તથા ટૂંકી ફિલ્મો અંગેની અહીં તાલીમ અપાય છે.

આવી વિવિધ વ્યાવસાયિક તાલીમ આપવા માટે અહીં જરૂરી બધી જ સુવિધાઓ, વર્કશૉપ અને સ્ટુડિઓ ઊભાં કરાયાં છે. ધાતુકામ, સુથારીકામ, માટીકામ, ચર્મકામ અંગેનાં અલગ અલગ વર્કશૉપ તથા વિવિધ સ્ટુડિઓ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. ઉપરાંત હવે તો વિવિધ ડિઝાઇનો કરવા માટે કૉમ્પ્યૂટરો પણ ઉપયોગમાં લેવાય છે. સમૃદ્ધ ગ્રંથાલય અને તેમાં આવતાં દેશ-વિદેશનાં અનેકવિધ સામયિકો તથા દશ્ય-શ્રાવ્ય-ઓડિઓ-વિડિયો સાહિત્ય પણ અત્રે ઉપલબ્ધ છે અને તેનો બહોળો ઉપયોગ પણ કરાય છે.

ઇજનેરી કે સ્થાપત્યના સ્નાતકો, તેમજ વિવિધ કલાક્ષેત્રના સ્નાતકો માટે ૨$\frac{૧}{૨}$ વર્ષનો અનુસ્નાતક પ્રોગ્રામ પણ અત્રે ચલાવાય છે. ઉપરાંત ટૂંકા ગાળાના વિશિષ્ટ અભ્યાસક્રમો પણ વ્યાવસાયિકો માટે ચલાવાય છે.

આ બધા તાલીમાર્થીઓ માટે ૪૦થી અધિક અનુભવી,

નિષ્ણાત તથા દેશ-વિદેશમાં તાલીમ પામેલા ફેકલ્ટી મેમ્બરો અત્રે પૂર્ણ સમયની સેવાઓ આપે છે. આ ઉપરાંત દેશના અને વિદેશના ખ્યાતનામ ડિઝાઇનરોનો પણ મુલાકાતી તજજ્ઞો તરીકે વિદ્યાર્થીઓને લાભ મળતો રહે છે.

તાલીમના એક ભાગરૂપે વિદ્યાર્થીઓને અત્રે નાના મોટા ડિઝાઇન પ્રોજેક્ટોમાં સાંકળી લેવામાં આવે છે. કેટલાક નાના વ્યાવસાયિક પ્રોજેક્ટો વિદ્યાર્થીઓનાં નાંનાં જૂથોને સાથે મળીને તાલીમાર્થે અપાય છે. જેમ કે એક નાના જૂથને મકાનમાં અનાજની જાળવણી માટે પ્લાસ્ટિકના અનાજ ભરવાનાં પાત્રોની ડિઝાઇન કરી આપવાનું સોંપાયું હતું. બીજા એક જૂથને મુસાફરીમાં ઉપયોગી થાય તેવા પોર્ટેબલ બિસ્તાકીની ડિઝાઇન કરી આપવાનું સોપાયું હતું. માત્ર પ્રોજેક્ટોમાં ફેકલ્ટીના સભ્યો સાથે વિદ્યાર્થીઓ પણ જોડાય છે.

(૧) નેહરુજી અંગેનું પ્રદર્શન : ન્યૂયોર્કના પાર્ક એવેન્યુ ખાતે ૧૦,૦૦૦ ચો. ફુટના વિસ્તારમાં 'નેહરુનું જીવન અને તેમનું ભારત' નામક એક પ્રદર્શન અંગે સંપૂર્ણ ડિઝાઇનનું કાર્ય કેન્દ્ર સરકારે તેમને સોંપ્યું હતું. સાત માસના ટૂંકા ગાળામાં આ પ્રદર્શન ઊભું કરી આપ્યું હતું. સંસ્થાના બે કુશળ ડિઝાઇનરોએ ત્યાં જઈ આ પ્રદર્શન ઊભું કરી આપ્યું હતું. સંસ્થાના પ્રતિષ્ઠા સમાન આ પ્રદર્શન જોવા હજારો પ્રેક્ષકો ત્યાં આવતાં. પ્રદર્શનની સફળતાથી પ્રેરાઈને ત્યાંથી આ પ્રદર્શન વોશિંગ્ટન, લોસ એન્જલસ, લંડન અને પૅરિસમાં પ્રદર્શિત કરાયું અને અંતે ૧૯૭૨માં સ્વદેશ લાવી નવી દિલ્હીના પ્રદર્શન મેદાનમાં કાયમી સ્થાન અપાયું છે.

(૨) ગાંધી શતાબ્દી પ્રદર્શન : નવી દિલ્હીના પ્રદર્શન મેદાનમાં ૧૭૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં 'વિશ્વ મારું કુટુંબ' નામક પ્રદર્શનની ડિઝાઇનનું કાર્ય આ સંસ્થાને સોંપાયું હતું. જે લાખ્ખો લોકોએ જોયું હતું અને ઘણી જ પ્રસંશા પામ્યું હતું. જેણે સંસ્થાને ઘણી ખ્યાતિ અપાવી.

(૩) ભારતદર્શન : કેનેડાના મોન્ટ્રિયલ ખાતે યોજાયેલા એક્સ્પો-૬૭ના વિશ્વ પ્રદર્શનમાં ભારતીય પેવેલિયન રાખવામાં આવ્યો હતો. તેમાં ભારતદર્શન નામના વિભાગની ડિઝાઇન આ સંસ્થાને સોંપાઈ હતી. સંસ્થાના ધ્વનિ એન્જિનિયરો અને ફોટોગ્રાફરે ૮ માસ સુધી દેશના એક છેડેથી બીજા છેડા સુધી ફરી હજારો ચિત્રો અને ધ્વનિ રેકોર્ડ કર્યા અને તેમાંથી સંપાદિત કરાયેલાં ચિત્રોની સ્લાઈડો અને ધ્વનિને આધુનિક પદ્ધતિથી પ્રોજેક્ટ કરાયા અને અદ્દભુત ભારતદર્શન કરાવ્યું હતું.

(૪) જાપાનનો વિશ્વમેળો અને ભારતીય પેવેલિયન : જાપાનના વિશ્વમેળામાં ભારતીય પેવેલિયનની ડિઝાઇન આ સંસ્થાને સોંપાઈ હતી. ધરતીકંપમાં નુકસાન ના થાય તેવા પોલિએસ્ટર આચ્છાદિત કેનવાસ પર પેચવર્ક કરી વિશાળ આકર્ષક તંબુઓ અત્રે બનાવી તેને અહીંથી જ પેક કરીને ત્યાં લઈ જવાયા હતા. આંતરરાષ્ટ્રિય કક્ષાના આ વિશાળ વિશ્વમેળામાં સંસ્થાના ડિઝાઇનરોએ વિવિધતા આણી હતી અને સાચા અર્થમાં ભારતીયપણું પણ દેખાડ્યું હતું.

(૫) આઈઆઈએમ સંકુલ : અમદાવાદની ભારતીય પ્રબંધ સંસ્થાનના ૧૦૦ એકરના સંકુલની ડિઝાઇનનું કાર્ય એનઆઈડીને સોંપાયું હતું. સમગ્ર સંકુલની ડિઝાઇન અત્રે તૈયાર કરાઈ હતી જે સંસ્થા માટે ગૌરવ સમાન છે.

સિદ્ધિઓ

- ડિઝાઇનો અંગેનો વિકાસશીલ દેશો માટેનો આંતરરાષ્ટ્રિય ફિલિપ ઍવૉર્ડ ૧૯૭૭માં આ સંસ્થાને એનાયત થયો.
- રશિયા અને ભારત વચ્ચે ડિઝાઇનોમાં સહયોગ અંગે ૧૯૭૭-૭૮માં કરાર થયો તેમાં આ સંસ્થાને સુયોગ્ય સ્થાન અપાયું.
- પૂર્વોત્તર રાજ્યોમાં મણિપુરનું પેવેલિયન ડિઝાઇન કરી આપવા માટે આ સંસ્થાને સુવર્ણચંદ્રક એનાયત થયો.
- મુંબઈ, બેંગલોર, કલકત્તા અને દિલ્હી વગેરે સ્થળોએ આ સંસ્થાએ માર્ગદર્શન કેન્દ્રો ઊભાં કર્યાં છે. સંસ્થાના કલકત્તા કેન્દ્રે શાંતિનિકેતન ખાતે રવીન્દ્રનાથ ટાગોર અંગેના કાયમી પ્રદર્શનની ડિઝાઇન કરી આપી હતી, જેનું ઉદ્દઘાટન ૧૯૮૪-૮૫માં ત્યારના વડાપ્રધાનશ્રીએ કર્યું હતું.
- ભારતની આંતરિક વિમાની સેવાઓની સંસ્થા માટે એક સંકેત ચિહ્નની ડિઝાઇન તૈયાર કરી વિશિષ્ટ મરોડથી લખાયેલ 'આઇએ' પ્રતીક આજે પણ આપણાં વિમાનો પર, વિમાની સેવાઓનાં વાહનો પર, તેનાં ચાલકો અને કર્મચારીઓનાં યુનિફાર્મ પર તથા ટિકિટો પર જોવા મળે છે.
- સંસ્થાના વિદ્યાર્થીએ દૂરદર્શન માટેના સંકેતચિહ્નની ડિઝાઇન તૈયાર કરી આપી હતી જે આજે પણ આપણા કાર્યક્રમોમાં જોઈએ છીએ.
- આંતરરાષ્ટ્રિય બાળવર્ષ માટેનું ભારતનું સંકેતચિહ્ન પણ આ સંસ્થાના જ બીજા એક વિદ્યાર્થીની ડિઝાઇન છે.
- ઔદ્યોગિક ડિઝાઇન અંગેનો પ્રતિષ્ઠિત વિશ્વડિઝાઇન એવોર્ડ આ સંસ્થાને ૧૯૮૫-૮૬માં એનાયત થયો હતો.
- મુંબઈના નેહરુકેન્દ્ર માટે 'ભારત ખોજ' કાયમી પ્રદર્શન બે ભાગમાં ડિઝાઇન કરી આપ્યું હતું.
- અમેરિકામાં ઉજવાયેલા 'ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા' માટે એક હરતાફરતા પ્રદર્શન 'ભારત તરફ દૃષ્ટિ'ની ડિઝાઇન કરી.

અંતમાં એવું કહેવામાં લગીર પણ અતિશયોક્તિ નથી કે અમદાવાદની આ સંસ્થાએ ડિઝાઇન કારીગરીમાં વિશ્વમાં ભારત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. □

લોકશાહી અને નાગરિક-ઘડતર

દિનેશ શુકલ

પ્રાસ્તાવિક : રાજકારણ, રાજકીય સત્તા અને બંધારણ.

[મનુષ્યના જીવનમાં કલાઓનું જે સંસ્કારપોષક સ્થાન છે તેમ શિક્ષણ-વિજ્ઞાન-રમતગમત આદિ વિષયોની જાણકારી તેની માનસિક ક્ષિતિજને વિસ્તારવા માટે જરૂરી છે. પરન્તુ મનુષ્ય સમાજ સાથે સંકળાયેલો છે અને સમાજની સ્થિરતા અને સમૃદ્ધિ માટે રાજવ્યવસ્થા મહત્ત્વની ગણાઈ છે. આદિકાળથી અનેક શૈલીની રાજવ્યવસ્થાના વારાફેરામાંથી પસાર થતો માનવસમાજ આજે તો લોકશાહી શાસનપદ્ધતિ પર શ્રદ્ધા સ્થિર કરીને બેઠો છે.

આપણે ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મીએ આઝાદી મેળવ્યા પછી લોકશાહી શાસનપદ્ધતિનાં નવેસરથી પગરણ માંડ્યાં. આ સંજોગોમાં જો લોકશાહીને ફળદાયી અને સ્વચ્છ શાસનપદ્ધતિ બનાવવી હશે તો તેમાં લોકોની કેળવણી, નાગરિક-ઘડતર એનો આધારસ્તંભ છે. રાજ્યકર્તા પણ છેવટે તો આ નાગરિક સમાજમાંથી જ સાંપડવાના. આમ, લોકશાહીને તેના આદર્શ ઉન્નત સ્વરૂપે પહોંચાડવામાં નાગરિક-ઘડતર અનિવાર્ય બની રહેશે. આથી આપણી આઝાદીના આ સુવર્ણજયન્તી વર્ષમાં લોકશાહીના સંદર્ભમાં નાગરિક-ઘડતર માટે ઉપકારક થઈ રહે તે આશયથી રાજ્યશાસ્ત્રના અનુભવી અને અભ્યાસી અધ્યાત્મક દિનેશ શુક્લની આ લેખમાળાનો આરંભ કરીએ છીએ.
- તંત્રી]

આપણા સામાન્ય રોજબરોજના જીવનમાં સૌથી વિશેષ ચર્ચાતો વિષય રાજકારણ છે. કોઈ પણ સારામાઠા પ્રસંગોએ બે-ચાર માણસો ભેગા થાય તો વાતચીત કરવા માટે સૌથી હાથવગો વિષય રાજકારણનો હોય છે. રાજકારણમાં જે કંઈ ચાલી રહ્યું છે એ વિષે આપણે ટીકાઓ કરીએ છીએ, નારાજગી વ્યક્ત કરીએ છીએ, અભિપ્રાયો આપીએ છીએ. 'બધું જ બગડી ગયું છે.' - એવો નિરાશાનો સૂર કાઢીએ છીએ.

રાજકારણ એટલે કેવળ સત્તાકારણ, યેનકેન પ્રકારેણ સત્તા, પદ, હોદ્દા પ્રાપ્ત કરવા અને એ ટકાવવા માટે જાતજાતના કાવાદાવા કરવા, સોદાઓ કરવા, વિશ્વાસઘાત કરવો, જુઠ્ઠાણાંનો આશરો લેવો, છેતરપિંડી કરવી, ટૂંકમાં કોઠાં-કબાડાં કરવાં એટલે રાજકારણ એવો પ્રચલિત ખ્યાલ આજકાલ પ્રવર્તે છે. રાજકારણ વિષેની આવી છાપમાં તથ્ય નથી, એવું નથી. પણ રાજકારણ એટલે કેવળ કોઠાં-કબાડાં અને કાવાદાવા એવું માનવું એ અર્ધસત્ય છે.

ખરેખર તો, રાજકારણ એક એવી પ્રક્રિયા છે જે આપણા જીવનનાં લગભગ બધાં પાસાંઓને સ્પર્શ કરે છે. ગમે કે ન ગમે, રાજકારણ આપણાં વૈયક્તિક અને સામૂહિક જીવનનાં બધાં જ મહત્ત્વનાં ક્ષેત્રોને વધતેઓછે અંશે પ્રભાવિત કરે છે, કેટલીક બાબતોમાં તે અંતિમ નિર્ણય સુધ્ધાં કરે છે. સામાજિક સંબંધો અને વ્યવહારો, અર્થતંત્રની વિવિધ પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓ, સંસ્કાર અને શિક્ષણનાં ક્ષેત્રો, અમુક અંશે સમાજમાં પ્રવર્તમાન નૈતિક અને ઔચિત્યનાં મૂલ્યો અને ધોરણો વગેરેને રાજકારણ પ્રભાવિત કરે છે. સમાજનાં શાંતિ, સલામતી, વ્યવસ્થા, તો બાહ્ય જોખમ કે ખતરા સામે રક્ષણ એ રાજકીય ક્ષેત્રના વિષયો છે. કૌટિલ્યે રાજકીય ક્ષેત્રને 'હાથીના પગલા' સાથે સરખાવ્યું છે; 'જેમ 'હાથીના પગલા'માં બીજા બધાનાં પગલાં સમાઈ જાય છે, તેમ રાજ્યના કાર્યક્ષેત્રમાં બધું સમાઈ જાય છે.' અતિશયોક્તિનો દોષ વહોરીને પણ એવું કહી શકાય કે તમે રાજકારણથી અળગા રહેશો પણ રાજકારણ તમને છોડશે નહીં.

સમાજમાં અનેક પ્રકારની 'સત્તાઓ' અસ્તિત્વ ધરાવે છે. પણ એ સૌ સર્વોપરી અને ઘણી બધી બાબતોમાં નિર્ણાયક સત્તા એ રાજકીય સત્તા છે. અનેક ચિંતકોએ 'સત્તા'ની વ્યાખ્યાઓ આપી છે, પણ કદાચ સૌથી સુંદર અને અર્થસભર વ્યાખ્યા પ્રસિદ્ધ બ્રિટિશ ચિંતક બર્ન્ટ્રાન્ડ રસેલે એમના ગ્રંથ 'ધ પાવર'માં આપી છે. એમના શબ્દોમાં 'સત્તા એટલે ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવાની વ્યક્તિ કે જૂથની ક્ષમતા.' આ ક્ષમતામાં 'ક્રિયા' (ઍક્શન) અને 'વિચારો' (આઇડિયાઝ્) બન્ને થકી બીજાઓને પ્રભાવિત કરવાની શક્તિનો સમાવેશ થઈ જાય છે. મનુષ્ય જ એક એવું પ્રાણી છે, જેને ક્રિયા ઉપરાંત વિચારોથી પ્રભાવિત કરી શકાય છે. એટલે જ રાજકારણમાં 'વિચારધારાઓ'નું વિશેષ મહત્ત્વ છે.

રાજકારણ એ સમાજમાં કાર્યરત એવી રાજકીય સત્તાની આસપાસ ચાલતી પ્રવૃત્તિ છે. સમગ્ર સમાજને, નિરપવાદપણે લાગુ પડે એવા બંધનકારક નિર્ણયો લેવાની અને એ નિર્ણયોનો અમલ કરવાની જે અંતિમ સત્તા છે એને આપણે રાજકીય સત્તા કહી શકીએ. કોઈ પણ સમાજમાં મૂલ્યવાન વસ્તુઓ અને તે હાંસલ કરવાનાં સાધનસ્રોતો હંમેશાં ટાંચાં જ હોવાનાં અને તે માટેના દાવેદારો પાછા ઘણા હોવાના. આ મૂલ્યવાન વસ્તુઓ અને તે પ્રાપ્ત કરવાના સાધનસ્રોતોનું અનેક દાવેદારો વચ્ચે બંધનકારક, સૌને સ્વીકારવું જ પડે, એવું વિતરણ કરવાની સત્તા

(અનુસંધાન પૃ. ૧૪૭ ઉપર)

ફાગુન પિયુને સંગ

પ્રફુલ્લ રાવલ

ગતિશીલ જીવનમાં શીત, ઉષ્ણ અને વર્ષા સિવાયના ઋતુચક્રની અનુભૂતિ તો સાવ ભુલાઈ ગઈ છે. હવે વસંતનું દેખીતું અભિજ્ઞાન રહ્યું નથી. કોકિલનો પંચમ બોલ સંભળાતો નથી - હું સાંભળતો નથી. ભીડમાં ઘણું બધું સંભળાતું નથી. ક્યારેક તો બધિર હોવાનો ભાસ થાય છે. વાયરો અડપલું કરીને પજવી જાય એવી અનુભૂતિ પામવાની એકાદિ ક્ષણ પણ હાથવગી રહી નથી.

માર્ચ મહિનો ચાલે છે. ખાતાવહીના ખાતાનો હિસાબ પજવ્યા કરે છે. કશીક મેળવણી કરવા તારીખિયું જોઉં છું, આંખ સ્થિર થાય છે. તારીખ સાથે લખ્યું છે – ફાગણ. આ સાથે ચાલતા માસને ફાગણ કહેવાય એવું શિશુસહજ કુતૂહલ થાય છે અને ફાગણની છાલકનો અદૃશ્ય સ્પર્શ પામું છું. ત્રણ દાયકા પૂર્વેના ફાગણો મારા કૈશોર્યને લઈને હાજર થઈ જાય છે. હું એ દિવસોની દુનિયામાં રાચવા માંડું છું. અતીતનો આખો અસબાબ મારા અસ્તિત્વને અલૌકિક બનાવી દે છે. અનેક પાત્રો મનદરવાજે દસ્તક દેવા માંડ્યા છે. ભુલાઈ ગયેલા અનેક ચહેરાઓ આંખમાં સામેથી સરવા માંડે છે. ફાગણ બરાબર મારામાં સંક્રાન્ત થઈ ગયો છે. હું ફાગણ બની ગયો છું. ફાગણનો વાંકડિયો લાંક લઈને કોઈ મને નોતરે છે. એની આંખમાં કસુંબો છે. એના અધરો પર શબ્દો રમે છે – કેસૂડો વગડે સળગે છે અને મન રળિયાત રાત શોધે છે. 'હોળી નાગરિયા આવ્યા મોટાભાઈ...'નું ગાન એકતાલે કર્ણમાં ગુંજવા લાગ્યું છે. ધાણી, ચણા, હારડાં, ખજૂરના સ્વાદની અનુભૂતિ અત્યારે પણ અનેરી તૃપ્તિ આપે છે. અતીતની સઘળી પ્રતીતિ વર્તમાને પામું છે.

ફાગણના એ દિવસો...! ખાલી ખિસ્સે આનંદ લેવાની અનેક તરકીબો મારા કૈશોર્યના ખજાનામાં આવૃત્ત પડી છે. હોળી-ધૂળેટીના પખવાડિયા અગાઉ બધી તૈયારી કરતી અમારી બાળટોળી. એમાં સહુ નાયક, સહુ નાયિકા અને ખલનાયક...? કોઈ ખલનાયક નહોતો. નિર્દોષ પ્રવૃત્તિમાં ક્યારેક દોષ આવી જતો. હોળીની રાત્રે કોઈકના ખાટલાની ઈસ લઈને અગ્નિને સ્વાહા કરતાં. પણ વગર રાગે, વગર દ્વેષે. છાણાં ચોર્યાં છે, લાકડાં ચોર્યાં છે. છતાંય તસ્કરવૃત્તિને ઉછેરી નથી. આખી રાત હોળીને સળગતી રાખી છે, પણ કોઈનું મન સળગતું રાખ્યું નથી. આખા નાળિયેરને સ્વાહા કર્યા બાદ શેકાઈ ગયેલા નાળિયેરને ફોડીને પ્રસાદી ખાધી છે, પણ એકલા નહીં, સહુના સંગે. બંધ ખાલી મુઠ્ઠી લઈને હોળીની પ્રદક્ષિણા કરતાં કોઈ ભેરુની મુઠ્ઠી ક્યારેય ખોલી નથી. છતાં મસ્તીની બધી ક્ષણોને માણી છે. તારીખિયાના ચોકઠામાં કાજળી જોતો હોઉં એમ અતીતનું દર્શન કરું છું. આંખ બંધ થઈ જાય છે. વળી ખૂલે છે અને સાખી ઝબકે છે. હું મનોમન બબડું છું - 'સાવનમાં સંભારણાં ને ફાગુન પિયુને સંગ.' પણ ક્યાં છે સાખી ? ક્યાં છે ? વિચારતો વિચારતો હથેળીએ ગાલ ટેકવીને બેસું છું. દર્પણ એમ જ સામે આવી જાય છે. આંખ ઊંચી કરીને જોઉં છું તો મારા આખા ચહેરા પર સાખીના કોમળ હસ્તથી વ્યાપ્ત થઈ ગઈ છે ફાગુનની ભાત. રંગગુલાબી-ફૂલગુલાબી. એની તર્જનીની ઝીણી ઝીણી રેખાઓની છાપ મારી નાસિકા પર જોઉં છું અને જોઉં છું એની તર્જની પરનું પેલું વલય. હું પોરસાઉં છું. જાણે સાદ કરીને મારું જોબનિયું મને બોલાવે છે ! રમતો રમતો પંચમ રાગ આજે મારી સોડમાં આવી ગયો છે. જીવ બાવરો બાવરો બન્યો છે અને અવનિ-આભના રંગમાં સંગસ્નાનની એષણા જન્મે છે. માર્ચમાં-ફાગણમાં બધી એષણાનો સરવાળો કરું છું અને ખાતાવહીમાં જમા કરું છું. □

ધરતીનો છેડો ઘર

વરંડો

હેમન્ત વાળા



પરંપરાગત આવાસમાં વરંડાનું સુશોભન સ્થાપત્યકીય શૈલી અનુસાર કરાતું હતું

ભારતીય આવાસમાં વરંડો એ મહત્ત્વનું સ્થાન છે. વરંડો એટલે એવું સ્થાન કે જેના પર છાપરું હોય, જેની એક, બે અથવા ત્રણ બાજુએ દીવાલ ન હોય અને જે સામાન્ય રીતે મકાનના બહારના ભાગમાં ખૂલતું હોય. આવાસ-રચનાના શરૂઆતના તબક્કાથી જ માનવીએ વરંડા જેવી અર્ધ-ખુલ્લી જગ્યાઓને મહત્ત્વ આપેલું. તે સમયે બંધ ઓરડાઓનાં ક્ષેત્રફળ કરતાં વરંડાનું ક્ષેત્રફળ ઘણી વાર વધી જતું અને વરંડાનો જ ઉપયોગ મહત્તમ થતો. બંધ ઓરડાઓનો ઉપયોગ ત્યારે માત્ર જે તે ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા માટે જ કરાતો. સમાજમાં ગોપનીયતાની જરૂરિયાત જેમ જેમ વધતી ગઈ તેમ તેમ બંધ ઓરડાઓનો ઉપયોગ પણ વધતો ગયો, જેને પરિણામે વરંડાનું ક્ષેત્રફળ ઘટતું ગયું. અત્યારના આવાસના વ્યાપારી સ્વરૂપમાં વરંડો સાવ લુપ્ત થઈ ગયો છે. હવે આવાસની ઓળખ તેમાં આવેલા ઓરડાઓની સંખ્યાથી થતી હોવાથી વરંડા માટે સ્થાન ફાળવવાને બદલે એક વધુ ઓરડો બનાવવો યોગ્ય ગણાય. ઘણી વાર તો બનાવાયેલા વરંડાને પણ પાછળથી ઓરડામાં રૂપાંતરિત કરાય છે. વળી, સાંપ્રત એપાર્ટમેન્ટ પ્રકારના આવાસમાં વરંડાની શક્યતા જ સમાપ્ત થઈ ગઈ. આવાસના ભૂમિ સાથેના સંપર્કનું માધ્યમ બનતાં વરંડાને બદલે તેમાં ઝરૂખાઓ-બાલ્કની બનાવાયાં જેમાં ભૂમિ સાથેનો સંપર્ક સ્થાપવો શક્ય જ નથી.

વરંડો એ આવાસ અને બહારના ચોગાન કે વચ્ચે આવતી મધ્યાંતરિત એટલે કે વચગાળાની જગ્યા છે. આવાસના ઓરડાનું બારણું ખોલીને સીધા ખુલ્લા આકાશ નીચે આવી જવાને બદલે વરંડાથી ક્રમશઃ ખુલ્લાપણામાં પ્રવેશાય. વરંડાથી આવાસના અંદરના તથા બહારના વિસ્તારોને જુદી પાડતી રેખા માત્ર રેખા ન રહેતાં સ્થાન બની રહે છે. વળી, વરંડો એ ઓરડાના વિસ્તાર માટે પણ ઉપયોગી બની રહે છે. એમ પણ કહેવાય કે વરંડાથી આવાસ હાથ ફેલાવી બહારના ખુલ્લાપણાને બાથમાં લે છે. આમ વરંડો બહારના વાતાવરણ સાથે તાદાત્મ્ય કેળવી શકે છે. અહીંના હવામાનમાં પણ વરંડો એ ઉપયોગી સ્થાન બની રહે છે. વરંડામાં હવાની અવર-જવર ખૂબ સરળતાથી થતી હોવાથી ગરમ-ભેજવાળી આબોહવાવાળા વિસ્તારમાં બનતા આવાસોમાં તે ખૂબ મહત્ત્વનું અંગ બની રહે છે. સાથેસાથે ગરમ-સૂકી આબોહવાવાળા પ્રદેશમાં પણ જ્યારે સાંજ પછીનું બહારનું તાપમાન અનુકૂળ સ્તરે આવી રહે છે ત્યારે વરંડાના ઉપયોગમાં મઝા રહે છે.

આવાસ કાં તો બહિર્મુખ હોઈ શકે કાં તો અંતર્મુખ. બહિર્મુખ આવાસમાં વરંડો રસ્તા પર કે અંગત ખડકીમાં ખૂલતો હોય છે. જ્યારે અંતર્મુખ આવાસમાં વરંડો આવાસની મધ્યમાં આવેલા ચોકમાં ખૂલે. ઘણી વાર વરંડો બહારના રસ્તાથી અંદરના ચોક સુધી પ્રસરેલો પણ હોઈ શકે અને તેવા સંજોગોમાં ચોકની ત્રણ બાજુએ જ ઓરડાઓ રચી શકાય.

પરંપરાગત આવાસમાં વરંડો નીચેના માળે, ઢળતા છાપરાવાળા યા મુખ્ય પ્રવેશ પાસે બનાવાતો, જ્યારે સાંપ્રત સ્થાપત્યમાં વરંડા ઉપર અગાસીમાં ખૂલતા, સીધા ધાબાવાળા તથા પ્રવેશદ્વારથી દૂર વધુ ગોપનીય તથા અંગત સ્થાન તરીકે પણ બનાવાય છે. જૂનાં ઘરોમાં વરંડાને ઘણીવાર પાછળથી ઉમેરાયો હોય તેમ લાગે તેવો બનાવાતો જ્યારે સાંપ્રત ઘરોમાં તે આવાસ સાથે સારી રીતે વણાયેલો પણ હોય છે. વળી, સાંપ્રત સ્થાપત્યમાં તે ઘણી વાર બમણી ઊંચાઈનો પણ હોય છે.

વરંડાની રચના એ રીતે કરાય છે કે જેના સમગ્ર આવાસને ઓપ મળે. વરંડો એ આવાસનું નાક છે તેથી તેની રચના સમગ્ર આવાસની સ્થાપત્ય-શૈલીને અનુરૂપ હોય તે જરૂરી છે. ઘણી વાર વરંડાને બિનજરૂરી રીતે અલંકૃત કરવાની ઘેલછા પણ જોવા મળે છે. જોકે ઝરૂખાઓમાં આવી ઘેલછા સારાં પરિણામો પણ લાવી શકે.

વરંડા ચાર પ્રકારના હોઈ શકે. પ્રથમ પ્રકારમાં તેની એક બાજુ ખુલ્લી હોય અને બાકીની ત્રણ બાજુએ 'સી' આકારમાં ઓરડાઓ ગોઠવાય. આવા સંજોગોમાં વરંડાની ત્રણે બાજુએ

આવેલા ઓરડાઓ વરંડામાં ખૂલી શકે અને વરંડો એ ત્રણે બાજુના ઓરડાઓના પ્રસાર તથા સમન્વય માટે ઉપયોગી થાય. આવો વરંડો સૌથી વધુ કાર્યરત રહે છે. બીજા પ્રકારના વરંડાની તેની કાટખૂણે અડીને બે બાજુ પર 'એલ' આકારમાં ઓરડાઓ હોય છે અને તેની સામેના ખૂણાની બે બાજુઓ ખુલ્લી હોય છે. આ પ્રકારનો વરંડો બે બાજુએ આવેલા ઓરડાઓને સાંકળવાનું કાર્ય કરે. ત્રીજા પ્રકારના વરંડામાં પણ બે બાજુ ખુલ્લી તથા બે બાજુ ઓરડાઓ હોય પણ તેમાં આ ઓરડાઓ સામસામી બાજુએ આવેલા હોય અને બીજી બે સામસામી બાજુઓ ખુલ્લી હોય. આવા વરંડાનો ઉપયોગ અગાઉના બંને પ્રકારની જેમ એક કરતાં વધુ ઓરડાઓ મારફતે થઈ શકે. પરંતુ આ પ્રકારના વરંડાની એક જમા બાજુ એ છે કે તેમાં સામસામેની બાજુઓ ખુલ્લી હોવાથી પવનની અવરજવર વધુ મુક્ત બની રહે છે. આવા વરંડાનો ઉપયોગ કેટલીકવાર પ્રવેશ-સ્થાન તરીકે પણ કરાય છે.

આ પ્રવેશસ્થાનની એક તરફ પ્રમાણમાં અંગત તથા ગોપનીય ઓરડાઓ અને બીજી બાજુ મહેમાનો માટેના સ્થાન જેવા પ્રમાણમાં જાહેર ઓરડાઓ રખાય છે. આમ, વરંડાથી આવાસ બે ભાગમાં સહજ રીતે વિભાજિત થાય. ચોથા પ્રકારના વરંડામાં ત્રણ બાજુઓ ખુલ્લી હોય અને એક તરફ જ ઓરડો આવેલો હોય. જો આવા વરંડાથી વિવિધ ઓરડાઓ સાંકળવા હોય તો વરંડો લાંબો બનાવવો પડે. વરંડો જો ચારે બાજુથી ખુલ્લો હોય તો તે વરંડો ન રહેતાં મંડપ બની રહે. વરંડાની રચનામાં તેની ખુલ્લી બાજુઓને અર્ધખુલ્લી બનાવવા તેમાં નીચી દીવાલ, જાળી, આડી કે ઊભી પટ્ટીઓ, આખી ખૂલી જતી બારીઓ વગેરે પ્રયોજાઈ શકે. પણ તેનાથી વરંડાનું ખુલ્લાપણું ઘટી જાય, જેને કારણે તેની કેટલીક ઉપયોગિતામાં સરળતા રહે જ્યારે અન્ય કેટલીક ઉપયોગિતામાં પ્રતિકૂળતા વધે.

અન્ય રીતે વરંડાને અંગત, કૌટુંબિક તથા જન-સામાન્ય માટે એમ ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય. અંગત વરંડો સામાન્ય રીતે એક શયન-કક્ષ માટે હોય છે જ્યારે કૌટુંબિક વરંડા ભોજન-કક્ષ કે ફૅમિલી-રૂમ જેવા કૌટુંબિક ઓરડાઓની સાથે હોય છે. કૌટુંબિક વરંડા ઘણી વાર એક કરતાં વધારે ઓરડાઓને પણ સાંકળે છે. જ્યારે જન-સામાન્ય માટેના વરંડા પ્રવેશદ્વારની નજીક કે દીવાનખંડને સંલગ્ન હોય છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે વરંડા બહાર રસ્તા પર કે ખડકીમાં કે અંદરના ચોકમાં ખૂલતા હોઈ શકે. વરંડાનું સ્થાન નિર્ધારિત કરવામાં પવનની દિશા મહત્ત્વની ગણાય છે. પરંપરાગત આવાસમાં વરંડામાં થઈને જ એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવાતું અને વરંડો એ બધા ઓરડાને જોડતી સાંકળ બની રહેતો. ઘણી વાર વરંડાનું સ્થાન આવી ભૂમિકાથી જ નિર્ધારિત થતું, પરંતુ સાંપ્રત આવાસમાં વરંડો એ ઓરડાઓને જોડતી કડી નથી અને જુદા જુદા ઓરડાઓ માટે જુદા જુદા વરંડા પણ બનાવાય છે. જો તેમ હોય તો વરંડાનું સ્થાન તેને સંલગ્ન જે તે ઓરડાના સ્થાન પ્રમાણે નિર્ધારિત થાય. વરંડાનું સ્થાન નક્કી કરવામાં બહાર દેખાતું દૃશ્ય પણ મહત્ત્વનું બની રહે છે. વરંડામાં સામાન્ય રીતે માનવી નવરાશનો સમય ગાળે છે અને તેવા સમયે બહારનું દૃશ્ય રમણીય હોય તે ઇચ્છનીય ગણાય.

વરંડો બહારના વાતાવરણ સાથે સીધા સંપર્કમાં આવતો

બિન-આવાસી મકાનમાં પણ વરંડો મહત્ત્વનું અંગ છે. →



સાંપ્રત સ્થાપત્યમાં બમણી ઊંચાઈવાળા વરંડામાં કેટલીક વાર નીચી ઊંચાઈએ વરંડો બનાવાય છે. ↓





ગ્રામ આવાસમાં વિશાળ ખુલ્લો વરંડો

હોવાથી તેની રચનાની સામગ્રી વધુ ટકાઉ, મજબૂત, પાણીબંધ તથા વાતાવરણનાં વિવિધ પરિબળો સામે ટકી શકે તેવી હોવી જોઈએ. વરંડામાં રખાતું રાચરચીલું પણ આવા જ કારણસર વધુ ટકાઉ સામગ્રીમાંથી બનાવવું પડે. પરંતુ તે સિવાય પણ વરંડામાં સ્થાયી રાચરચીલું મૂકવાની પ્રથા નથી, જેથી વરસાદમાં તેને અંદર લઈ જઈ શકાય. વળી, ખસેડી શકાય તેવું રાચરચીલું ચોરાઈ જવાના ભયના સંજોગોમાં અંદર લઈ શકાય. તેના વિકલ્પ સ્વરૂપે વરંડામાં ચણતર-પ્લાસ્ટર કે પથ્થરમાંથી કાયમી રાચરચીલું બનાવી શકાય, જેમાં બેઠક, સૂવાની પાટ તથા ટેબલ આદિનો સમાવેશ થઈ શકે. વરંડાનું સૌથી મહત્ત્વનું અંગ હિંચકો છે. આમ પણ વરંડાનો મહત્તમ ઉપયોગ નવરાશના સમયે વધુ થતો હોવાથી હિંચકો તે માટેનું ઉત્તમ ઉપકરણ બની રહે છે. વરંડાનો ઉપયોગ સ્ત્રીઓ કેટલાંક ઘરકામ માટે તથા વડીલો સમય પસાર કરવા વાચન માટે કરે છે અને તે માટેનાં જરૂરી ઉપકરણો જરૂરિયાત પ્રમાણે ત્યાં ખેંચી લેવાય છે.

વરંડાનું સુશોભન સામાન્ય રીતે સ્થાપત્યકીય જ હોય છે અને તે માટે તેની લાદીની ડિઝાઇન તથા પ્રકાર, વિવિધ સ્તરે બનાવાયેલ ફૂલ-છોડ, શય્યા, પથ્થરની જાળી તથા પેરાપીટ તેમજ સુશોભિત નીચી દીવાલો પ્રયોજાય છે. વરંડો એ અર્ધ-ખુલ્લી જગ્યા હોવાથી તેમાં તાપ-વરસાદ જેવા હવામાનનાં વિપરીત પરિબળો સહજ રીતે પ્રવેશી શકે. આવા સંજોગોમાં વરંડાની ઊંચાઈ જો વધુ હોય તો આ પરિબળો વધારે માત્રામાં પ્રવેશી શકે અને વરંડાની ઉપયોગિતામાં અડચણ આવે. તેથી સામાન્ય રીતે વરંડાની ઊંચાઈ ૭ થી ૮ ફૂટ જેટલી રાખવી જોઈએ. સાંપ્રત આવાસમાં સ્થાપત્યમાં વરંડાની ઊંચાઈ ૧૮ થી ૨૦ ફૂટ જેટલી પણ રખાય છે, જે હવામાનનાં વિપરીત પરિબળો સામે એટલું રક્ષણ નથી આપી શકતી. પરંતુ આવા વરંડા આવાસની દૃશ્ય અનુભૂતિ ચોક્કસ સમૃદ્ધ બનાવી શકે. ક્ષેત્રફળની દૃષ્ટિએ એક વ્યક્તિ માટે સરેરાશ ૫ થી ૬ ચો. ફૂટ જેટલા ક્ષેત્રફળવાળો વરંડો યોગ્ય ગણાય. સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે વરંડાનું ન્યૂનતમ માપ ૫ ફૂટનું હોવું જોઈએ. આજના સમયે બાલ્કની નીચે જે ૪ ફૂટ પહોળાઈનો વરંડો બનાવાય છે તેની ઉપયોગિતા ખૂબ મર્યાદિત હોય છે. આ ચાર ફૂટના માપનું કારણ સ્થાનિક સત્તામંડળે નિર્ધારિત કરેલા બાયલોઝ માત્ર છે.

સાંપ્રત અંતર્મુખ જીવનશૈલીમાં વરંડો દિનપ્રતિદિન ગૌણ બનતો જાય છે. પહેલાં વરંડો જે આવાસના પ્રસારેલા હાથસમો ગણાતો તે હવે અંગત-ગોપનીય સ્થાન બનતો જાય છે. વરંડો હવે મહત્તે વ્યક્તિગત સ્થાન બન્યો છે. જોકે હજુ કંઈક અંશે એનું કૌટુંબિક મહત્ત્વ જળવાયું છે. માનવીની નિખાલસ ન બનવાની ભાવના લુપ્ત થતા વરંડાના સામાજિક મહત્ત્વમાં પ્રતિબિંબિત થાય છે. □



ફિલ્મનું અનુભાવન [૧૭]

હસમુખ બારાડી

ફિલ્મમાં કથા તો બહુ જ મોડી શરૂ થઈ, સાવ આકસ્મિક રીતે; અને ત્યારે પણ એણે શરૂઆતમાં તો નાટક જેવી કથાઓ અને નાટકના જ નટો દ્વારા વર્ષો સુધી ચલાવવું પડ્યું. જોકે આ દરમ્યાન પણ જીવનનું 'દસ્તાવેજીકરણ' તો ચાલુ જ રહ્યું. પ્રારંભની ભારતીય દસ્તાવેજીઓમાં સૌથી વધુ નોંધપાત્ર તે 'બાળગાંધર્વ ટિળકની સ્મશાનયાત્રા' અને 'મદ્રાસમાં કૉન્ગ્રેસ પક્ષની બેઠક' (બન્ને ૧૯૨૦) ગણવામાં આવે છે.

જેમ કથાચિત્રોને એના મહાન કલાકારો અને દિગ્દર્શકો મળ્યા (ગ્રીફિથ, ફ્લેહાર્ટી, આઈઝેનસ્ટાઈન, ચેપ્લિન અને ભારતીયોમાં ફડકે, ઈરાની, શાંતારામ વગેરે), એમ જ મૂળ ફિલ્મ-પ્રકાર દસ્તાવેજીને પણ પ્રારંભથી જ ખૂબ નોંધપાત્ર દસ્તાવેજી નિર્માતાઓ મળ્યા હતા - આઈઝેનસ્ટાઈન, વર્તોવ, દોવઝેન્કો, ફ્લેહાર્ટી અને ભારતીય નિર્માતાઓમાં ભાતવડેકર, માદન વગેરે.

પ્રારંભની ફિલ્મકલા મૂંગી એટલે કે ધ્વનિહીન હતી. એટલે કે દસ્તાવેજી માધ્યમપ્રકાર એને માટે ખૂબ જ બંધબેસતો હતો. જીવનની વાસ્તવિકતાનું 'જેવું છે તેવું' સપાટી પરનું તથ્ય જ માત્ર નહીં, પરંતુ એના સર્જનાત્મક અર્થઘટનથી જીવનનું ઊંડું સત્ય આવા અનેક દિગ્દર્શકોએ ઝડપીને સમગ્ર ફિલ્મકલાનો એવો તો વિકાસ કરી આપ્યો, કે એનો સૌથી મોટો ફાયદો આમ તો કાલ્પનિક કથાઓ રજૂ કરતાં કથાચિત્રોએ (ફિચર ફિલ્મે) જ ઉઠાવ્યો છે. કોઈ પણ કલાત્મક કથાચિત્રના સફળ નિર્દેશકને પણ જિંદગીમાં એકાદ તો મનગમતી દસ્તાવેજી બનાવવાનું શમણું રહ્યું જ હોય !

વિદેશોમાં તો દસ્તાવેજી ચિત્રો બતાવવા માટેનાં ખાસ સિનેમાગૃહો અનેક શહેરોમાં મેં જોયાં છે; ફિલ્મ સોસાયટીઓ દસ્તાવેજીઓ નિયમિત બતાવતી હોય છે; દસ્તાવેજી નિર્દેશકોની મંડળીઓ અને સંઘો અનેક દેશોમાં છે (આપણે ત્યાં 'ભારતીય દસ્તાવેજી નિર્માતાઓનો સંઘ' ૧૯૫૬થી અસ્તિત્વમાં છે); દસ્તાવેજી નિર્માણ માટેની વિશેષ સરકારી-બિનસરકારી સંસ્થાઓ હોય છે. (આપણે ત્યાં ફિલ્મ્સ્-ડિવિઝન ૧૯૪૮થી અસ્તિત્વમાં છે); એના વિશેષ ફિલ્મોત્સવો ઉજવાય છે, એનાં ખાસ પારિતોષિકો છે. ટૂંકમાં, દસ્તાવેજીના નિર્માણ, પ્રોત્સાહન અને પ્રેક્ષણમાં રસ લેતા લોકો તો છે જ.

જોકે આ ફિલ્મ પ્રકાર માટે નિર્દેશક પક્ષે થોડી નિષ્કાળજી કે ઓછા સંશોધનને લીધે, અને સરકારો તથા મોટી કંપનીઓને પક્ષેથી પોતાની વાતનાં ઢોલત્રાંસાં વગાડવાના આર્થિક-રાજકીય

દસ્તાવેજી - ૧

થોડાં વર્ષો પહેલાં, એટલે કે આમ તો સાવ જ થોડાં, ગણવાં હોય તો લગભગ પાંચેક ગણાય એટલાં જ વર્ષો પહેલાં, કોઈ સિનેમાઘરમાં ફિલ્મ જોવા ગયાં હોઈએ અને જાહેરાતની સ્લાઈડ્ઝ્ 'ઇન્ડિયન ન્યૂઝ રિવ્યૂ' અને 'દસ્તાવેજી' પૂરાં થાય ત્યાં સુધી સિનેમા-ઘરની બહાર બીડી-ચા-નાસ્તાનો કાર્યક્રમ ચાલે, પણ મુખ્ય ફિલ્મ શરૂ થાય એના સેન્સરના સર્ટિફિકેટ ઉપર એ કેટલા રીલની છે એ જોવા અંધારામાં લોકોના પગ કચડતાં અને વધુ રીલની હોય તો 'પૈસા વસૂલ થયા'નો ભાવ અનુભવતાં મોટા ભાગનાં પ્રેક્ષકોમાંનાં કેટલાંક આ લેખશ્રેણીના આજે વાચકો પણ હશે ! એટલે જોવા બેસો, તો આ એક જ દાયકામાં એટલું બધું બદલાઈ ગયું છે કે આજે એ સિનેમા-ઘરોમાં ઇન્ડિયન ન્યૂઝ રિવ્યૂ અને દસ્તાવેજીઓ બતાવવાનું બંધ થયું છે અને એની જગ્યાએ કાચની ટ્યૂબની સામે ટીવી ન્યૂઝ અને અસંખ્ય જાહેરાતોની વચ્ચે વચ્ચે ફિલ્મ જોઈને આપણે સંતોષ માનીએ છીએ અને રાતના મોડાં કોઈ દસ્તાવેજી ટપકી પડે તો રિમોટની ચાંપ દાબીને આપણે અસંખ્ય ચેનલોમાંથી કોઈ દેશીવિદેશી ફિલ્મનાં ચિત્રોને પકડી પાડીએ છીએ.

બાકી તો, આ ફિલ્મના માધ્યમની શરૂઆત જ દસ્તાવેજીથી થઈ હતી, સ્થિર-ચિત્ર એટલે જ દસ્તાવેજ - વ્યક્તિ, સ્થળ, પ્રસંગ કે ક્રિયાની તસ્વીર, એક પ્રકારની યાદગીરી, એવો રેકોર્ડ કે એ વ્યક્તિ આવી હતી અથવા એ પ્રસંગ આમ બન્યો હતો. લુમીયે ભાઈઓની શરૂઆતની સાવ ટૂંકી ફિલ્મોનાં શીર્ષકો અને વિષયો એની સાહેદી પૂરે - 'કારખાનામાંથી નીકળતા મજૂરો', 'બાળકને ધવડાવતી મા', 'સ્ટેશને પ્રવેશતી રેલગાડી' કે ભારતીય ફિલ્મ નિર્માતાઓએ શરૂઆતમાં બનાવેલી ફિલ્મોના વિષયો - 'મુંબઈના હૅંગિંગ ગાર્ડનમાં મલકુસ્તી' (ભાતવડેકર - ૧૮૯૭), 'સમ્રાટ એડવર્ડનો રાજ્યાભિષેક' (ભાતવડેકર - ૧૯૦૩) વગેરે. આ બધામાં જીવન અને જીવતાં માણસોને યથાતથ વાસ્તવિકતામાં ઝડપવાનો ઉદ્દેશ હતો.

હેતુઓને લીધે દસ્તાવેજીની એવી મુદ્રા ઊભી થઈ છે કે એમાં મળતી માહિતી મોટે ભાગે પ્રચાર જ હોય છે. દસ્તાવેજીમાં, અલબત્ત, વાસ્તવિકતાનું ચિત્રણ હોય, અને એની સાંપ્રતતાને પરિણામે જે તે સમયખંડનું ઇતિહાસીકરણ એમાં થતું હોય એ સ્વાભાવિક છે; એ એનો સ્થિરભાવ છે; પરંતુ એ જ એની ત્રેવડ છે, સમાજને એની જરૂર પણ છે, અને કલાપ્રકાર તરીકે એનો એવો વિકાસ થયો છે. આ બધી દૃષ્ટિએ, અને અણસમજુ લોકો દ્વારા બનતી પ્રચારક ફિલ્મોને લીધે સમગ્ર દસ્તાવેજી પ્રકારને ઉવેખવો એ મને તો આપણી માધ્યમ-નિરક્ષરતાનું કારણ અને પરિણામ જણાય છે.

જેવું ધ્વનિહીન ફિલ્મના ઐતિહાસિક ગાળા દરમ્યાન આપણે નોંધ્યું, એવું જ ટેલિવિઝનના માધ્યમ માટે પણ, હું તો એમ કહું કે, દસ્તાવેજી ફિલ્મ સૌથી ઉચિત અને બંધબેસતો કાર્યક્રમ પ્રકાર છે. કારણો એનાં સ્પષ્ટ છે – ટેલિવિઝન પણ જીવતાં લોકોનું, તત્ક્ષણ જીવતાં લોકો સુધી પહોંચતું પ્રસારણ - માધ્યમ છે, એથી વાસ્તવિકતાનું ચિત્રણ એને માફક આવે જ. વળી, ઘરમાં બેઠેલો પ્રેક્ષક ઓછા સમયમાં અનેક પ્રકારની દસ્તાવેજીઓ દ્વારા જીવન-ઉપયોગી નિરંતર શિક્ષણ સાવ મફત મેળવી શકે, ટેલિવિઝનના 'ક્લોઝ અપ-માધ્યમ'માં વાસ્તવિકતાનું ચિત્રણ વધુ ઝીણવટથી રસપ્રદ બની શકે, વગેરે. એથી તો અનેક પ્રકારની દસ્તાવેજીઓની આખી ચેનલ ('ડિસ્કવરી ચેનલ') એના માધ્યમ-સાક્ષર લોકો ચલાવે છે.

મૂળ મુદ્દો તો દસ્તાવેજી ચિત્રનું ગંભીરતાથી નિર્માણ થાય, એને કથાચિત્રોથી ઊતરતું ગણવામાં ન આવે, સાવ સ્વાર્થી પ્રચાર માટે એનો ઉપયોગ ન થાય અને આ દસ્તાવેજીઓ બતાવવા માટે સિનેમાઘરો, ફિલ્મ સોસાયટીઓ અને હવે ટેલિવિઝન ઓરમાયું વર્તન ન દાખવે તે છે. પ્રેક્ષકો તો એના એ જ છે જ, અને વધી પણ શકે, જો એ ઉપયોગી અને રસપ્રદ દસ્તાવેજી હોય ! માહિતીયુગમાં માહિતીની સૌને જરૂર છે જ. માત્ર વેપારીઓ અને રાજકારણીઓના સાણસામાંથી એ કલાપ્રકાર મુક્ત કરવો પડે. મને આ માટે પ્રેક્ષકોનો રસ અને માગણી સૌથી વધુ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે એવું લાગ્યું છે, અને એટલે તો દસ્તાવેજીની આટલી વિગતે ચર્ચા આપણે અહીં કરીએ છીએ.

નામ પ્રમાણે એ દસ્તાવેજ છે. મુખ્યત્વે એ માહિતી આપે - ઐતિહાસિક, સાંપ્રત, હકીકતો, જીવનશૈલી, સ્થળો, સ્થાપત્યો, પ્રક્રિયા, ટૂંકમાં માનવીનું જીવન અને એનું વાતાવરણ એમાં ચિત્રિત થાય. દા.ત. 'લડાખ', 'અજંતાની ચિત્રશૈલી', 'કોણાર્કનું સૂર્યમંદિર', 'શહેરીકરણના પ્રશ્નો', 'ડાંગના આદિવાસીઓ' વગેરે દસ્તાવેજીઓ.

પ્રેક્ષકોને રસ પડે એવા મહાનુભાવોનું જીવનવૃત્તાંત - પ્રસંગો, સંદર્ભ, કાર્યો, પ્રક્રિયાઓ, અભિપ્રાયોનું દસ્તાવેજીકરણ એટલે 'જીવન કથાત્મક' દસ્તાવેજી અગત્યનો પ્રકાર ગણાયો છે. જોકે તદ્દન સામાન્ય માનવીના જીવનનું સાધારણ કે અસાધારણપણું એટલું જ રસપ્રદ બની રહે. દા.ત. 'સરદાર પટેલ', 'અ ડે ઇન ધ લાઈફ ઓવ્ અ પ્રાઈમ મિનિસ્ટર', 'એક યુવાનની કથા' વગેરે દસ્તાવેજીઓ.

સમાજ પરિવર્તન કે વિકાસની પ્રક્રિયાઓ માટે પ્રેરણા આપતી દસ્તાવેજીઓ પણ વિપુલ પ્રમાણમાં બને છે, જેમાં પ્રેક્ષકોને ઉપયોગી થાય એવા ઉદ્દેશો સાથે જે તે જીવનશૈલી અપનાવવા કે અનુસરવા સમજાવવામાં આવે છે : દા.ત. કુટુંબનિયોજન કેવી રીતે કરવું એની જાણકારી 'માહિતીપ્રદ દસ્તાવેજી'માં હોય પરંતુ 'પ્રેરણાત્મક દસ્તાવેજી'માં કુટુંબનિયોજન માટે પ્રેક્ષકોને કાલ્પનિક પાત્રો, કથા કે હકીકતો દ્વારા એવી રીતે 'સમજાવવા'માં આવે કે પ્રેક્ષકોના સામાજિક કે મનોવૈજ્ઞાનિક અભિપ્રાય-આગ્રહોમાં ફેરફાર ચીંધી શકાય : 'પોલિયો', 'પોલિયો સામે પ્રતિકાર' જેવાં દસ્તાવેજી.

માહિતીનો એક તબક્કો શિક્ષણ છે, એથી આ ફિલ્મ પ્રકાર દ્વારા શિક્ષણનો ઉદ્દેશ સફળતાથી બર આવી શકે. એના ત્રણ પ્રકારો છે – ઉંમર અને ધોરણ મુજબ વિષયવાર માહિતીનો કોઈ એક તબક્કો શાળાકીય અભ્યાસક્રમ મુજબ આપવો (ઉદાહરણ-ધોરણ છઠ્ઠું, વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, 'ઘર્ષણ' વિષય અંગે); અશિક્ષિતોને આ દૃશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા અક્ષર અને આંકડાજ્ઞાન આપવું; અને શિક્ષિત કે અશિક્ષિત કોઈ પણને વધારાની અને ઉપયોગી બને એવી આવડતો (skills) અને નવાં સંશોધનોથી પરિચિત કરવા (સુથારીકામ, નવાં યંત્રો - ઉપકરણો, નવીન સંશોધનો). આ રીતે શિક્ષણ અને નિરંતર શિક્ષણનું ઉપયોગી સાધન દસ્તાવેજી બની શકે : યુ.જી.સી. અને ઇગ્નૂ દ્વારા દર્શાવાતી દસ્તાવેજીઓ, 'મારી મહેનત, મારી કમાણી', 'માછલા ઉદ્યોગ', 'પ્રૌઢ શિક્ષણ' વગેરે દસ્તાવેજીઓ.

દસ્તાવેજી પ્રકાર એ જ રીતે અવનવા વિચારો, કાર્યક્રમો, પ્રક્રિયાઓ, સંસ્થાઓ, સંશોધનોનો પરિચય કરાવે, વિવિધ પાસાંઓની માહિતી આપે, વિરોધાભાસી મંતવ્યો પ્રસ્તુત કરે, ચર્ચાસ્પદ મુદ્દાઓ તારવે. 'પંચાયતી રાજ', 'ફિલ્મ ઉદ્યોગમાં એક્સ્ટ્રા નટ-નટીઓ', 'પર્યાવરણ', 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી', 'બાય-પાસ સર્જરી' વગેરે દસ્તાવેજીઓ.

કોઈ પણ સામાજિક બાબત, પ્રશ્ન કે મુદ્દાનું વિગતે અન્વેષણ આ ફિલ્મ / કાર્યક્રમ પ્રકારમાં કરી શકાય – અને એને અન્વેષણાત્મક (investigative) દસ્તાવેજી કહે છે :

(અનુસંધાન પૃ. ૧૪૭ ઉપર)

સંગીતશાસ્ત્ર-૩

— હસુ યાજ્ઞિક —

અવાજ-ધ્વનિની લાક્ષણિકતાઓ અને પાંચ સપ્તક

સંગીત એટલે અવાજને નિયંત્રિત રીતે ઊંચે-નીચે લઈને માધુર્ય સંસિદ્ધ કરવાની આવડત અને તેનો ઉપયોગ. અવાજ-sound - નું નાનું એકમ તે નાદ છે. અને નાદ હવાના ઘર્ષણથી પ્રકટે છે. નાદ જન્મે છે ત્યારે તરંગો જન્મે છે. કંપન થાય છે. પરંતુ ધ્વનિ ખૂબ નાનો હોય તો એની કંપનસંખ્યા ખૂબ ઓછી હોય છે, અને તેવા અલ્પ સંખ્યાના નાદને સાંભળી જ શકતા નથી. આથી જે નાદને સાંભળી શકાય એટલી દોલન સંખ્યા હોય તે નાદને શ્રુતિ કહે છે. શ્રવ્યતે ઇતિ શ્રુતિ - જે નાદ સાંભળી શકાય એવો હોય તેનું નામ શ્રુતિ. આવી કુલ ૨૧ શ્રુતિ છે. દર ત્રણ શ્રુતિએ સ્વર બદલાય છે. આથી કુલ સ્વર સાત છે. આથી એક નિશ્ચિત આંદોલન સંખ્યા ધરાવતી શ્રુતિ-નાદ બમણો બને તેને સપ્તક કહે છે. આ આપણે આગળ જોઈ ગયા. અહીં અવાજની વાત જાણીએ.

ધ્વનિ બે પદાર્થોના ઘર્ષણથી વાતાવરણમાં જે આંદોલનો જન્મે તેનો આપણા કર્ણપટલ પર થતો અનુભવ છે. તરંગ કે આંદોલન આમ તો સમાનાર્થી લાગે છે. પરંતુ બે વચ્ચે ભેદ છે. તરંગ કે કંપન ઝડપી હોય છે, આંદોલન એના પ્રમાણમાં ધીમું અને નિયંત્રિત હોય છે. તંબૂરના તાર પર આંગળી મૂકો કે તાર કંપે અને તરંગ જન્મે. ઘડિયાનું લોલક ચાલે તે આંદોલન. આમ, કંપનમાં કાલમાન ઉમેરાય, એનું નિયંત્રણ થાય ત્યારે આંદોલનનો જન્મ થાય છે અને એનાં નિશ્ચિત એકમોનું આવર્તન થાય તેને તાલ કહે છે. સાહિત્યશાસ્ત્ર પ્રમાણે અક્ષરમાંથી પ્રકટે તે નાદ. અને વિવિધ અક્ષરોના વિવિધ નાદોના એકમોનું આંદોલન તે લય. આ સિદ્ધાંત સંગીતને ચુસ્ત રીતે લાગુ પડે છે. એનું કાલમાન - સમયનું, કાલતત્ત્વનું માપ ઘડિયાળ જેટલી જ યાંત્રિક ચોકસાઈ ધરાવે છે. એક બાજુ ઘડિયાળનું ટીક-ટીક શરૂ થાય એ સાથે જ કોઈ ગાયક-વાદક એક ટીકની એક કે અર્ધી માત્રા ગણીને ગાવા-વગાડવાનું શરૂ કરે ત્યારે એના આધારે પણ તમે ઘડિયાળ જેટલી જ ચોકસાઈપૂર્વક મિનિટ-કલાકની ગણતરી કરી શકો. ગાયક કે વાદક આ મૂળ લયમાં પણ જ્યારે વધારો કરે છે ત્યારે મૂળ લયમાં પા ગણો, અર્ધો, પોણો, બમણો એવો વધારો કરીને માત્રાની ગતિ વધારે છે, સવા ગણી કે દોઢ ગણી વધારે છે, પરંતુ તે ઝડપની વધઘટ પણ મૂળ લયને જ પકડીને થાય છે. જો દુગુન કરે તો એક કાલખંડમાં જેટલો ટુકડો ગાય કે વગાડે તેટલા ટુકડાની બમણી ગતિનાં બે આવર્તનો થાય, તિગુન કરે તો ત્રણ આવર્તનો થાય, ચોગુણ કરે તો ચાર. આ સીધો લય. આડ લય લે ત્યારે પા ગણો, અર્ધો, સવા ગણો, પોણાબે ગણો, બમણો, સવાબે ગણો, અઢી ગણો, ત્રણ ગણો વધારો એમાં કરે. છેક વેદકાળથી સાહિત્યમાં અને સંગીતમાં માત્રાના આવા સમ અને વિષમ ખંડો પરિચિત છે. રુદ્રાષ્ટાધ્યાયીમાં ગાયત્રી, ત્રિષ્ટુપ, અનુષ્ટુપ, જગતી, બૃહત્યુષ્ણિરા, કકુપ ઇત્યાદિ છંદોનો ઉલ્લેખ પ્રથમ અધ્યાયમાં છે. કોઈ સૂક્તના રચયિતા અને એના છંદનો ઉલ્લેખ સૂક્તમાં પ્રથમ આપવામાં આવે છે. ખાસ તો ન્યાસમાં. છંદને સૂચિ કહી છે. સોય, બેને જોડનારી. છંદ શબને અને અર્થને, શબ્દના ઉચ્ચારથી ઊઠતા ધ્વનિને કાલની સાથે જોડનારી, સાંધનારી સોય તે છંદ છે. અહીં છાંદસ સાથે અછાંદસ સૂચિનો પણ ઉલ્લેખ છે. રુદ્રીનો પાંચમો અધ્યાય નમસ્કિયાનો છે. તેમાં શિવનાં વિવિધ નામો-રૂપો સાંકળીને એક બાજુથી પ્રકૃતિનાં સત્ત્વો-તત્ત્વો-શક્તિ કે ઉર્જાતત્ત્વનો પરિચય મળે છે તે સાથે આ નમન કેટલી વાર કરવું તેનો પણ મંત્રમાં નિર્દેશ છે. એમાં બે, ત્રણ, ચાર, આઠ, બાર અને સોળગણાં એમ બેકી સંખ્યાનાં આવર્તનો છે. ત્રણ, છ, નવ ઇત્યાદિ ત્રણ ગણી સંખ્યાનાં આવર્તનો છે તે સાથે જ સવા, દોઢ, પોણા બે જેવા અપૂર્ણાંક સંખ્યાનાં, સંગીતની ભાષામાં કહીએ તો આડ-લયના નિર્દેશો છે. અને આ પા-પોણું-સવા ગણું દર્શાવવાની રીત પણ કેવી અદ્‌ભુત અને નિજી અનુભવ વ્યાપારની ! આઠમા અધ્યાયમાં એકા શ્ચ મે, ત્રિસ્રશ્ચ મે, પંચ શ્ચ મે, સપ્ત શ્ચ મે, નવ શ્ચ મે, એકાદશ શ્ચ મે, ત્રયોદશ શ્ચમેથી ત્રણસ્રિંશત રિદ્ધિ માગી, ચાર-આઠ-બાર-સોળથી તે અષ્ટાચત્વારિંશત રિદ્ધિ માગી. ૨૬મા મંત્રમાં ત્ર્યવિ, દિત્યવાર, વગેરેમાં સવા-દોઢ-અઢીગણી રિદ્ધિ માગી. સવા વર્ષે ગાયને વાછરડું આવે, એ કાલમાનના પર્યાયનો અહીં ઉપયોગ કર્યો છે. તાત્પર્ય એ છે કે ભારતીય સાહિત્યશાસ્ત્રના છંદોમાં તથા સંગીતમાં માત્રાના આવા અપૂર્ણ અને પૂર્ણ, બેકી સંખ્યાના અને ત્રણ ગણા વિભાગીકરણો વિકસિતરૂપમાં સંસિદ્ધ થયાં હતાં. સંગીત એટલે માત્ર અવાજ નહીં, ધ્વનિ નહીં, ધ્વનિ અને કાલનો સમન્વય. ધ્વનિમાં કાલતત્ત્વનું સંમિશ્રણ.

'સંગીત-રત્નાકર'માં 'નાદ'ની સમજ આપતાં 'નકારં પ્રાણનામાનં' અને 'દકારમલં' અર્થાત્ 'નાદ'માં નકાર

વાયુવાચક અને દકાર અગ્નિવાચક છે, એમ કહ્યું છે. આમ, સંગીતરત્નાકર પ્રમાણે વાયુ અને અગ્નિના સંયોજને નાદ ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું છે. આઘાત કે ઘર્ષણ થાય, વાયુ તેજ ગતિએ ઘર્ષણ કરે ત્યારે ઉષ્મા પ્રકટે, કાર્યશક્તિ જન્મે, અને વાયુ હોય તો એનું ધ્વનિમાં રૂપાન્તર થાય. આવું ઘર્ષણ જો પાણીમાં થાય કે શૂન્યાવકાશમાં થાય, અર્થાત્ વાતાવરણમાં ન થાય, વાયુમંડળમાં એનું પ્રસારણ ન થાય તો અવાજ જન્મે જ નહીં. આમ, આ વ્યાખ્યા, આ સમજ વૈજ્ઞાનિક છે.

નાદના પણ ભારતીય દર્શનશાસ્ત્ર અને સંગીતશાસ્ત્ર બે ભાગ પાડે છે : ૧. આહત, ૨. અનાહત. આહત નાદ જ સર્વના અનુભવની વસ્તુ છે. કોઈ આઘાત ન થાય, ઘર્ષણ ન થાય છતાં કોઈ અગમ્ય એવો નાદ જન્મે, પ્રણવનો નાદ ગુંજે તે અનાહત નાદને સંત-સાધક-યોગી સાંભળે છે. જે આહતનાદ છે તેમાંથી શ્રુતિ જન્મે, શ્રુતિમાંથી સ્વર અને સ્વરમાંથી ગ્રામ-મૂર્છના જન્મે જેમાંથી સંગીત સિદ્ધ થાય છે.

જ્યારે બે પદાર્થ વચ્ચેનું ઘર્ષણ થાય છે ત્યારે કંપન થાય છે અને તેના તરંગો-કંપનો વાતાવરણમાં ફેલાય છે. આ તરંગની લંબાઈ નિશ્ચિત હોય છે, જેને wave length કહે છે. એક વેવ-લેન્થમાં કંપનસંખ્યા વધતાં તે નાદની શ્રુતિ ઉપર ચડે છે. અર્થાત્ એક નિશ્ચિત વેવ-લેન્થમાં એક સેકંડમાં જેટલી સંખ્યામાં આંદોલનો જન્મે તેને કંપનસંખ્યા કહે છે. જો આ વેવ-લેન્થના તરંગની ઊંચાઈ વધારે તો એની સંખ્યા ઓછી હોય અને તેનો અવાજ એટલો સૂક્ષ્મ હોય કે કાન પારખી ન શકે. આથી કોઈ પણ નાદમાં તેની તરંગની લંબાઈ એટલે કે wave lengthમાં એક સેકંડમાં ઓછામાં ઓછા ૧૬ કંપન થાય ત્યારે જ કાન સાંભળી શકે છે. એથી નીચેની કંપનસંખ્યા સાંભળી શકાતી નથી. થાળી પર આંગળી મૂકો ત્યારે કંપન થાય છે તે ૧૬થી ઓછાં હોઈ કોઈ અવાજ સાંભળી શકતા નથી, પરંતુ આંગળીને બદલે જો ચમચી મૂકો તો એનો અવાજ કાન પારખશે કેમ કે એની કંપનસંખ્યા પ્રતિ સેકંડે ૧૬થી વિશેષ છે.

અવાજ-અવાજ વચ્ચે ફેર હોય છે, તે આપણે જાણીએ છીએ. કોઈ અવાજ મોટો લાગે, કોઈ નાનો. કોઈ જાડો લાગે તો કોઈ તીણો. વળી, દરેક અવાજને પણ પોતાની અલગ એવી ઓળખ હોય છે. અવાજનાં આવાં ગુણલક્ષણો ત્રણ છે : (૧) Pitch - નાદની ઊંચાઈ, (૨) Magnitude કે loudness - નાદની ઘનતા અને (૩) Timbre - નાદની જાતિ.

Pitch અર્થાત્ નાદની ઊંચાઈનો આધાર તેની આંદોલન-સંખ્યા પર છે. આથી Pitchને કારણે કોઈ નાદ ઊંચો કે નીચો લાગે છે. જેમ આંદોલન - સંખ્યા વધે તેમ નાદ ઊંચો જાય, ઘટે તેમ નીચો જાય. ૨૪૦ આંદોલને 'સા' છે, પરંતુ એથી દોઢ ગણા ઊંચા સ્વર 'પ'ની આંદોલન સંખ્યા ૩૬૦ છે. આ આંદોલન-સંખ્યા મધ્ય સપ્તકના 'સા'ની છે. એનાથી પણ નીચેના સપ્તકના 'સા'ની આંદોલન-સંખ્યા ૧૨૦ હોય છે અને મધ્યથી ઉપરના એટલે કે તાર સપ્તકના 'સા'ની આંદોલન સંખ્યા ૪૮૦ હોય છે.

Magnitude કે londness અર્થાત્ નાદની ઘનતા. આમાં એક જ સ્વર હોય, પરંતુ એનું Magnitude ઓછું હોય તો નજીકના જ સાંભળી શકે, વધારે હોય તો દૂરના પણ સાંભળી શકે. ગાઈએ કે બોલીએ ત્યારે કંપનસંખ્યા તો સરખી જ રહે, પરંતુ અવાજનું વૉલ્યુમ - એની ઘનતા-વધારતાં તે અવાજને દૂર પહોંચાડી શકાય છે. Pitchનો આધાર નાદની આંદોલન-સંખ્યા સાથે છે, પરંતુ Magnitude કે loudnessનો આધાર નાદની પહોળાઈ સાથે છે. જેમ આંદોલન પહોળાં તેમ દૂર ફેંકાય, દૂર પ્રસરે અને દૂર સંભળાય. જેમ સાંકડાં તેમ એની શ્રાવ્યતાનો ક્ષેત્રવિસ્તાર ઘટે. ધીમેથી બોલો, ગળું-સ્વર દબાવીને ગાવ તો પહોળાઈ ઘટે અને અવાજ નજીક જ સંભળાય. ખુલ્લે ગળે બોલો-ગાવ તો પહોળાઈ વધે અને અવાજ દૂર ફેંકાય. આમ, Magnitude/loudness એટલે નાદનું નાના કે મોટાપણું.

Timbre એટલે નાદની જાતિ અથવા ગુણ. દરેક અવાજમાં એનું પોતિકાપણું હોય છે અને એને આધારે એ નાદ કયો છે, કોનો છે તે આપણે જાણી શકીએ છીએ તે તેની જાતિને કારણે. દરેક વાદ્યનો, વાદકનો, ગાયકનો જે નાદ છે તેના Timbre - નાદની જાતિ કે નાદના ગુણ જુદા હોય છે, જેને આધારે આપણે નાદ નિષ્પન્ન કરનારને જાણી શકીએ છીએ.

નાદના Pitch, Magnitude અને Timbre એ ત્રણ ગુણ-લક્ષણો જાણ્યા તે સાથે sound સાથે સંકળાયેલી બીજી બાબતો પણ જાણીએ, જે સંગીત માટે ઉપયોગી છે.

પ્રથમ જાણીએ Reflection of sound - ધ્વનિપરાવર્તન. જ્યારે ધ્વનિતરંગોની સામે કોઈ દીવાલ કે એવી વસ્તુની સપાટી આવે છે ત્યારે Reflection sound - ધ્વનિપરાવર્તન - થાય છે. જો સામે આવતી સપાટીનો આકાર ધ્વનિ-તરંગના આકારથી મોટો હોય તો મૂળ તરંગનો કેટલોક ભાગ પરાવર્તન પામે છે અને કેટલોક ભાગ તે આડે આવનાર સપાટીને પાર કરીને આરપાર પસાર થાય છે. આમ થતાં એનું Magnitude ઘટે છે. આવું પરાવર્તન વધે તો અવાજ પાછો ફરતાં પડઘા પડે છે અને પડઘા સામે પણ જો કોઈ સપાટી આવે તો પરાવર્તિત ધ્વનિનું પરાવર્તન થાય છે. કેટલાંક મધ્યકાલીન સ્થાપત્યોમાં આનો ઉપયોગ કિલ્લાના એક છેડે થતી ધીમી વાતને બીજે છેડે પહોંચાડવામાં કરવામાં આવ્યો છે. હૈદરાબાદ-સિકંદરાબાદ પાસેના કિલ્લામાં પ્રવેશદ્વારે તાળી પાડો તે આ રીતે સામે છેડે

સંભળાય છે. જ્યારે ઇલેક્ટ્રિકલ ઉપકરણો ન હતાં ત્યારે આને આધારે જ એક અવાજને અનેક સુધી પહોંચાડવામાં આવતો. ગ્રીક નાટકો ટેકરીઓ વચ્ચે ભજવાતાં અને Reflection of soundનો લાભ લઈને હજારો પ્રેક્ષકો સંવાદ અને ગીત સાંભળી શકતાં. આ રીતે મંચ પર sound-reflectors રાખીને concave અથવા parabolic board જેનો આકાર ઊંધા 'સી' જેવો (⊃) હોય છે, તેની યુક્તિથી અવાજ પરિવર્તિત કરીને મોકલવામાં આવતો. ઉનાળામાં અવાજ રેલાય છે, શિયાળામાં રેલાતો નથી, દૂર દૂર સાંભળી શકાય છે. એવી રીતે બંધિયાર મકાનમાં અવાજ બરાબર પહોંચે છે, પરંતુ ખુલ્લામાં પવન ગતિમાં હોય ત્યારે રેલાય છે.

સંગીતકલા એટલે અવાજના નિયંત્રણની જ સાધનાને અંતે મળતી સિદ્ધિ. આથી ગાયક-વાદક બન્ને Toneનો સમજપૂર્વકની માવજતે જ યથોચિત ઉપયોગ કરી શકે છે. આથી અવાજના પરાવર્તનની જેમ તેના Diffraction (વિવર્તન), Interference (વ્યતિકરણ), Resonance (અનુનાદ) અને Echo (પ્રતિધ્વનિ) વિશે પણ કેટલુંક જાણવું-સમજવું જરૂરી છે.

જ્યારે અવાજનાં મોજાંની વચ્ચે આડશ આવે છે ત્યારે તે અવાજનું મોજું પાછું ફરે છે. અથડાઈને પાછું ફરવું તેનો વિશિષ્ટ ગુણ છે, જેને Deffraction of sound - ધ્વનિનું પરાવર્તન - કહેવામાં આવે છે. આમ થાય છેં ત્યારે તેનો વેગ બદલાતો નથી. આ કારણે જ આપણે બંધ આડશોની પાર પણ અવાજ સાંભળી શકીએ છીએ.

જ્યારે બે ધ્વનિઓ પરસ્પર ટકરાય અને તે બંધ પડી જાય, શાંત કે મૃત બની જાય તેને અવાજનું વ્યતિકરણ કે વિનષ્ટીકરણ - Interference of sound કહેવામાં આવે છે. બે કંપનાંક - frequency અને કંપન-વિસ્તાર - Amplitude of vibration સમાન હોય છે, અને બન્ને ધ્વનિમાંથી સમાન તરંગ જન્મતા હોય છે અને બન્ને એક જ દિશામાં જતા હોય છે ત્યારે માધ્યમના કેટલાક નિશ્ચિત કણો પર ક્યાંક ધ્વનિ એકદમ વધી જાય અથવા એકદમ મંદ પડી જાય. આ ક્રિયાને ધ્વનિનું વ્યતિકરણ કહે છે.

પરંતુ આથી ઊલટું જો બે અવાજનાં મોજાંની લંબાઈ wave length અને કંપન-વિસ્તારના તરંગો - Amplitade-vibration ઊલટી દિશાઓમાં જતાં હોય તો તેના સંયોજને બનતા તરંગમાં કોઈક બિંદુ પર કંપન બંધ થઈ જાય તો કોઈ બિંદુ પર અધિકતમ કંપન થાય છે. આ બન્ને પ્રકારના બિંદુઓ સામસામે એકસરખા અંતરે સ્થિર રહે છે. આ રીતે બનતા તરંગને stationary wave - પાસેપાસેના તરંગ કહેવામાં આવે છે. આનું કારણ એ છે કે બન્ને તરંગોની વેવ-લેંથ અને એમ્પ્લિટ્યૂડ વાયબ્રેશન સમાન હોવાને કારણે, કેટલાક કણ તો સ્થાયીરૂપે સ્થિર રહે છે અને કેટલાક કણનો કંપનવિસ્તાર બમણો થઈ જાય છે.

કોઈ પણ વસ્તુ કોઈ બહારના સ્રોતથી જાતે કંપન કરે તો એ ક્રિયાને Sympathetic Vibration કહે છે. દા.ત. ષડજના અને પંચમના તાર હોય અને ષડજના તાર પર પંચમ વાગે ત્યારે એ પંચમના ધ્વનિથી પંચમનો તાર પણ સ્વયમેવ પ્રૂજવા લાગે અને તેમાંથી 'પ' વાગે. આ રીતે એક તાર પરનો સ્વર વગાડીએ અને તે સ્વરનાં આંદોલને તે સ્વરમાં મેળવેલો તાર પોતાની મેળે જ, વગર સ્પર્શે, ઘર્ષણે કે આઘાતે પ્રૂજવા લાગે અને તેમાંથી સ્વર વાગે તેને - Sympathetic Vibration કહે છે. સારંગી, દિલરૂબા અને સિતાર જેવાં વાદ્યોમાં નીચે તરફના તાર હોય છે. જ્યારે મુખ્ય તારમાં કોઈ સ્વર વાગે છે ત્યારે સંબંધિત સ્વરમાં મેળવેલો તાર Sympathetic Vibration કહે છે ને તેમાંથી પણ તે સંબંધિત સ્વર વાગે છે. આથી એકસાથે બે તારમાંથી જન્મતા એક જ સ્વરના બે ધ્વનિઓ ગુંજન વધારે છે. વાગતા સ્વરને ઘનીભૂત કરે છે. આથી સાબિત થાય છે કે જેની ફ્રીક્વન્સી સમાન છે એને બાજુ બાજુમાં રાખવાથી એક પર ગુંજન થાય, સ્વર ઊઠે તેના ધ્વનિથી બીજામાં સ્વયમેવ ગુંજન થાય છે અને સ્વર જન્મે છે. આને 'અનુનાદ' કહે છે. બંનેની ફ્રીક્વન્સી સમાન હોવાથી એકમાંથી જન્મતો સ્વરનો ધ્વનિ હવામાં પ્રસરતાં તેની ફ્રીક્વન્સી સમાન ફ્રીક્વન્સીમાં કંપન પેદા કરે છે. આમ એક ધ્વનિમાં સહાયક એવા અનુનાદનો ઉમેરો થતાં ધ્વનિની ઘનતા વધે છે. પરંતુ જો બાજુની વસ્તુની ફ્રિક્વન્સી જુદી હોય તો કોઈ અસર થતી નથી. મુખ્ય તાર પર 'ધ' વાગે ત્યારે બાજુના પંચમમાં મેળવેલા કે નીચેના 'ધ' સિવાયના તરબ/તરફના તાર પર કોઈ અસર થતી નથી. આમ, Sympathetic Vibrationનું મુખ્ય કારણ ફ્રીક્વન્સિની સમાનતા છે. આ સહાયક નાદ કે અનુનાદ મુખ્ય નાદ ચાલુ હોય ત્યાં સુધી જ ટકે છે. આથી આને પ્રેરિત કંપન - Forced Vibration પણ કહેવામાં આવે છે. Tuning Fork - સ્વરિત દ્વિભુજને અથડાવીને હવામાં વગાડીએ તો એનો ધ્વનિ મંદ હોય છે, ધીમો હોય છે. પરંતુ એને વગાડીને મુઠ્ઠીમાં પકડીને સીધો રાખીએ તો એનો અવાજ મોટો લાગે છે. કેમ કે બન્ને ભુજમાંથી ઊઠતા સ્વરો એના અવાજને મોટો બનાવે છે. પરસ્પરમાં ઊઠતા સ્વરો પરસ્પર માટે Sympathetic Vibration પેદા કરે છે.

આ સિદ્ધાંતનો ઉપયોગ કરીને કેટલાંક વાદ્યોમાં Sound Board લગાડવામાં આવે છે. આને કારણે વાદ્યમાં વગાડાતા સ્વરની તીવ્રતા દ્વિગુણિત બને છે. તંતુવાદ્યમાં જ્યારે તાર પર કંપન થાય છે ત્યારે તેનું Periodic Force - આવર્તનબળ વાદ્યની ઘોડી કે જવારી - Bridge દ્વારા પોલા તુંબડા કે ખોખામાં

ડ૪ છે. આથી ખોખા કે તુંબડામાં રહેલી હવામાં કંપન થાય છે. આ કંપનને Sound Board - દ્વિગુણિત કરીને ગુંજન વધારે છે, તીવ્ર કે ઘટ્ટ બનાવે છે. અવાજ મોટો બને છે. વાયોલિન અને બાંસૂરીમાં તો આખા અંદરના શરીરમાં ગુંજારવ થતું હોય છે તેથી મોટો અવાજ મળે છે. વાયોલિનમાં પણ વિશેષ ગુંજન માટે એના બોડીમાં ઊભી નાની ગોળ લાકડીનો ટુકડો રાખવામાં આવે છે જે ઘોડી નીચે રહે છે અને એને સાઉન્ડ-પોસ્ટ-ધ્વનિયષ્ટિકા કહેવામાં આવે છે.

બોલાયેલો ધ્વનિ પછડાય અને બીજી વાર તે સંભળાય તેને પડઘો - Echo કહે છે. પડઘાનું કારણ ધ્વનિ આડે આવતી સપાટી છે, જે ધ્વનિને પરાવર્તિત કરે છે. બંધ ખંડમાં, ખીણ-કોતરમાં પડઘા સાંભળી શકાય છે. સાંભળનારના કાનમાં કોઈ ધ્વનિનો પ્રભાવ $\frac{૧}{૧૦}$ સેકંડ સુધી જ રહેતો હોય છે. આથી આ સમય પછી પરાવર્તિત થયેલો ધ્વનિ પાછો ફરે છે ત્યારે સાંભળેલું ફરી વાર સાંભળી શકાય છે, જેને પ્રતિધ્વનિ કે પડઘો કહીએ છીએ. પરંતુ પરાવર્તિત ધ્વનિ જો $\frac{૧}{૧૦}$ સેકંડમાં જ પાછો આવે તો બીજી વખત સાંભળીએ છીએ એવું લાગતું નથી, $\frac{૧}{૧૦}$ સેકંડ પછી પરાવર્તિત ધ્વનિ જો પાછો પડે તો જ સાંભળેલું ફરી સંભળાય છે. ધ્વનિનો વેગ ખુલ્લી હવામાં એક સેકંડમાં ૧,૧૨૦ ફીટ જેટલો હોય છે. આથી પડઘો સાંભળવા માટેનું અંતર $\frac{૧૧૨૦}{૨} \div ૧૦ = ૫૬$ ફીટ તો ઓછામાં ઓછું હોવું જોઈએ. આધુનિક ખંડમાં જાળી મૂકીને કે ખૂણા કરીને અથવા તો સામેની દીવાલ પર પ્લાસ્ટર ઑફ પેરીસના છાણા થાપીને મૂકીને કે એવી કોઈ પણ યુક્તિ કરીને પડઘો ન પડે એવા ઇકો પ્રૂફ કરવામાં આવે છે. અને બહારના બીજા ધ્વનિ અંદર ન પ્રવેશે એ માટે સાઉન્ડ પ્રૂફ કરવામાં આવે છે.

આમ સંગીત એટલે ધ્વનિનું, અવાજનું નિયમિત અને નિયંત્રિત કરેલું સ્વરૂપ અને તે જ સંગીતકલાનું માધ્યમ. ૨૨ શ્રુતિમાંથી ૭ સ્વર આવ્યા અને ચાર કોમળ અને એક તીવ્ર એમ પાંચ એમાં ઉમેરાતાં કુલ ૧૨ સ્વરો થયા.

'સા' અને 'પ'	અચળ સ્વર	=	૨
રે, ગ, મ, ધ, નિ	શુદ્ધ	=	૫
<u>રે</u>, <u>ગ</u>, <u>ધ</u>, <u>નિ</u>	કોમળ	=	૪
મા	તીવ્ર	=	૧
			૧૨ સ્વર

આપણો મધ્યમ અવાજ એક સપ્તક નીચે જઈ શકે અને એક સપ્તક ઊંચો જઈ શકે, આથી સૌથી નીચેનું સપ્તક એટલે કે મંદ્ર સપ્તક, વચ્ચેનું એટલે મધ્ય સપ્તક અને એથી ઉપરનું એટલે તાર સપ્તક એમ (૧) મંદ્ર (૨) મધ્ય અને (૩) તાર ત્રણ સપ્તક છે. મંદ્ર સપ્તકના સ્વર નીચે બિંદુ (•) મૂકવામાં આવે છે. જેમ કે મ઼. મધ્ય સપ્તકના સ્વર નીચે કોઈ ચિહ્ન હોતાં નથી. તાર સપ્તકમાં ઉપર બિન્દુ (˙) મુકાય છે, જેમ કે રેં: એ રીતે શુદ્ધ સ્વરો નીચે કોઈ ચિહ્ન મુકાતું નથી. કોમળ સ્વર નીચે રેખા (-) મુકાય છે, જેમ કે <u>રે</u>, <u>ગ</u>, <u>ધ</u>, <u>નિ</u>. અને તીવ્ર મધ્ય ઉપર અથવા બાજુમાં માત્રા આવે છે. 'મે' અથવા 'મા' કોઈ વાદક કે ગાયક મંદ્રની નીચે જઈ શકે છે. તેને પૂર્વ મંદ્ર કહેવાય છે અને તેવા સ્વર નીચે બે બિંદુ મૂકીને દર્શાવાય છે. રે̤ એ રીતે તારથી ઉપરના સપ્તક પર કોઈ જઈ શકે તેવા સ્વર ઉપર બે બિંદુ રે મૂકી શકાય. આમ (૧) પૂર્વમંદ્ર, (૨) મંદ્ર, (૩) મધ્ય, (૪) તાર, (૫) અનુતાર એમ પાંચ સપ્તક થાય, જે નીચે પ્રમાણે ચિહ્નથી દર્શાવી શકાય :

(૧)	પૂર્વમંદ્ર સપ્તક	:	સા̤	રે̤	ગ̤	મ̤	પ̤	ધ̤	નિ̤
(૨)	મંદ્ર "	:	સા઼	રે઼	ગ઼	મ઼	પ઼	ધ઼	નિ઼
(૩)	મધ્ય "	:	સા	રે	ગ	મ	પ	ધ	નિ
(૪)	તાર "	:	સાં	રેં	ગં	મં	પં	ધં	નિં
(૫)	અનુતાર "	:	સા̈	રે̈	ગ̈	મ̈	પ̈	ધ̈	નિ̈

પશ્ચિમી સંગીતમાં સપ્તક કેમ બન્યા અને તેમાં કાળક્રમે કેવાં ઉમેરણો-સંવર્ધનો-સુધારા-વધારા થયા તે આપણે આગામી અંકમાં જોઈશું. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બૅંગલોરના યોગી મહારાજ

તા. ૩૧-૫-૮૫. સાપેક્ષતા અને વિશ્વરચના વિષે એક ગ્રીષ્મવર્ગ ચલાવવા હું બૅંગલોર આવ્યો છું. અહીં પાણીની તંગી છે. ચાર-પાંચ દિવસમાં વરસાદ ન આવે તો રોજ પાણી આપવાને બદલે એકાન્તરે પાણી નળમાં આપવું પડે તેવી હાલત છે અને વિચિત્ર વાત તો એ છે કે, રાજ્યસરકારનાં વૉટર-કમિશને એક યોગી મહારાજને આમંત્રણ આપ્યું કે પાણી પૂરું પાડતું જે સરોવર છે તેને કિનારે યજ્ઞ કરે જેથી વરસાદ આવે ! અને ગઈ કાલથી યોગી મહારાજે જપ શરૂ દીધા છે. કર્ણાટકમાં આ યોગી મહારાજના શિષ્યો ઘણા છે. કહે છે કે ૧૯૭૯માં અને ૧૯૮૧માં પણ તેમણે આવા જપ કર્યા હતા અને વરસાદ આવ્યો હતો !

પણ બૅંગલોર તો ભારતનું એક મોટું વિજ્ઞાન-કેન્દ્ર છે. દેશની સૌથી પહેલી વૈજ્ઞાનિક સંસ્થા ઇન્ડીઅન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ ૭૫ વર્ષથી અહીં કાર્ય કરે છે. સી. વી. રામન્, ભાભા, વિક્રમ સારાભાઈ જેવા વિજ્ઞાનીઓ અહીં કાર્ય કરી ગયા છે. એટલે આ યોગી મહારાજનું ચેલેન્જ ખાલી ન જાય એ સ્વાભાવિક છે. બૅંગલોર યુનિવર્સિટીના માજી વાઈસ ચૅન્સેલર નરસિંહૈયાએ યોગી મહારાજની આ હરકતને તરકટ તરીકે વર્ણવી. તેમણે કહ્યું કે નૈર્ઋત્યનું ચોમાસું કેરળમાં બેસી ગયું છે અને યોગી મહારાજ જપ કરે કે ન કરે ચારપાંચ દિવસમાં કર્ણાટકમાં પણ ચોમાસું બેસવાનું છે. તેણે જુવાનોને હાકલ કરી કે યોગીની સામે દેખાવો કરો અને કાલે દેખાવો પણ થયા ! પણ સમગ્ર દક્ષિણ ભારત બાકીના ભારત કરતાં વધુ 'ધાર્મિક' છે. આદિ શંકરાચાર્ય કેરળના હતા. બધા જ સાંઈબાબા કર્ણાટકના છે. અમે ૧૯૬૬માં મદ્રાસ ગયા હતા, ત્યાંની વિજ્ઞાન સંસ્થામાં મેં ૧૦ ભાષણો આપ્યાં. તેનું મહેનતાણું મને મળવાનું હતું, છેલ્લું ભાષણ ૧૨-૦૦ વાગે પૂરું થયું ત્યારે સંસ્થાના વડા મને આવીને કહે, 'માફ કરજો, તમારે દોઢેક કલાક રોકાવું પડશે, કારણ કે અત્યારે કાળ ચોઘડિયું ચાલે છે અને અમે કાળ ચોઘડિયામાં પેમેન્ટ (ચુકવણી) કરતા નથી !!'

એટલે દક્ષિણમાં યોગીરાજોને માનવાવાળા વિજ્ઞાનીકોની પણ બહુમતી છે ! બૅંગલોરથી ચાર અંગ્રેજી છાપાં નીકળે છે. તેમાં એક જ છાપાએ યોગીમહારાજ સામેના દેખાવોનો ફોટો છાપ્યો છે, જ્યારે બધાં જ છાપાંએ સરોવરકિનારે ચેલાઓ સાથે બેસી પરજન્યના જાપ જપતા યોગીના ફોટા છાપ્યા છે!

અને હું અહીં વિશ્વની ઉત્પત્તિની પહેલી ૩૦ સેકન્ડમાં શી સ્થિતિ હતી તે સમજવા, સમજાવવા માટે ગ્રીષ્મવર્ગો ચલાવવા આવ્યો છું !!

આંદોલનમાં વિશિષ્ટ ભાત

તા. ૯-૬-૮૫. અનામત વિરોધી આંદોલનના અનુસંધાનમાં શરૂ થયેલી ગુજરાતની ધમાલનો કોઈ અન્ત આવે તેનાં નિશાન દેખાતાં નથી. આ આંદોલન ભલે અનામત વિરોધી કહેવાતું હોય પણ મને લાગે છે કે તેનો મૂળ હેતુ તો મુખ્ય પ્રધાનને હઠાવવાનો જ છે. એટલે જ તો વાટાઘાટો થાય છે અને નજીવા કારણસર વાત અટકી જાય છે અને તરત જ આગ, લૂંટફાટ, ખંજરબાજી શરૂ થઈ જાય છે. દસેક દિવસ કર્ફ્યૂ વગરના ગયા ત્યાં કાલે રાત્રે પાછાં તોફાનો શરૂ થયાં અને શહેરના કોટ વિસ્તારમાં કાલ રાતથી અનિશ્ચિત મુદતનો કર્ફ્યૂ લાગી ગયો છે.

આંદોલનમાં એક ભાત ઊપસી આવે છે. તા. ૨૭થી પછીના મહિનાની ૭, ૮ તારીખ સુધી બધું શાંત રહે. કારણ કે મહિનાને અન્તે પગાર થવાના હોય ને ? તા. ૧૦ સુધીમાં બધા પગાર ચુકવાઈ જાય એટલે તોફાનો શરૂ. આપણાં પાડોશી ડૉક્ટર બહેને તો આ ૭મી તારીખે તેમના દવાખાનાના એકાઉન્ટ ક્લાર્કને કહ્યું કે, હવે પગારો ચુકવાઈ ગયા છે, પછી દવાખાનાના અમારા આંટા ક્યારથી બંધ કરાવો છો ? ક્લાર્ક કહે, 'ધીરજ રાખો. આજકાલમાં બધું ગોઠવાઈ જશે. અને તે દિવસે બપોરે ૨-૪૫ વાગે દરિયાપુર-કાળુપુરમાં અનિશ્ચિત કાળનો કર્ફ્યૂ લાગી ગયો. ડાક્ટરબહેનના દવાખાનાના આંટા બંધ થઈ ગયા. આશા રાખીએ કે હવે પૅટર્ન પ્રમાણે ૨૫મી તારીખથી ફરી 'આંટા' શરૂ થશે !

૨૦મી ફેબ્રુઆરીથી શાળા-કૉલેજ બંધ છે. ત્રીજી જૂનથી શાળાઓ ઊઘડવાની હતી તે ઊઘડી નથી. વિદ્યાર્થીઓએ બધાં ચોપડાં ઉપર ચઢાવી દીધાં છે અને ભણવાના ટેબલ ઉપર નાનો ટી.વી. સેટ ગોઠવી દીધો છે. ગુજરાતમાં બાળકો હવે શાળાએ જતાં નથી પણ ટી.વી. ઉપર અમિતાભ બચ્ચન અને રાખીના ઢિશુમ્ ઢિશુમ્ ચિત્રો જુએ છે ! આ સ્થિતિ જો લાંબી ચાલે તો ઊગતી પેઢીને કેટલું નુકસાન થશે તેનું મને મનમાં મંથન રહ્યા કરે છે. 'પડોશ-શાળા' જેવું કાંઈક આયોજન કરી બાળકોને ભેગાં કરી રોજ બે ત્રણ કલાક બૌદ્ધિક વાતાવરણમાં રાખવાનો વિચાર મનમાં ઘુમરાયા કરે છે.

સરી જતી આત્મશ્રદ્ધા

તા. ૨૧-૬-૮૫. અમદાવાદમાં હજુ કશું ઠેકાણે પડ્યું નથી. પરિસ્થિતિ યથાવત્ છે. અનામતનો પ્રશ્ન હવે ગૌણ લાગે છે. પોલીસ અને કાયદાનો પણ પ્રશ્ન નથી. પ્રશ્ન રાજકારણનો છે

અને રાજકારણીઓ જ તે ઉકેલી શકે તેમ છે !

દરમિયાન રેડીઓ રોજ સવારે પાંચ મિનિટ વિવિધ વ્યક્તિઓના શાન્તિ સંદેશ પ્રસારિત કરે છે. હિન્દુ-મુસ્લિમ એક છે, ધર્મ વેર રાખવાનું શીખવતો નથી, એવી એવી વાતો બધા ધર્મગુરુઓ અને દેશનેતાઓ આવીને કરે છે. રેડીઓને વળી શું સૂઝ્યું તે મને કહ્યું કે, તમે શાન્તિ સંદેશ આપો. સાથે ઉમેર્યું કે ચીલાચાલુ સંદેશ તો બહુ બ્રોડકાસ્ટ કર્યા છે માટે તમે કાંઈક જુદું આપો એમ માગણી છે. મંગળવાર તા. ૧૭૮-૬-૮૫ની સવારે ૭-૧૫ વાગે મેં નીચે પ્રમાણે સંદેશ આપ્યો :


આજથી પંદરેક વર્ષ પહેલાંની વાત છે. મુંબઈ ખાતેની પૂર્વ જર્મની વાણિજ્ય કચેરીના કોન્સલ અમદાવાદ આવ્યા હતા. ભારત આઝાદ થયું તે પહેલાં પણ તેઓ ગાંધી-વિચારના અભ્યાસ માટે ગાંધીજી સાથે સેવાગ્રામ રહી ગયા હતા. અમદાવાદમાં જ્યારે તેઓ યુનિવર્સિટીના શિક્ષકોને મળ્યા ત્યારે વાતવાતમાં તેમણે એક વેધક પ્રશ્ન પૂછ્યો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી આવીને ભારતમાં અમદાવાદને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યું. અહીં રહી તેમણે સત્યાગ્રહ અને અહિંસાના સિદ્ધાન્તો ઘડ્યા અને રાષ્ટ્રિય સ્તરે તેનો વ્યવહારુ ઉપયોગ કર્યો. વર્ષો સુધી અમદાવાદમાં રહ્યા રહ્યા ગાંધીજીએ આ પ્રવૃત્તિઓ કરી તેની ગુજરાતનાં અને ખાસ કરીને અમદાવાદનાં જનજીવન ઉપર કસી અસર દેખાય છે ખરી ? તેમના આ પ્રશ્ને ઘડીભર તો અમને વિચાર કરતા કરી મૂક્યા. તરત જ જવાબ ન સૂઝ્યો પણ મન વિચારે ચડ્યું. ગાંધીનું ગુજરાત, સરકારનું ગુજરાત એમ આપણે પ્રસંગ આવે કહેતા રહીએ છીએ. પણ ગુજરાતના સામાન્ય જનજીવનમાં એવું કશું દેખાય છે જેને લીધે આપણે ગાંધીની ગુજરાત, એમ કહી શકીએ અને પેલા જર્મન રાજનીતિજ્ઞના પ્રશ્નનો જવાબ આપી શકીએ ? જરા અવલોકન કરતાં આવું ઘણું નજરે પડશે. એક ઉદાહરણ લઈએ.


તે દિવસોમાં મ્યુનિસિપલ ડેરીનું દૂધ બાટલીઓમાં આવતું. બપોરના દૂધ ભરેલી બાટલીઓનાં ખોખાં વિતરણકેન્દ્ર ઉપર મૂકીને ટ્રક ચાલી જાય. દૂધ-વિતરક આવ્યો ન હતો અને કેબિનને તાળું હતું. તેથી ખોખાં કેબિન પાસે ખુલ્લામાં પડ્યાં હતાં. દૂધનો વખત થયો તેમ લોકો આવવા લાગ્યાં અને કેબિન પાસે શાંતિથી લાઈનમાં ઊભાં રહ્યાં. બાટલીભરેલાં ખોખાં પડ્યાં હતાં છતાં કોઈ તેને અડકતું નથી. ત્યાં તો દૂધ-વિતરક આવ્યો અને તેણે દૂધ વેચવાનું શરૂ કર્યું. દૂધ નધણિયાતું પડ્યું હતું. પોલીસ કે તંત્રનો કોઈ પ્રતિનિધિ હાજર ન હતો. પરંતુ લોકોમાં સ્વયંભૂ શિસ્ત હતી અને લોકોએ વિતરક આવ્યો ત્યાં સુધી શાંતિથી રાહ જોઈ ! ઉઘાડી આંખ રાખીને ફરનારાને ગાંધીના ગુજરાતના લોકોની આ સ્વયંભૂ શિસ્તનાં અનેકાનેક ઉદાહરણો જોવા મળશે.

પરંતુ આજે ? આજ છેલ્લા ત્રણ માસથી જે થઈ રહ્યું છે તે જોતાં ગાંધીની કર્મભૂમિ ગુજરાત ઉપર ગાંધીની અસર ઘટવા લાગી છે કે શું તેવો વિચાર આવે. આજના સંયોગો એવા છે કે મન ઉદ્વિગ્ન થઈ જાય. પણ લાગણીના પ્રવાહમાં તણાયા વગર સ્થિર ચિત્તે થોડો વિચાર કરીએ. ગુજરાતના જનજીવનમાં વ્યાપક દેખાતી સ્વયંભૂ શિસ્તનું મૂળ ક્યાં છે ? વિચાર કરતાં જણાશે કે, સ્વયંભૂ શિસ્ત વ્યક્તિની મક્કમ આત્મશ્રદ્ધામાંથી જન્મે છે. ગાંધીની કર્મભૂમિ ગુજરાત ઉપર ગાંધીની અસર હોય તો એ છે સામાન્ય ગુજરાતીમાં પ્રકટેલી આ આત્મશ્રદ્ધા.

છેલ્લા ત્રણ માસમાં આપણે ઘણું નુકસાન વેઠ્યું છે. કેટલી જાનહાનિ થઈ છે, કેટલાં મકાનો, ઝૂંપડાંઓ તારાજ થયાં છે. કરોડો રૂપિયાનો વેપારધંધો અટવાઈ ગયો છે. કેટલાંયે કુટુમ્બોની રોજી રોળાઈ ગઈ છે. આ ભયંકર યાતનાઓ કરતાં અમુક અંશે વધારે ભયાનક પરિણામ તો એ છે કે, આ ત્રણ માસમાં આપણે પેલી ગાંધીએ આપેલી મક્કમ આત્મશ્રદ્ધામાંથી વિચલિત થયા છીએ એવું લાગ્યા કરે છે.

ઈકબાલે કહ્યું છે કે, કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નંહીં હમારી. અત્યારના આપણા સંયોગોમાં હસ્તી (અસ્મિતા) ટકાવી રાખવાની રીત ઈકબાલના કહેવા પ્રમાણે આપણા સંસ્કાર અને ઈતિહાસમાં જ પડેલી છે. ગુજરાતની પ્રજાની સ્વયંભૂ શિસ્ત અને વ્યવહારુ શાણપણ પુનઃ પ્રાપ્ત કરવાની ગુરુચાવી છે આપણી સરી જતી આત્મશ્રદ્ધાને જાળવી રાખવી અને ગાંધીના ગુજરાત માટે આ જરાયે અઘરું નથી. જરા વિચારીએ, આપણે આ આત્મશ્રદ્ધા પુનઃ પ્રાપ્ત કરીએ. □





સ્થિર નદી, સરતાં નીર

મકબરો કે મહેલ ?

— પ્રીતિ સેનગુપ્તા —

ખાસ કરીને શિયાળાની સવારો બેજિન્ગમાં બહુ ધૂંધળી ઊગતી હોય છે. થોડું ધુમ્મસ, થોડી દૂષિત હવા, અને સર્વત્ર એકરંગી ભૂખરું. એવી જ એક સવારે હું એવી જગ્યા જોવા નીકળી જે શહેરની જ નહીં, દેશની જ નહીં, પણ આખી દુનિયામાંની સૌથી વધુ વિખ્યાત બે-ત્રણ જગ્યાઓમાંની એક છે. અમેરિકાના અવકાશયાત્રીઓ જ્યારે ચંદ્ર પર પહોંચ્યા ત્યારે ત્યાંથી તો પૃથ્વીના ગોળા પરની ફક્ત એક જ ઉપસ્થિતિ સ્પષ્ટ થતી હતી, ને એ હતી 'ધ ગ્રેટ વૉલ ઑફ ચાઈના' - જેને આપણે કેવળ 'ચીનની દીવાલ' કહેતાં આવ્યાં છીએ. ચીનમાં ઘણું ઘણું સુંદર અને અવનવું જોયા પછી પણ એ દીવાલને જોવાની ઉત્તેજના મોખરે રહે છે.

ચીનમાં સવાર વહેલી ઊગે છે. માઈલોના માઈલોની રોજિંદી સફર લોકો સાઇકલ પર આરંભી દે છે. શહેર તરફ જતી બસો ખીચોખીચ ભરેલી હોય છે, ને કેટલાયે લોકો ઊભા ઊભા જ એમાં માઈલોના માઈલો કાપતા રહે છે. ઘણા લોકો સાઇકલ-ઠેલામાં સામાન ભરીને લઈ જતા દેખાય, અને થોડાં ઘોડા-ગાડાં પણ નજરે ચડે. જેમ જેમ શહેરથી દૂર જતા જાઓ તેમ તેમ દશ્ય બદલાતું જાય. બહુમાળી મકાનો પૂરાં થાય ને ફૅક્ટરીઓ આવે; પછી એ ખેતરો અને કમ્યૂન-કેન્દ્રો માટે જગ્યા કરી આપે; અને એથી પણ દૂર, રસ્તો જન-જીવનથી વંચિત બને. ત્યારે, અનિકટની ક્ષિતિજ પરના ભૂરા-શા ધૂંધળાટમાંથી પર્વત-માળા દશ્યમાન બનતી લાગે.

શહેરનો મુખ્ય ભાગ છોડ્યા પછી રસ્તા પર લાગી ગયેલાં, સવારના નાસ્તા માટેનાં અનેક સ્ટૅન્ડ દેખાવા માંડે. ત્યાં 'મિએન્બો' કહેવાતી, લાંબી પાતળી 'બ્રેડ' મળે. ઘઉંના લોટમાંથી બનાવીને એને તેલમાં તળવામાં આવી હોય. ચીની શૈલીના, પાતળા રસાવાળા 'તોફુ' - શોરબા સાથે બધાં એ ખાય. સવારે જ મળે એ વાનગી. સ્થિર ને સ્થગિત એવી એકાદી નદી આવી ચડે - જેમ કે યઁગ નદી, ને પછી પ્રદેશ સૂકો, ખાલી, એકલવાયો બની જાય. વૃક્ષો સતત અને ચોતરફ હોય - પીચ, પર્સિમોન, ઍપલ, વ્હાઈટ બર્ચ, સિકામોર; પણ શિયાળુ મોસમને લીધે સૂકલકડાં થઈને રહેલાં હોય. એવા સૂકા, ભૂખરા પ્રદેશમાં તોયે કાકડી, ટામેટાં, બટાકા, ડુંગળી, ગાજર જેવાં શાકભાજી ઢાંકો-ઢૂંબો કરાઈને, સાચવી-સંભાળીને તો ઉગાડાઈ જ રહ્યાં હતાં.

ચીનના માર્ગો આમ તો સરખા, સિમેન્ટથી ચણેલા હતા, પણ એના પરનું ચલન બહુ સરળ ના રહેતું. ચાલક ચલાવે બહુ ઝડપથી, વારંવાર અચાનક બ્રેક માર્યા કરે; એટલે હંમેશાં એ એક સાહસ જેવું બની રહેતું. લગભગ અડધે રસ્તે, પ્રવાસીઓને જાણે ફરજિયાતપણે વિરામ અપાતો. ત્યાં એક ખૂબ મોટો ફ્રૅન્ડશિપ સ્ટોર બનાવાયો હતો - સુવિશાળ, સુસંગૃહીત, ને સુવ્યવહારિત. સ્વચ્છ પણ એવો જ. ત્યાંના ટૉઇલેટમાં અગરબત્તી સળગાવાઈ હતી ! નજીકમાં જ, ગૉલ્ફ - રમતનું મેદાન અને આહાર-ગૃહ હતાં. આધુનિક પ્રવાસીઓનો પૂરેપૂરો ખ્યાલ રાખતું થઈ ગયું હતું ચીન.

પર્વતોની તળેટીના એ મેદાન-વિસ્તારમાં ઐતિહાસિક કબરો આવેલી હતી. ત્રણ હજાર વર્ષ પહેલાં પણ એ પ્રથા ચીનમાં મોજૂદ હતી. મિન્ગ રાજવંશના કુલ સોળ સમ્રાટોમાંના તેર ત્યાં દફન કરાયેલા. બધા કબરાગારો પર ખોદકામ હજી થયું નથી. જે એક કબર જોવા પ્રવાસીઓને લઈ જવાતાં હતાં તે 'લો' નામના રાજાની હતી. એ રાજકુમાર માત્ર દસ વર્ષની વયે રાજગાદી પર બેઠેલા, ને અઠ્ઠાવન વર્ષની ઉંમર સુધી એમણે રાજ્ય કરેલું. ૧૬૨૦માં એ મૃત્યુ પામ્યા, તે પછી શરૂ કરાયેલું

એમનું સમાધિ-સ્થાન બંધાઈ રહેતાં બાવીસ વર્ષ થયેલાં.

મુખ્ય દ્વાર ખૂલતું હતું એક શાંત, સુંદર, સ્વચ્છ પ્રાંગણમાં. એની બે તરફના પ્રદર્શન-ખંડોમાં રત્નો, મુગટો, માટીનાં ને ધાતુનાં પાત્રો, ચીની ભાષામાંના રુક્કા વગેરે ગોઠવેલાં હતાં - કબરાગારમાંથી ખોદીને બહાર કઢાયેલી બધી સામગ્રી. પણ કબર પોતે ચાર માળ ઊંડે હતી. ભૂગર્ભમાં એક પ્રાસાદ હતો. શું અ-લૌકિક એનું વિરચન. નીચે ઊતરવાની સીડીનાં પગથિયાં સાંકડાં હતાં, પણ પછી અંદરના મધ્ય-પથો અને ખંડો ખૂબ મોટા, પહોળા, હવાની આવ-જાથી યુક્ત અને ભારે ઉજાસવાળા હતા. ઈજિપ્તના પેલા વિશ્વવિખ્યાત પિરામિડ-મકબરા મને યાદ આવ્યા વગર રહ્યા નહીં. એમાં એટલી તો ગરમી, ને એવી અસહ્ય ગૂંગળામણ કે મૃતાત્માને આવવા-જવા માટે રાખેલા ઊંચા કાણામાંથી આપણો જ જીવ જતો રહેશે, એમ લાગે.

એ ચીની મિન્ગ-મકબરાની છત ખૂબ ઊંચી, કમાનાકાર હતી. સંગેમરમરની દીવાલો હતી, ને મૂળ સમયનાં દ્વાર પણ સંગેમરમરનાં હતાં. આરસની ત્રણ વેદી પર મોટાં મોટાં ધૂપ-દાન હતાં. ખૂણે ખૂણે રાજવી નીલ રંગનાં અત્યધિક વિશાળ મૃત્તિકા-પાત્રો મૂકેલાં હતાં. રાજવી પ્રભાવનાં સૂચક આરસનાં સિંહાસનોની વિશાળ પીઠ અને ભુજાઓ પર, સમ્રાટનાં પ્રતીક એવા ભુજંગ-શિલ્પો જડેલાં હતાં. જીવંત સમ્રાટોને શોભે તેવો એ ખંડ હતો.પણ સાવ ખાલી ખાલી, ને આરસને કારણે ઠંડો, નિર્જીવ, ભાવવિહીન.

એની પછીના કક્ષમાં ત્રણ કફન હતાં. અલબત્ત, અત્યધિક વિશાળ. ચીની લાક્ષણિક ઘેરા લાલ રંગ, કે લાખથી, રંગેલા કાષ્ઠના ત્રણ લંબચોરસ. એક સમ્રાટ માટે, એક સામ્રાજ્ઞી માટે, અને ત્રીજો સમ્રાટની સૌથી પ્રિય ઉપપત્ની માટે ! આસપાસ મૂકી રખાયેલી લાકડાની કેટલીક પેટીઓમાં બીજો પ્રાચીન ખજાનો ભરેલો હતો, એમ કહેવામાં આવ્યું. મહેલોના મહેલો હતા એ ભૂમિના ગર્ભમાં.

બે સીડીઓ ચડીને એક અગાશીમાં અવાતું હતું. ત્યાં એક ઊંચો, લાલ પથ્થરનો બનાવેલો, 'આત્માનો મિનાર' કહેવાતો સમાધિ-પ્રસ્તર હતો. પ્રવાસીઓને લલચાવવા માટે જ સ્થાપિત કરેલી મોટી દુકાનની પાળના ભોજન-ખંડમાં થોડું ખાવાનું આપવામાં આવ્યું - એક કાગળના ડબ્બામાં પહેલેથી ગોઠવેલું. એમાંની બ્રેડ મેં ખાધી નહીં, નાની કેક બહુ ચીકણી ને તેલવાળી હતી, તેથી સફરજન પર થોડાં બચકાં ભર્યાં, અને સુગંધી, મોગરાની ચીની ચ્હાનું ગરમ પાણી પીધું. ચીનમાં મને ખાવાની બહુ જ મુશ્કેલી નડતી રહી. ક્યારેક એકાદ ખાણું સારું, કે ઠીક જેવું, મળી જાય, પણ મોટે ભાગે તોમારે સત્ત્વ, સ્વાદ અને સંતોષ વગરના ખોરાકથી જ ચલાવી લેવું પડતું. પહેલી વાર ચીનમાં પાંચ રતલ વજન ઘટી ગયું હતું - બે જ અઠવાડિયામાં, અને સત્ત્વોની ઓછપને કારણે પાછી આવીને હું જરા માંદી પણ પડી ગઈ હતી. બીજી વાર ચીન ગઈ ત્યારે દેશ ઘણો બદલાઈ ગયેલો. મોટી મોટી હૉટેલો, એમાં પાશ્ચાત્ય રેસ્ટોરાં, અને ખાવાનું પણ ચીની સિવાયની શૈલીનું ક્યારેક મળી શકતું. તે સફર દરમિયાન પણ ચલાવી લેવું તો પડ્યું જ હતું. પણ માંદા પડી જવાય એવો અભાવ સહન કરવો નહોતો પડ્યો. ચીનનો પ્રવાસ ક્યારેય સાવ સહેલો તો હોતો જ નથી - ખાસ કરીને સાહસી, સ્થાન-પ્રેમી પ્રવાસી માટે. ચીનમાં લાંબો પ્રવાસ કરતા રહેલા બ્રુસ ચૅટવિન નામના યુવાન અંગ્રેજ પ્રવાસ-લેખકને એવો કોઈક રોગ લાગુ પડી ગયેલો, કે પાછાં ફર્યા બાદ થોડા જ મહિનાઓ પછી એ મૃત્યુ પામેલા. એમનું એ અકાળ મૃત્યુ વાચક-વર્ગને માટે દુઃખદ રહ્યું છે. બહુ માંદા ના પડી જવાય એવી સાવધાની રાખવાની જરૂર પણ કોણ ના જુએ ? પણ છેવટે તો, ક્ષેમ-કુશળની પ્રાર્થના કરતાં રહેવાની.

મિન્ગ-મકબરાનો પરિસર ખૂબ વૃક્ષોને લીધે ઉદ્યાન જેવો હતો. ચોગાનોમાં વાહનો રાખવાની જગ્યા હતી, અને અસંખ્ય નાની દુકાનો બેસી ગઈ હતી. શીઘ્ર-ખાદ્યના, ને કૅમેરા-ફિલ્મના સ્ટોલ પણ ખરા. વેચનારાં સાદ પાડીને પ્રવાસીઓને બોલાવતાં હતાં, તો અમેરિકન ડૉલરને કાળા બજારના ભાવે છૂટા કરી આપનારાઓ પાસે આવી ગુસપુસને અવાજે બોલતા હતા. એ બધાંથી જરાક દૂર 'સ્વર્ગીય પથ' કહેવાતો એક ભાગ હતો. એક કાળે ત્યાં થઈને સમ્રાટોની સ્મશાનયાત્રા પસાર થતી. પથની બંને બાજુ, થોડે થોડે અંતરે, રાક્ષસી લાગે તેવા માપનાં પ્રાણી-શિલ્પ હતાં. સિંહ ને ઘોડા તો ઓળખાય પણ બીજાં પ્રાણી કાલ્પનિક, ને વિચિત્ર લાગે તેવાં હતાં. હવે તો એ શિલ્પો જોઈને નવાઈ પામવાની, કે એની પાસે ઊભાં રહી ફોટા પડાવવાના; પણ શું હતો ચીની સમ્રાટોનો મહાકાય શિલ્પો અને સ્થાપત્યો માટેનો શોખ! શું હશે એ કાળનું જાજ્વલ્ય ! એ બધાં વિરચન હજી જોવા મળે છે તો કંઈક અંશે કરી શકાય છે કલ્પના એ કાળની. □

— મૂળ લેખક : કાર્લ સ્ટીફનસેન —

અદમ્ય સાહસની અદ્‌ભુત જર્મન કથા

અબજો સામે એક

— અનુવાદક : રવીન્દ્ર ભટ્ટ —

મુખ્ય મથક (જ્યાં ઢોરઉછેર પણ કરવામાં આવે છે. અમેરિકાનાં મોટાં ખેતરો વાડીઓમાં હોય છે, આવા મથકને અંગ્રેજીમાં રાંચ કહેવામાં આવે છે.) કીડીના આક્રમણ-સ્થળેથી બે માઈલ દૂર હતું. અંતરને લીધે, તેથી રક્ષણની બીજી હરોળ ઊભી કરવા માટે પૂરતો સમય હતો. એ મથક નજીકની ત્રણ મોટી પેટ્રોલ-ટાંકીઓમાંથી એક તો વારંવાર ઉપયોગથી લગભગ અડધી થઈ ગયેલી, તે અડધી ટાંકીમાંનું બધું બાકીનું પેટ્રોલ નીચે ગોઠવેલી પાઈપ દ્વારા અંદરની સિમેન્ટ-કૉંક્રિટની ખાઈમાં ઠાલવી દેવામાં આવ્યું. તે ખાઈ, શરૂમાં જણાવ્યું તેમ, મુખ્ય મથક, આવાસ અને આસપાસનાં બધાં મકાનોને આવરી લેતી હતી.

ત્યાં બે-ચારના ટોળામાં, કંઈક થાકેલા એવા, બધા જ કાર્યકરો, નોકરો પહોંચી ગયા. બધા શાંત રહેવાનો પ્રયત્ન કરતા હતા પણ બધાંની ચકળવકળ આંખો અને તંગ થયેલા ચહેરાના ભાવો કંઈક બીજું જ કહેતા હતા. સ્પષ્ટ દેખાતું હતું કે કીડીઓ સામે સફળ થવાની સૌની આશા ભાંગી પડી હતી, લેનિન્જને બધાંને નજીક બોલાવ્યા. 'જુઓ ભાઈઓ', એણે શાંતિથી કહ્યું, 'આપણું પહેલું રક્ષણાત્મક પગલું તો નિષ્ફળ ગયું છે, પણ ચિંતા ન કરો. આપણે એ બદમાશ કીડીઓનો કચ્ચરઘાણ વાળી નાખશું. તમારામાંથી કોઈને એ હવે અશક્ય લાગતું હોય તો અત્યારે જ પગાર લઈને છૂટા થઈ શકાય છે. નદી ઉપર પૂરતા તરાપા છે અને તેટલે દૂર પહોંચવા પૂરતો સમય પણ છે.'

કોઈ એક પણ કાર્યકર સળવળ્યો નહીં.

લેનિન્જન, પોતા પ્રત્યે આમ પ્રકટ થતો વિશ્વાસ જોઈ હસી પડ્યો, એ હાસ્યમાં લાગણીનો રણકાર હતો. 'ભાઈઓ', એણે કહ્યું, 'આવી હિંમત જ કામની. કદાચ તમારામાંથી કોઈ ગયું હોત તો હવે પછીનો બાકીનો ખેલ જોવાનું ચૂકી જાત. હવે એ ખેલ કાલે સવારે જ શરૂ થશે, જો આ ઉપદ્રવ કરતી કીડીઓને ભગાડી મૂકવામાં આપણે સફળ થઈ શકીશું તો તમારા સૌ માટે પૂરતું કામ છે અને દરેકનો પગાર પણ વધશે. ચાલો, ત્યારે ઊપડો; જમી લ્યો, પછી આરામ. તમે સૌએ જેવીતેવી મહેનત નથી કરી.'

દિવસ દરમ્યાન ઉત્તેજનાભરી સ્થિતિને લીધે કોઈને પણ કશુંએ ખાવામાં જીવ ન હતો. તેના માટે સમય પણ ન હતો. હવે કીડીઓ દૂર હોવાથી અને અંદરની પેટ્રોલ ભરેલ ખાઈ વચ્ચે વધુ સલામતી લાગતાં સૌની ભૂખ પણ ઊઘડી હતી. સૌએ નિરાંતે ભોજન લીધું.

અંદરની કૉંક્રિટની ખાઈ ઉપરના જે થોડા પુલો હતા તે હટાવી લેવામાં આવ્યા. અહીંતહીં જે થોડીક કીડીઓ એ ખાઈ સુધી પણ આવી હતી (એ સ્પષ્ટ કરવાની જરૂર નથી કે વાડીઓ તો ઠીક ઠીક કીડીઓથી ઉભરાઈ ગઈ હતી) તે પેટ્રોલ જોઈને, ગંધ પારખીને પાછી વળી ગઈ હતી. એમ લાગ્યું કે કીડીઓ માટે અસહ્ય એવી ગંધવાળી ખાડી વટાવવામાં તે કીડીઓને જાણે રસ નહોતો. વાડીના વિશાળ ક્ષેત્રફળ ઉપર ચાવી જવા માટે ઘણું હતું. એવી એ વાડીના વિસ્તારમાં પથરાયેલાં, મહિનાઓની મહેનત પછી ઊગી નીકળી સમૃદ્ધ થયેલાં વૃક્ષો, છોડો જેવી વનસ્પતિ કીડીઓનો ઝડપથી ચવાઈ જતો ખોરાક બની ગયો.

સંધ્યા આકાશમાં પથરાતી થઈ ત્યારે કીડીઓનું એક દળ પેટ્રોલ-ખાઈ આસપાસ કદમકૂચ કરતું થયું પણ વધુ નજીક જવા પ્રયત્ન ન કર્યો. લેનિન્જને છૂટક છૂટક સ્થળે સર્ચ લાઈટ અને મોટી બેટરીઓ સાથે માણસોને ગોઠવી દીધા અને પછી પોતાની ઑફિસમાં ગયો. કેટલું નુકસાન થયું હશે તેનો બેસીને હિસાબ કરવા માંડ્યો, એ આંકડો ઠીક ઠીક મોટો થયો પણ બૅન્કમાં જમા પડેલી મોટી બચત જોતાં એ એને સહ્ય લાગ્યો, પછી વિગતે નવો મોટે પાયે પાક કેમ ઉતારવો તેની લાંબી નોંધ કરી જેમાંથી થવાની ઊપજ નજીકના ભવિષ્યમાં નુકસાન ભરપાઈ કરી શકે. પછી થોડું જમીને પથારીમાં સંતોષપૂર્વક લંબાવ્યું. ઘડીકમાં જ ગાઢ નિંદ્રામાં પોઢી ગયો. પોતે જ કદાચ બીજે દિવસે હાડકાં સુધી ચવાઈ જાય એવું કોઈ સ્વપ્ન પણ એને ન આવ્યું.

ઊગતા સૂર્યની સાથે જ એ ઊઠી ગયો અને ઘરની સપાટ અગાસીએ ચઢ્યો. આસપાસ જોતાં એને લાગ્યું કે, એક નર્ક જાણે ચીતરી ચડે એવો આકાર લઈને ઊભરાતું હતું. માઈલો સુધીની દરેક દિશાઓ ઘેરા લાલ કાળાશ પડતા રંગની થઈ ગઈ હતી. ઘણું ખાઈ ગયેલી, ધરવ થયો હોય એટલું ચાવી ગયેલી અને તો પણ વધુ ચાવવા ઉત્સુક એવી સળવળતી લાલ કીડીઓનો રંગ. દૂર સુધી બસ એ જ દેખાય, સિવાય કે ઉત્તર દિશા જ્યાં વહેતી મોટી નદી, ન વટાવી શકાય એવી હદ બનતી હતી; જોકે ત્યાં પણ, પૂર આવે ત્યારે રક્ષણ માટે જે લાંબી પથ્થરની દીવાલ બનાવી હતી તેની ઉપર અને આસપાસની જમીન તથા વનસ્પતિ

કીડીઓથી ઊભરાતાં હતાં.

શું ત્યારે વાડીના વ્યાપક વિસ્તારની વનસ્પતિનો પણ વિનાશ કર્યા પછી એ કીડીઓની ભૂખ નહોતી ભાંગી ? નહિ સ્તો. તેઓ તો વધારે સુંદર અને મોટા જથ્થાના ખોરાક માટે ઉત્સુક હતી - ચારસો માનવ જીવો, અનેક અશ્વો અને વિપુલ અનાજ કોઠારો !

આમ તો લેનિન્જનને લાગતું હતું કે પેટ્રોલની ખાઈથી સલામત રહેવાશે. કીડીઓને એ તરી જવામાં જોખમ પરખાતું હતું અને તેથી એ તરફ આગળ વધવાનો પ્રયત્ન ન કર્યો. તેને બદલે એક નવી જ વધારે અનુકૂળ ચાલ કીડીઓએ અમલમાં મૂકવાની શરૂઆત કરી. આસપાસનાં અનેક વૃક્ષોની વધેલી છાલો, છોતરાં, સૂકાં સડી ગયેલાં પાંદડાં અને ડાળાં ભેગાં કરી પેટ્રોલ-ખાઈમાં નાખવા માંડી. જે લીલું હતું તે તો બધું ચવાઈ જ ગયું હતું. થોડા સમય પછી પશ્ચિમના આંબલીના વન પાસે પડી રહેલાં અનેક પાંદડાં એક કીડીજૂથ સરઘસાકારે ઢસડી લાવતું દેખાયું. એ પાંદડાં પણ ખાઈમાં પડતાં થયાં.

પેટ્રોલ એ કંઈ વહેતું પ્રવાહી નહીં, એ તો સ્થિર હતું એટલે એમાં જે કંઈ પડતું તે ત્યાં જ ઢગલો થતું ગયું. કલાકો પછી એ ખાઈના ઉપરના થોડા પણ લાંબા ભાગને ઢાંકવા કીડીઓ સફળ થઈ. પછી છેવટે સીધા આક્રમણ માટે તૈયાર થઈ.

આ બધી હિલચાલ દરમિયાન એ સમસ્ત વાડીનો બહાદુર માલિક લેનિન્જન શાંતિથી બેસી રહ્યો હતો, રસપૂર્વક મામલો જોતો પણ એક રૂંવાડુંએ એનું ફરક્યું નહીં. વળી બધા જ માણસોને સ્પષ્ટ સૂચના આપી દીધેલી કે કીડીઓ જે કંઈ કરે તેમાં ડખલ ન કરવી, તેથી તે બધા જ સુસ્ત જેવા લાગતા ખાઈના કાંઠે માલિક તરફથી સંકેત મળવાની રાહ જોતા બેઠા હતા.

ખાઈના કેટલાક ભાગનું પેટ્રોલ, કીડીઓથી ઢંકાઈ ગયું હતું. થોડીક તો અંદરના કાંઠા સુધી પહોંચવા આવી હતી. કેટલીક ઉપર ચઢી રક્ષકો તરફ આમતેમ દોડાદોડી કરવા પણ માંડી.

'બધા જ કાંઠાથી દૂર હટી જાવ' લેનિન્જને રાડ પાડીને સૂચના આપી. બધા જ પાછા હટી ગયા, 'શું માલિકની ચાલ છે?' તે જાણ્યા વગર. લેનિન્જન આગળ વાંકો વળ્યો અને એક ઉપાડેલ પથ્થર ખાઈમાં ફેંક્યો. પેટ્રોલ ઉપરની જીવંત કીડીઓની ચાદર ઉપર એ પડ્યો અને જેવો ડૂબ્યો ત્યાં ચાદરના બે ભાગ થઈ ગયા. વચ્ચે ચમકતું ચોખ્ખું પેટ્રોલ દેખાયું. એક દિવાસળી સળગી અને તે જગ્યાએ લેનિન્જને ફેંકી. તે જ ક્ષણે એક જબ્બર ચળકાટ થયો અને સળગી ઊઠેલા પેટ્રોલની ઊંચે ચઢતી દીવાલ અંદરના સૌ માટે રક્ષણ જેવી થઈ ગઈ! આ ભવ્ય દૃશ્યથી બધા કાર્યકરો આનંદમાં નાચી ઊઠ્યા, બૂમો પાડવા લાગ્યા અને તાળીઓ પાડી. માલિક પ્રત્યે તો આદરપૂર્વકની ભાવના હતી જ, નહીં તો એને ઊંચકીને ખભે લઈ લીધા હોત.

થોડી વાર પછી પેટ્રોલ સળગતું બંધ થયું. ધીમે ધીમે એના ઊંચે ચઢેલ દીવાલ જેવા ભડકા શમી ગયા. કીડીઓ તો આગથી દૂર પાછી જ હઠી ગઈ હતી. ઘણી તો બળી ગઈ હતી.

તો પણ કીડીઓ પોતાની આગળ વધવાની ચળવળને ખંતથી વળગી રહેતી લાગી. ઊલટું દરેક પીછેહઠ જાણે એમાં વધારો કરતી હતી. કોંક્રિટની ખાઈ થોડી વારમાં ઠંડી પડી ગઈ અને આગનું કોઈ નામનિશાન રહ્યું નહીં. તરત જ બીજી પેટ્રોલ ટાંકીમાંથી ખાઈને પાછી ભરી લેવામાં આવી. પાછળ હઠી ગયેલી કીડીઓ પાછી આગળ વધી. પેટ્રોલ ઉપર આગળના ભડકાથી રાખ જેવી થર થઈ હતી એટલે આગળ વધવાનું સરળ બન્યું.

ફરી વાર પહેલાંની જેમ જ પેટ્રોલને સળગાવવામાં આવ્યું. હજારો કીડીઓ ઊંચે ચઢતી જ્વાળામાં સળગી ગઈ. બીજી વાર પાછળની કીડીઓ પાછી હઠી.

ખાઈને ફરીથી ત્રીજી વાર પેટ્રોલથી ભરી લેવામાં આવી. શું આ બદમાશ કીડીઓ નહીં સમજે કે પોતાનો જ જ્યાં વિનાશ થાય એનો કંઈ અર્થ નહીં? ક્યાં હતો? અર્થ ખરો, જો સામે પક્ષે રક્ષણ કરનારાઓ પાસે અખૂટ પેટ્રોલ જથ્થો હોય.

લેનિન્જનને એ ખ્યાલ આવ્યો કે પૂરતું પેટ્રોલ નથી ત્યારે પહેલી જ વાર એને આ બદમાશ કીડીઓના આક્રમણ પછી લાગ્યું કે પોતે આત્મવિશ્વાસ ગુમાવી બેસશે. એણે પોતાનો બંધ કોલર ઢીલો કર્યો. એ સમજતો હતો કે શેતાની કીડીઓ જો એક વાર અંદરની ખાઈ વટાવી ચૂકી પછી પોતાને અને પોતાના માણસોને બચવાની કોઈ જ શક્યતા ન હતી. 'અરે, ભગવાન!' એને થયું, 'શું નસીબમાં કીડીઓથી જીવતા ચવાઈ જવાનું બનશે?' તે ક્ષણે તો પેટ્રોલ પાછું સળગાવવામાં આવ્યું. અનેક કીડીઓ હોમાઈ.

ફરી એક વાર ખાઈને પેટ્રોલથી ભરવામાં આવી અને પાછું તે સળગાવ્યું. ફરી એક વાર કીડીઓનો મોટો વિનાશ થયો; પણ કીડીઓ તો અનેક હતીને?! થોડી રાહ જોઈને એ જીવતી અનેક કીડીઓ આગળ વધવા માંડી. જાણે કે કશું જ બન્યું નથી. દરમિયાન લેનિન્જનની નજર એકાએક થીજી નાખે એવી સ્થિતિ ઉપર પડી. વધુ પેટ્રોલ ખાઈમાં લઈ શકાતું નહોતું. શું કોઈ સાપ કે મરેલો ઉંદર નીચેના વાલ્વ આગળ ભરાઈ ગયો હશે? છેલ્લી ત્રીજી ટાંકીમાં આ અડચણ થઈ હોવી જોઈએ, હવે કીડીઓના આક્રમણને રોકવું અશક્ય હતું, સિવાય કે કોઈ રીતે પેટ્રોલ એ ટાંકીમાંથી ખાઈમાં વહાવી શકાય.

ત્યાં જ લેનિન્જનને યાદ આવ્યું કે એક નજીકના આઉટ હાઉસમાં બે જૂના આગ બંબા હતા. તે લાવવાની સૂચના આપતાં જ હજી ઉત્સાહી એવા માણસો - વળી જીવનનો સવાલ હતો,

દોડીને તે બંબા બહાર ખેંચી લઈ આવ્યા. તેના પમ્પ પેટ્રોલ ટાંકી સાથે જોડી દીધા. એ જ વખતે ઠીક ઠીક કીડીઓ ખાઈની અંદરની દીવાલ તરફ આવી ગઈ હતી. તરત જ એ બધી ઉપર પેટ્રોલનો મારો ચલાવવામાં આવ્યો. આમ એક વધુ વાર કીડીઓને રોકવામાં સફળતા મળી, થોડી ક્ષણો માટે તો મળી.

એ તો સ્પષ્ટ હતું કે આ પેટ્રોલથી થતો બચાવ હાર અને મૃત્યુને થોડું લંબાવવા પૂરતો જ હતો, સૌને એ ખ્યાલ આવી ગયો હતો. થોડાક નોકરો ચીસો પાડી કીડીઓ ઉપર ગોળીબાર કરવા માંડ્યા, થોડાક ઘૂંટણભર થઈ પ્રાર્થના કરવા લાગ્યા.

કદાચ નિયતિ તેઓ બધાંની હાલત જોઈ દયામય થઈ કંઈ ચમત્કાર કરે! બે ક્ષણ પછી બે માણસો તો ભાંગી પડ્યા. લેનિન્જન ચમક્યો, એણે જોયું કે પેટ્રોલ ખાઈની નજીક ઉત્તર દિશા તરફ, સાવ ઉઘાડો એવો એક (ઘણાખરાએ કપડાં ઓછાં પહેરેલાં) ભાગ્યો. પાછળ બીજો પણ તેમ જ ભાગ્યો. અત્યંત ઝડપથી ઠેકતા ઠેકતા બન્ને નદી તરફ ગયા, જ્યાં કંઈ જોખમ નહોતું. નદીમાં ઝંપલાવ્યું ત્યાં તો તેઓની કાળી ચીસ સંભળાઈ. જોનારા સૌ સ્તબ્ધ થઈ ગયા અને ખ્યાલ આવી ગયો કે એ બે જણા નદીના મગરોનો અને માણસને કોતરી ખાનારી પીરાન્હા માછલીઓનો શિકાર બની ગયા હતા.

આમ છતાં કાર્યકરોમાંના ઘણા નાસી જવાનો વિચાર કરતા હતા, ભલે મગરો હોય, તેની સામે તો લડી લેવાય. રોકાવાથી તો કીડીઓનો ખોરાક જ બની જવાનું ને! એનો સામનો તો ક્યાં થઈ શકે તેમ હતો?

લેનિન્જન માથું ભમી જાય એટલી ઝડપથી બચાવના વિકલ્પો વિચારી રહ્યો, 'શું કંઈ એવો રસ્તો નહોતો જેનાથી આ શેતાનની અબજોની ઊપજને પાછી દોજખમાં એકસાથે તાણી જવાય?' એકાએક એક વિચાર ઝબક્યો. એને થયું, 'હા, એક આશા હતી અને તે એક જ છેવટની. નદીના પ્રવાહને જો બંધથી સંપૂર્ણ અટકાવી દેવાય તો બહારની નહેર તો તેના પાણીથી ભરાઈ જાય. એટલું જ નહીં પણ તે છલકાતા, રકાબીની જેમ કેન્દ્ર તરફ ઢળતા આકારની સમસ્ત વાડી પણ પાણીથી છલકાઈ જાય. બધે પાણી પાણી થઈ જાય.

નદીનો દૂરનો કાંઠો ઊંચો હોવાથી ત્યાંથી પાણી વાળવાનું શક્ય નહોતું; પણ નદીના પ્રવાહને વાડીની અંદર છલકાવા ન દેવા માટે (જ્યારે ઘણું પૂર આવે જે ભાગ્યે જ થતું), મંદ કરવા માટે પથ્થરની બાંધેલી દીવાલ નદી અને વાડીની વચમાં હતી, તેમાં જ્યાં વાડીના બે નળાકાર (ઘોડાની નાળના છેડા) નદી તરફ પડતા હતા ત્યાં ગાળા હતા. તેથી ત્યાંથી નદીનું પાણી વાડી ઉપર આવી શકે અને પથ્થરની લાંબી દીવાલ એ પાણીને પાછું જતાં રોકી પણ શકે, દીવાલની ઊંચાઈ સુધી પહોંચે ત્યાં સુધી તો, આમ કદાચ અડધા કલાકમાં જ વાડીને પાણીથી છલકાવી દઈ શકાય.

મુખ્ય મકાન, અનાજ ભંડાર, ઘોડાર અને આઉટહાઉસો તો ઊંચાણે હતાં, તેના પાયા પણ એટલા ઊંચા હતા કે વાડી પાણીથી ઊભરાય તો પણ કોઈ મકાન સુધી પાણી ન પહોંચે. કદાચ થોડી કીડીઓ પાણીથી ભરાઈ ગયેલી વાડીમાંથી તરતી સળવળતી મકાનોની ઊંચી જમીન સુધી પહોંચે તો પેટ્રોલથી પાછી ધકેલી દઈ શકાય. એટલું પેટ્રોલ તો હતું.

લેનિન્જનને આખી યોજના શક્ય લાગી, બંધ સુધી પહોંચી શકાય તો જ. તે સારી પેઠે દૂર હતો. લગભગ બે માઈલ અને તે અંતર કીડીઓથી ખદબદતું. કોઈ એટલે દૂર જવા તૈયાર થાય? નહીં જ, કારણ કે પાછા જીવતા આવવાની શક્યતા લગભગ શૂન્ય!

એક જ રસ્તો હતો અને તે પોતે એ કામ માથે લે તો. આમેય તે બેસીને આગળ વધતા મોતને સામે જોવું તેના કરતાં દોડતા એનો સામનો કરવો તેમાં મોતને બદલે સફળતા મળવાની તક પણ હતી. કદાચ ઊભરાતી અબજો કીડીઓથી મંત્રમુગ્ધ થઈ ગયાનું તેને લાગ્યું હોય પણ કોને ખબર કીડીઓ સર્વશક્તિમાન ન પણ હોય.

કીડીઓ પાછી પુલો બાંધવા માંડી હતી. લેનિન્જને એક ખુરશી ઉપર ઊભા થઈને કહ્યું, 'ભાઈઓ, નજીક આવો, સાંભળો.' બધા એની આસપાસ ભેગા થયા. મૃત્યુને નજીક જોતા પણ હવે હિંમત હારી બેઠેલા.

'જુઓ' લેનિન્જને કહેવા માંડ્યું. 'તમે સૌ કીડીઓથી ગભરાયેલા છો. પણ તમને મારી પણ બીક લાગે છે, એ તમારી લાગણી સમજુ છું અને મને તેથી ગર્વ થાય છે. આપણે જો આખી વાડીને નદીના પાણીથી છલકાવી દઈએ તો બચી જવાની હજી તક છે. તમે કોઈ તે માટે બંધ ઉપર જવા તૈયાર થાવ તો પણ પાછા આવવાનો ભરોસો નહીં. એટલે તમને કોઈને હું કહેતો નથી. હું પોતે જ જાઉં છું.'

'જેવો હું ખાઈ વટાવું એટલે પેટ્રોલ સળગાવજો, તેથી થોડો સમય મળશે. પછી કોઈ ચિંતા કર્યા વગર બેસી રહેજો. હું પાછો આવું ત્યાં સુધી હા, હું પાછો આવીશ જ. મારામાં વિશ્વાસ રાખજો, કામ પૂરું કરીને જ આવીશ.' એટલું કહી એણે સ્મિત કર્યું. એ સ્મિતમાં વેદના અને આત્મવિશ્વાસ બન્ને દેખાયાં.

પછી પગમાં લેનિન્જને ઊંચાં ગમબૂટ પહેર્યાં, બન્ને હાથ ઉપર કોણી સુધી પહોંચતાં જાડાં લાંબાં મોજાં પહેર્યાં. બૂટની ઉપરની પહોળી ધાર, મોજા ઉપરની પહોળી ધાર, ખમીશ અને ગળા આસપાસ, તે બધે પેટ્રોલમાં ઝબોળેલાં કાપડનાં ચીંથરાં એવી રીતે દાબી દાબીને ભર્યાં કે ક્યાંય શરીરનો ભાગ ઉઘાડો

ન રહે. આંખો જાડાં બંધ બેસતાં ચશ્માંથી ઢાંકી દીધી. એ જાણતો હતો કે નાલાયક કીડીઓ પહેલાં આંખો જ ફોડી નાખે છે, છેલ્લે નસકોરામાં અને કાનોમાં રૂનાં પૂમડાં દાબીને મૂક્યાં. માણસો પાસે શરીર પરનાં કપડાં પેટ્રોલથી નીતરતાં કરાવી લીધાં.

એ પછી ઊપડતો હતો ત્યાં વાડીનો પેલો સાચું ડોસીવૈદું જાણતો વૈદ્ય તેની પાસે આવ્યો. ઝેરી કીડીઓ પણ જેની કેવળ ગંધથી દૂર હટી જાય તેવો મલમ (આવી જરૂરી વસ્તુઓ એ બનાવી જ રાખતો) એનાં બૂટ, મોજાં અને મુખ ઉપર બે ત્રણ થરથી ચોપડી દીધો.

લેનિન્જનને ત્યારે ડંખના મારણવાળી પેલી દવા પણ યાદ આવી. વૈદ્ય એ પણ લાવેલો અને પીવા આપી. વાડીનો માલિક ખેડૂત, અત્યંત કપરા કામ માટે ઊપડતો લેનિન્જન તે પી ગયો, એની કડવાશની પરવા કર્યા વગર... એનું મન તો બંધ ઉપર પહોંચી ગયું હતું.

આખરે એ ઊપડ્યો. વાયવ્ય દિશાના ખૂણે વળતી ખાઈ તરફનો માર્ગ પકડ્યો. ત્યાં પહોંચતાં જ એક જબ્બર કૂદકાથી ખાઈ ઓળંગી કીડીઓની વચમાં ઊતરી દોડવાની શરૂઆત કરી.

પાછળ ખાઈની બીજી તરફ ઘેરાયેલા કાર્યકરોએ લેનિન્જનની, જાણે મૃત્યુ તરફની દોડ જોવાની તક ન મળી; કારણ કે કીડીઓ પાછી ખાઈના અંદરના કાંઠા તરફ પહોંચતી થયેલી હોવાથી, પેટ્રોલ સળગાવવામાં આવેલું. એના ભડકાથી સામે પારનું કશું દેખાય તેમ નહોતું. સળગતા ભડકાને પરસેવે રેબઝેબ વાડીના માણસો જોઈ રહ્યા હતા, અને આગમાં અનેક વધુ કીડીઓ ખાખ થઈ જતી હતી. સળગતા પેટ્રોલની જ્વાળા ઊંચે ચઢતી ગઈ, જાણે કોઈ મહાયજ્ઞ! શાનો એ યજ્ઞ? જીવંત માનવીઓના બલિદાનની તૈયારીનો કે પ્રછી વિનાશક કીડીઓનો?

લેનિન્જન દોડ્યે જતો હતો, લાંબાં સરખાં ડગલાં ભરતો. એક જ વિચાર તેના મનમાં હતો. કીડીઓની વચ્ચેથી નીકળી જઈ લક્ષ્ય ઉપર પહોંચવું. ઝાડવાં, છોડો આંતરી જતો હતો. પૂરી ક્ષણ માટે પણ એના બૂટ કીડીઓ વચ્ચે પડતા નહોતા. કીડીઓને ત્યાં વળગવાની તક જાણે ન આપતો. જો કે એ જાણતો હતો કે પેટ્રોલ અને મલમવાળા ગમબૂટ હોવા છતાં મોડી વહેલી કીડીઓ એને વળગવાની જ, તો પણ ગમે તેમ કરી બંધ ઉપર પહોંચી જવું જ રહ્યું. અલબત્ત, મલમ કંઈક ઠીક કામ આપતો હતો. અડધે રસ્તે પહોંચ્યા પછી જ એના શરીર ઉપર અને મુખ સુધી થોડી કીડીઓ પહોંચવા આવેલી. એના મોજાંવાળા બન્ને હાથો ઝાપટો મારી કીડીઓને ખંખેરતા રહ્યા. થોડા ડંખ પડ્યા હશે પણ તેનું તેને ક્યાં ભાન હતું! એણે જોયું કે બંધ હવે બહુ દૂર નહોતો. અંતર ઘટતું જતું હતું - પાંચસો વાર, ત્રણસો વાર, સો વાર

અને એ બંધ ઉપર પહોંચ્યો. બંધના દરવાજા નીચે ઉતારવાનું ચક્ર એણે પકડ્યું. એ પકડ્યું ત્યાં જ તો ત્યાં ચોંટેલી કીડીઓ છંછેડાઈને એના હાથ ઉપર થઈ ખભા સુધી ફરી વળી, પરવા કર્યા વગર લેનિન્જને ચક્ર ચાલુ કર્યું. હજી એક આંટો નહીં થયો હોય ત્યાં એના મુખ ઉપર કીડીઓ આવી ચડી, એક ગાંડા માણસની જેમ પૂરા જોરથી અને હોઠ દબાવીને ચક્ર ફેરવવાનું ચાલુ રાખ્યું હોઠ ઉઘાડે તો?!

ચક્ર ફરતું રહ્યું. ધીરે ધીરે ફરતું રહ્યું. ધીમે ધીમે દરવાજો નીચે ઊતરતો ગયો અને નદીના તળિયે પહોંચ્યો. દરમિયાનમાં નદીનો પ્રવાહ વાડીની બહારની નહેર તરફ વળતો થયો હતો અને થોડી વારમાં જ નહેર છલકાતી થઈ ગઈ. બીજી મિનિટે પથ્થરની દીવાલના એક છેડાના ગાળામાંથી પાણી વાડી ઉપર રેલાતું થયું. વાડી પાણીથી છલકાવાની શરૂઆત થઈ ગઈ હતી.

લેનિન્જને ચક્ર ઉપરથી હાથ લઈ લીધા. ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે કીડીઓથી એનું શરીર ઢંકાઈ ગયું હતું. પેટ્રોલથી તરબોળ હતું તો પણ થોડીક એને મોઢે વળગી. કરડી પણ ખરી અને એને અસહ્ય વેદના ઊપડી.

એ પીડાથી બેબાકળો થતાં એને ઘડીક તો નદીમાં કૂદી પડવાનું મન થયું, પણ ત્યાં તો ઊંડે શરીરનાં છોતરાં કાઢી નાખે એવી પીરાન્હા માછલીઓ હતીને! એટલે પોતાની વેદના સાથે સામી વળતી દોટ શરૂ કરી - મોટી ફાળ ભરતા, મોજાં અને જાકીટ ઉપરની કીડીઓને ચૂંટી લેતો, ખંખેરતો, લોહીથી ખરડાયેલા ચહેરા ઉપરથી ઝાટકી લેતો. કપડાંમાં ભરાઈ ગયેલી કીડીઓને ત્યાં જ છૂંદી નાખતો.

એક કીડી એનાં ચશ્માંની ધાર નીચે આવી ગઈ. કરડી પણ ખરી, ચૂંટીને તરત એને ફેંકી દીધી. ડંખ એવી જગ્યાએ થયેલો કે આંખમાં પીડા ઊપડી, અંધ તો નહીં થવાયને એ બીકે સાચી દિશામાં એનું દોડવાનું વધારે ગતિમાન થયું. પેલા વૈદ્યે પીવા આપેલી દવા બહુ કામ કરતી ન લાગી. અલબત્ત વેદના ઓછી કરતી હતી, પણ પૂરેપૂરી નહીં. એના હૃદયના ધબકારા વધી ગયા હતા, કાનમાં અવાજો આવતા હતા, શરીરમાં લોહી ઝડપથી ફરી રહ્યું હતું, ફેફસાં જાણે દબાતાં હતાં.

પછી બધું સ્પષ્ટ દેખાવા માંડ્યું, દૂર અંદરની ખાઈનો પેટ્રોલથી સળગતો પટો દેખાયો ત્યાં સુધી કેમ પહોંચાશે? એના માનસ ઉપર શિશુ અને બાલ્યાવસ્થાના, માતાપિતાના, વતનના અનુભવો દૃશ્યરૂપે પ્રગટ થતા જતા હતા, સરકતા જતા હતા અને ખસી જતા હતા. એના મગજનો બીજો ભાગ તે સાથે જ એને કહેતો હતો કે, મૃત્યુની ઘડીએ જ ભૂતકાળના જીવનનાં દૃશ્યો ચિત્તપટ ઉપરથી સરતાં જાય!

એક પથ્થર પગમાં આવ્યો. લેનિન્જન ગડથોલું ખાઈ

ગયો, એણે ઊભા થવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. કેટલો બધો થાક! તે ક્ષણે એને પેલું હાડકાં સુધી ખવાતું જતું મેદાની હરણ નજર સામે ખડું થયું. છ મિનિટમાં તો... બળપૂર્વક ઊભા થવા પ્રયત્ન કર્યો... કોઈ બહારનું બળ જાણે એને શક્તિ આપતું હતું - પોતાનાં જ મનોબળ અને આત્મવિશ્વાસને! ઊભા થઈ સહેજ પછડાટ ખાઈ એ ફરી દોડતો આગળ વધ્યો.

બીજી તરફ વાડીના માણસ જે અંદરની ખાઈની પેલી પાર બેઠા હતા, તેઓએ સામે સળગતા ઠરતા પેટ્રોલ આરપાર એક માનવ-આકાર કૂદતો જોયો, બીજી ક્ષણે એ થોડે દૂર ચત્તો પાટ પડ્યો, પછી નિશ્ચલ થઈ ગયો. એ લેનિન્જન જ હતો, પાછો પહોંચી ગયેલો, પછી એણે ભાન ગુમાવેલું, જીવનમાં પહેલી જ વાર એણે ભાન ગુમાવ્યું. બેભાન થઈને પડેલો એ, જાણે, કબરમાંથી પાછો આવેલો લાગતો હતો. નોકરો એને ઘેરી વળ્યા. તેનાં બધાં કપડાં, બૂટ, મોજાં, વગેરે કાઢી નાખ્યાં, આખું શરીર કીડીઓના ડંખથી ભરપૂર હતું. એક બે જગ્યાએ તો હાડકાં પણ દેખાતાં હતાં. એવા લેનિન્જનને સૌએ જાળવીને ઉપાડીને રાંચ ઘરમાં લઈ ગયા.

વાડીમાં છલકાયેલું પાણી પેટ્રોલ ખાઈ સુધી પહોંચ્યું અને બળતું પેટ્રોલ ઠરી ગયું. બધે પાણી પાણી થઈ ગયું હતું. અંદર ધસી આવેલું નદીનું ઊભરાતું પાણી વાડીના રકાબી જેવા આકારની ઉપરની ધાર સુધી છલકાતું થઈ ગયેલું, એમાં બધી જ કીડીઓ ડૂબી ગયેલી. થોડીક જે ઊંચાણે ચડી ત્યાં બળીને ઠરતા પેટ્રોલની ગરમી હતી. આમ, આગ અને પાણી વચ્ચે એ અસંખ્ય કીડીઓ સ્વધામ નર્કમાં પાછી થઈ ગઈ હતી. બહારની પથ્થરની દીવાલના બીજા ગાળા સૂંઘતી, પહોંચતી, બહારની પાણીની નહેરના છેડા દ્વારા નદીમાં અને ત્યાંથી મહાસાગરમાં ગરક થઈ જતી હશે.

વાડીમાં લાકડાં, છોડવા અને બીજા કચરા સાથે ભરાયેલું પાણી ઊંચે ચડતું ગયું. જ્યારે પથ્થરની દીવાલની ઉપરની સપાટી સુધી પાણી પહોંચી ગયું પછી જ વાડી બહાર ઢોળાવા માંડ્યું. થોડી અંદર જીવતી રહી ગયેલી કીડીઓ મકાનો તરફ જવા લાગી પણ તે બધીને પેટ્રોલ છાંટીને ખતમ કરી દેવામાં આવી.

લેનિન્જન પથારીમાં પડ્યો હતો. આખું શરીર પાટાપિંડીથી ઢંકાયેલું હતું. યોગ્ય દવાઓ અને મલમથી ઘા રુઝાતા થયા હતા. બહાર નીકળતું લોહી બંધ થઈ ગયું હતું. બધા એને ઘેરીને ઊભા હતા. દરેકની આંખોમાં એક જ પ્રશ્ન હતો. 'શું માલિક સાજો થશે?' પેલા બુઢ્ઢા વૈદ્યે કહ્યું, 'ચિંતા કરો મા, એ મરી નથી જ જવાનો.' લેનિન્જને આંખ ઉઘાડી. ધીમેથી પૂછ્યું, 'બધું બરાબર છેને' 'હા' તેની સારવાર કરનાર એકે કહ્યું, 'બધી જ કીડીઓ નર્કમાં પહોંચી ગઈ છે.' પછી એણે એક માદક શામક પીણાનો ગ્લાસ લેનિન્જનને આપ્યો. ઊંઘાડી દે એવી એ દવા હતી. લેનિન્જન એ ગટગટાવી ગયો.

'મેં તમને કહ્યું હતું ને કે હું પાછો આવીશ' એ ધીમેથી બોલ્યો 'અલબત્ત જરા અહીંતહીં ઘવાઈને!' પછી સ્મિત કરીને ગાઢ નિંદ્રામાં પોઢી ગયો.

એના મુખ ઉપર વિજય અને સંતોષ દેખાતાં હતાં, સૌ એને માન અને સ્નેહથી જોઈ રહ્યા.

(સંપૂર્ણ)

અનુસંધાન] ઈતિહાસધારા [પૃ. ૧૫૧થી

શકું છું, પણ મારા આશરે આવનાર ડુંગજીને તો હું અંગ્રેજોને હાથ સુધ્ધાં અડાડવા નહીં આપું.

જોધપુરના મહારાજા તખ્તસિંહ તથા રાજસ્થાનના અન્ય રાજવીઓની દરમિયાનગીરી તથા ખાતરી પછી અંગ્રેજોએ ડુંગજીનો પીછો છોડી દીધો, ત્યાં સુધીમાં તો ડુંગજીની વીરગાથા રાજસ્થાન અને રાજસ્થાન બહાર મેઘની જેમ છવાઈ ગયેલી. તે રાજસ્થાનની લોકચેતનાનું પ્રતીક બની ગયો અને એના વીરત્વને બિરદાવતાં અનેક ગીતો રચાઈને લોકકંઠે વહેવા લાગ્યાં.

ભૈરોંસિંહે ડુંગજીને અંગ્રેજોના હાથે પકડાવ્યા બાદ ડુંગજીનો ભત્રીજો હોળી પર લોટિયા જાટ અને કરણિયા ભીલ સાથે બડાડે આવતાં ડુંગજીની રાણી તેના કાકાને અંગ્રેજો પકડી ગયાનું જણાવી ઠપકો આપે છે –

'હાથાં કા હથિયાર સૂંપ દો,
ચૂડી લાખરી પૈરો,
ધોતી જોડા ઉરા સૂંપ દો,
પગાં ઘાઘરા પૈરો.'

(હાથનાં હથિયારો મને સોંપી દઈને તમે લાખની ચૂડીઓ પહેરો, અને ધોતી-જોડા મને સોંપી દઈ પગે ઘાઘરા પહેરી લો.)

વીરરસપ્રધાન આ ગાથા ઘણી લાંબી છે, પરંતુ કરણિયાને સાથે લઈને લોટિયો જાટ આગ્રાના કિલ્લા પર નિસરણી માંડી અંદર ઠેકી પડીને ડુંગજીને છોડાવી લાવે છે ત્યારે તેને વધાવવા રાણી મોતીઓના થાળ સાથે આવતાં ડુંગજી તેને વચ્ચે જ રોકી લેતાં કહે છે –

'મ્હાંને મત બધાવો, રાણી,
બધાવો લોટિયો જાટ;
મ્હેં આપે નહીં આયા
મ્હાંને લાયો લોટિયો જાટ.'

સાબરનાં સંભારણાં

વનબાળા જી. દેસાઈ

મોટી નદીઓ જેવી કે ગંગા, યમુના, બ્રહ્મપુત્રાનાં દર્શન જેમ ભવ્ય, પ્રસન્ન ને પાવક હોય છે તેમ નાની નદીઓ પણ નમણી રમણીયતાનો અનેરો આનંદ આપે છે. ડો. હરિપ્રસાદનાં સાબરમતીનાં સંભારણાં તો અખૂટ છે. ખેડબ્રહ્મા જતાં સાબર ઓળંગી હતી ત્યાંનું વર્ણન છે. સાદરા પાસે આ નદી બહુ જ સુંદર લાગે છે. ત્યાંના એક મંદિરમાંથી એનાં ચળકતાં નિર્મળ પાણી, રેતીના વિશાળ પટમાં ઉગાડેલાં શાકપાનની લીલોતરીની પશ્ચાદ્ભૂમિ એમણે લાંબો વખત નિહાળી ત્યારે એમને લાગ્યું કે, જેમ સ્ત્રી તેનું સૌન્દર્ય વધારવા જુદા જુદા અલંકારોથી ભૂષિત થાય છે, તેમ સરિતા પણ અમુક અમુક જગાએ અનુપમ સૌન્દર્ય ધારણ કરી પોતાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

સાબરમતીનું વધુ પ્રાકૃતિક સૌન્દર્ય સાદરા, વળાદ અને હાંસોલ આગળ છે અને એ સૌન્દર્યનું રસપાન કરવું એ પણ જીવનનું એક લ્હાણું છે. સાત નદીનો સંગમ જ્યાં થાય છે તે સ્થળ જોઈને ડૉક્ટર સાહેબે જીવન ધન્ય બનાવ્યું; અને પ્રાચીન ગીતોનું સ્મરણ કર્યું. અમદાવાદમાં પણ સાબરમતીના પ્રત્યેક ઘાટ પાસેનાં નિર્મળ નીરમાં પડતાં સંધ્યાનાં કિરણો જોઈ તેમને ઘણો આનંદ થતો. તેના પર તેમણે લખેલાં કાવ્યો કે દોરેલાં ચિત્રોનું સ્મરણ તેમને થતું. ખરે જ, નદીઓને આપણી માતાઓ તરીકે વર્ણવી છે તે યોગ્ય જ છે. અનેક શ્રદ્ધાળુઓ તેમાં સ્નાન કરી, તેમનાં પાપ ધોઈ પાવન થાય છે. કવિશ્રી ઉમાશંકરે ગાયું છે કે,

'મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.'

આ કાવ્ય યાદ આવ્યું ત્યારે દધીચિના સપ્તર્ષિના આરે બેસતાં હૃદય વેધાઈ જાય એવા એમના જીવનના કરુણ પ્રસંગો હરિપ્રસાદભાઈને યાદ આવતા. એ જ માતા સાબરમતીની ગોદમાં એમના પ્રિયજનો, ગુરુઓ, વડીલોના અંતિમ સંસ્કાર કર્યા હતા. આવી છેલ્લી વિદાય ગુજરાતના સમર્થ કવિ ન્હાનાલાલને આપી અને અશ્રુભીની આંખે કવિને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલી. કવિશ્રીનું પહેલું જ કાવ્ય 'રાત્રી વેરણ થાય ચંદાબ્હેની, રાત્રી વેરણ થાય' - સાબરના રૂપેરી તટ પર બેસીને અનેક વાર ગાયું હતું.

આ ઉપરાંત મહિ, નર્મદા, તાપી, વાત્રક વગેરે નદીઓ પણ ડૉક્ટર સાહેબે નિહાળી. મહિસાગરના ભવ્ય નામથી ઓળખાતી, ગુજરાતને ગૌરવ અપાવતી અને ખંભાતના અખાતને મળતી મહિ નદીના તટ પર મિત્રમંડળ સાથે તેઓ વારંવાર જતા અને સરિતાનાં સૌન્દર્ય અને મહિમા વર્ણવતા અને ચર્ચાઓ કરતા.


ચાણોદમાં ઑર નદીનો સંગમ નર્મદા સાથે થાય છે, ત્યાં હોડીમાં બેસીને કેટલીયે વાર ગયા છે અને ત્યાંના સરિતા-સૌન્દર્યનું પાન કર્યું છે. કરનાળી પાસે અનેક ઋષિમુનિઓએ કરેલી તપશ્ચર્યાઓ યાદ કરી તેમને વંદન કર્યાં હતાં. કવિ નર્મદ અને મલબારીનાં 'ગુણવંતી ગુજરાત અમારી ગુણવંતી ગુજરાત,' 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' કાવ્યો યાદ કરતા.

સાબરમતીનો મહિમા ગાંધીજીએ તેના તીરે સત્યાગ્રહ આશ્રમ સ્થાપી ઓર વધાર્યો. સમસ્ત ભારતની મીટ એ તીરે મંડાઈ. સ્વાતંત્ર્ય-સંગ્રામની શરૂઆત પણ એ જ સાબરમતીના તટ પરથી થઈ. ઐતિહાસિક દાંડીકૂચ પણ ત્યાંથી જ સાબરનાં જળ અને રેતીની અંજલિ લઈ બાપુએ પ્રયાણ કર્યું.


અસહકારની લડત વખતે સાબરના તટ પર અનેક જાહેર સભાઓ થતી. શ્રી સરલાદેવી ચૌધરીએ એ જ કિનારા પરથી જયઘોષણા કરી કે, 'કદી નહીં હારના ભલે સાઠી જન જાય.' ડૉક્ટર સાહેબ પણ મીઠાનો સત્યાગ્રહ કરવા સાબરને પગે લાગીને જતા. સાબરનું જળ માથે ચડાવી સાબરમતી જેલમાં પ્રથમ વાર પ્રવેશ્યા હતા. એના કિનારે બેસીને, લોકમાન્ય તિલકના બાવલા પાસે સ્વરાજ મેળવવાની પ્રતિજ્ઞા લીધી હતી. કવિવર ટાગોરને માનપત્ર આપવાની સભા ત્યાં જ કરી અને તેમના માનમાં ગરબાની રમઝટ પણ જામી હતી. પંડિત જવાહર જેવા દેશવીરોને માનપત્ર પણ સાબરના તીરે જ આપવામાં આવ્યાં હતાં.

આવી અદમ્ય ઉત્સાહ આપનારી, સૌન્દર્યનું રસપાન કરાવનારી અને દેશભક્તિનાં નીર પીવડાવનારી સાબરનો ઉપકાર ડૉક્ટર કેમ ભૂલી શકે? ખરેખર, આવી સરિતા પ્રત્યેનો પ્રેમ વર્ણવવો એ કંઈ જેવુંતેવું નથી. હૃદયના ઊંડા ભાવો જે હરિપ્રસાદભાઈમાં ઊભરાયા તે તેમનું વિશાળ વાચન અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ જ બતાવે છે. એમણે પોતે લખ્યું છે કે, 'સાબરમતી નદીએ મારા પર કરેલા ઉપકારો હું કદી ભૂલીશ નહીં. એનું ઋણ કેવી રીતે ફેડાશે!' □

કલાવાર્તા



છબીકાર સુરેશ સોની



ગામડાંનો પ્રવેશભાગ

તા. ૯-૩-૯૬ ના રોજ શ્રી સુરેશ સોનીના શ્વેતશ્યામ ફોટોગ્રાફ્સનું પ્રદર્શન અમદાવાદની કોન્ટેમ્પોરરી આર્ટ ગૅલરીમાં થયું. ફોટોગ્રાફીના ક્ષેત્રે ભુલાયેલું નામ કાળ સાથે નવોદિતો સમક્ષ રજૂ થયું. કૅમેરા ક્લબ ઑફ કર્ણાવતીએ લોક-નજરમાંથી લુપ્ત એવા આ નામને ગાજતું કર્યું. કામ જોઈને સુરેશભાઈ માટે સૌને માન થાય તેવી એક પરિસ્થિતિ ઊભી થઈ. આજે તો આ કલાકાર પાસે નથી કૅમેરા કે નથી સ્ટુડિઓ. ૧૯૨૮માં એમનો જન્મ. ઉંમર પણ પાકટ ગણાય. સમયના ઘા ખાઈને જીવનની સાંકળ પણ ક્યાંક ક્યાંક ખોટવાયેલી. માત્ર કલાની સૂઝ અને સમજ અખંડ.

તેમનો સૌથી જાણીતો ફોટોગ્રાફ 'બેગર બૉય' આમ તો સ્ટુડિઓમાં લીધેલો. જાણે કોઈ તામ્રશિલ્પ ન હોય! માનવ જીવનની કરુણતા અને તે પણ એક બાળકમાં અભિવ્યક્ત થાય છે. પ્રકાશયોજના તેના મુખભાવને પૂરો બહાર લાવે છે. પ્રથમ હરોળમાં મૂકી શકાય તેવાં એમણે સંખ્યાબંધ પોર્ટ્રેઇટ્સ પાડ્યાં છે જે દેશપરદેશમાં ઇનામો લઈ આવ્યાં છે. તે જમાનામાં રોલીફ્લૅસ્ એ ઉત્તમ કૅમેરા : માત્ર ઝડપેલી તસ્વીરો નહીં, પરંતુ ચિત્ર-સંયોજના કહી શકાય તેવા અનેક ફોટોગ્રાફ્સ લીધા છે. ઘરનાં બાળકો, મિત્રો, મૉડેલ, શેરી, લૅન્ડસ્કેપ, ટેબલટૉપ, બાસરિલીફ અને સવાર-સાંજ કે વાતાવરણ રજૂ કરતાં સામા પ્રકાશે લીધેલાં ચિત્રો તેમના સર્જનનો ફલક છે. પ્રકાશ-યોજના પરની તેમની પકડ અને રચનાકૌશલ તેમને બીજાથી જુદા પાડે છે. બોલે ઓછું પણ વેધક. નક્કી કર્યું તે કરે જ કરે.

જન્મ અમદાવાદમાં સરસપુરના એક સોની કુટુંબમાં. પિતા છોટાલાલ વ્યવહારુ. સુખી કુટુંબ, સરસપુરમાં પહેલો ફોન તેમને ત્યાં આવેલો. બાળપણમાં વારસાગત સોનીનો ધંધો શીખવા માંડ્યા. સાત ધોરણ પછી દીકરો ભણે તેમ ન લાગતાં પિતાએ ભણવાનું બંધ કરાવ્યું. દાગીના પર નકસીકામ શીખવા મૂક્યા. ધંધામાં આવડત આવી, પણ જીવ ફોટોગ્રાફીમાં.

તસ્વીરકલાનો આરંભ બૉક્સ કૅમેરાથી. પ્રથમ રોલમાં સરસપુર સ્ટેશન નજીક સૂર્યનાં કિરણોમાં સામા પ્રકાશે રમતા બાળકનો સ્નેપ લીધેલો. ફિલ્મ કેમ એક્સપોઝ કરવી, ડેવેલપ કરવી ને તેની છાપ ઉપસાવવાનું કામ જ્યાં-ત્યાંથી શીખવા માંડ્યું. અમદાવાદના છત્રપતિ સ્ટુડિઓમાં આદિવાસી ભીલ ધર્માજી હતા. તે સ્ટુડિઓમાં ઝાડું પણ મારે ને પ્રિન્ટ પણ કાઢે. ત્યાં રૂ. ૬ના પગારથી સુરેશભાઈને મદદનીશ તરીકે લીધા ને ધર્માજી મિત્ર બની ગયા. ફોટોગ્રાફીનો કસબ હાથ લાગ્યો. ક્વાર્ટર સાઈઝના પ્લેટ કૅમેરામાંથી એના લાર્જર બનાવ્યું ને માર્ગ મોકળો થઈ ગયો.

પિતાશ્રીને આ બધું મંજૂર નહોતું છતાં પણ છત્રપતિની નોકરી સ્વીકારી. બસ જીવનનો રાહ સોનીમાંથી તસ્વીરકાર તરીકે વિકસ્યો. જહાંગીરપુરામાં રહેતા એક આદિવાસી ભીલ ધર્માજી કામરાજી પથદર્શક બન્યા. હવે સમય જતાં રોલીકોર્ડ મળ્યો.

ફોટોગ્રાફી સાથે ચિત્ર, શિલ્પ અને સંગીત મહત્ત્વનાં બન્યાં. સિતાર શીખવા ગાંધર્વ વિદ્યાલય જતા. શિલ્પ માટે શ્રી રસિકલાલ પરીખ પાસે આવતા. જ્યાં આ લખનાર સાથે પરિચય થયો. મિત્ર બન્યા. સુરેશભાઈને કલાક્ષેત્રે નામ બનાવવાની જબરદસ્ત ઘેલછા લાગી. ભારત અને પરદેશમાં થતાં પ્રદર્શનોમાં ફોટોગ્રાફ મોકલતા. નિહારિકા ક્લબના સભ્ય પણ બન્યા. શ્રી ટી.એફ. ગેટી તેમનું કૌશલ જોઈ અંગત મિત્ર બન્યા. અરસપરસ મદદ કરતા.

પ્રદર્શનો માટે ઉત્તમ ક્વૉલિટીના પ્રિન્ટ કાઢતા. તે માટે કીમતી પેપર્સ મેળવતા. સૂક્ષ્મ જ્ઞાન અભિવ્યક્તિ માટે વાહક બન્યું. તેમાં વાતાવરણ, પ્રકાશ-સંયોજન અને પૂરતો કોન્ટ્રાસ્ટ છે.

તેમને ગુજરાત રાજ્યના પ્રથમ કલાપ્રદર્શનમાં પ્રથમ ઈનામ મળ્યું. ગુજરાત રાજ્યની સ્થાપના પ્રસંગે ઉજવણી વેળાએ દ્વિતીય સ્થાન મળ્યું. રુમાનિયામાં 'બેગર બૉય' પર કાંસ્ય ચંદ્રક, સૌરાષ્ટ્ર ફોટોગ્રાફિક સોસાયટી તરફથી પ્રથમ ઈનામ મળ્યું. રાજકોટ સાંસ્કૃતિક સમારોહ વખતે રૌપ્ય ચંદ્રક, સાઉથ ઓસ્ટ્રેલિયામાં સર્ટિફિકેટ ઑવ્ મેરિટ બે વખત. માઈસોર દશેરા પ્રદર્શનમાં સતત ચાર વખત પારિતોષિક મળ્યું. ભારતીય કક્ષાએ યોજાતાં અનેક પ્રદર્શનોમાં ૧૦ વર્ષ સુધી ભાગ લીધો. શ્રી ટી.એફ. ગેટી અભ્યાસી, કુશળ અને પહોંચવાળા તસ્વીરકાર હતા. તેમની મદદથી પ્રદર્શનોમાં ભાગ લેવો સરળ બનતાં તેમનું



છાપરાના સાથીદારો

એનલાર્જિંગ પણ સુરેશભાઈ કરતા. ૧૯૫૮માં સ્વિટ્ઝર્લેન્ડની આંતરરાષ્ટ્રિય સંસ્થાની માનદ્ ડિગ્રી AFIAP પામ્યા. ૧૯૫૨ થી '૬૦નો તેમનો વિકાસ-કાળ.

૧૯૬૨ પછી સમય પલટાયો. જવાબદારી વધી, આવક ઘટી. સરસપુર વાસણશેરીને નાકે ચાલતો વર્ષા સ્ટુડિઓ પૂ. રવિભાઈને હાથ ખુલ્લો મુકાયેલો તે બંધ કરવો પડે તેવી

ભિક્ષુક-કિશોર



ગ્રામનારી



પરિસ્થિતિ સર્જાઈ. પોતાની કારકિર્દી બનાવવામાં ખોવાયેલા સુરેશભાઈ સામાજિક ને કૌટુંબિક વિટંબણાઓથી ઘેરાઈ ગયા. પ્રથમ પત્ની સુમિત્રા ખૂબ સુશીલ હતાં. તેમની તબિયત લથડી.

સ્ટૂડિઓ પૂરબહારમાં હતો ત્યારે ૧૯૬૦ આસપાસ કોકિલાનો પરિચય થયો. સમાજની પરવા કર્યા વિના તેમને સાથીદાર બનાવ્યાં. કુટુંબ વિસ્તર્યું. જીવન વ્યસ્ત થયું. પ્રગતિનો અસ્ત થવા માંડ્યો. મિત્રો ઘટવા માંડ્યા. કળાનો રાહ ગૌણ થવા માંડ્યો. જીવન ડામાડોળ થયું. બધું જ સ્વસ્થ ચિત્તે સ્વીકાર્યું. ૧૯૮૦ પછી ફોટોગ્રાફી સંપૂર્ણ બંધ થઈ. વળી, કલર ફોટોગ્રાફીનો પ્રવેશ થયો. દૃષ્ટિ અને સૃષ્ટિ આજે ય એ જ છે. સર્જન કરવું છે પણ શક્યતાઓ નથી!

કેમેરા ક્લબ ઑફ કર્ણાવતીએ ક્લબના ખર્ચે પૂરું પ્રદર્શિત થાય તેટલી તસ્વીરો તૈયાર કરાવીને પ્રદર્શન ખુલ્લું મુકાયું.

સર્જકને તેના સર્જનથી માપવો રહ્યો. તેનો આત્મા કલા સાથે છે. એકાંત, ચિંતન અને સર્જન તેને શિખર પર લઈ જાય, શિખર પર સ્થિર રહેવું અઘરું છે. સમયનાં વહેણ તાણી ન જાય તેને માટે જાગરુક બનવું પડે. શ્રી સુરેશભાઈ આજે લેમિનેશન કરે છે, પરંતુ તે પણ કલાકારની ખુમારીથી. એ ખુમારી સર્જકની છે, તેનો સંતોષ છે. હવે વળી તેમનું વર્તુળ વિસ્તરતું જાય છે.

- નટુ પરીખ

અનુસંધાન] **ફિલ્મનું અનુભાવન** [પૃ. ૧૩૦થી

'રામ કે નામ', 'અયોધ્યા કાંડ', 'બુથ કેપ્ચરિંગ' વગેરે દસ્તાવેજીઓ તો વળી, કેટલીક દસ્તાવેજીઓમાં જે તે સ્થળ કે વ્યક્તિ વિશેની માહિતી ઉપરાંત એની સાથે સંકળાયેલી કથાને નટો દ્વારા પ્રસ્તુત પણ થાય. અને તો એ 'ડોક્યુડ્રામા' ગણાય : 'તાજમહાલ' 'માંડવગઢ' વગેરે દસ્તાવેજીઓ.

આ ફિલ્મ / કાર્યક્રમ પ્રકારની નિર્માણ પ્રક્રિયા વિશે અને એની ત્રેવડ વિશે આપણે હવે પછી જોઈશું, પરંતુ અત્યારે એટલું તો નોંધી જ લઈએ કે માત્ર કાલ્પનિક કથાઓમાં રાચતા આપણા બહુસંખ્ય પ્રેક્ષકો આટલું જરૂર વિચારે - કથાચિત્રોનો ખરેખરો ઉદ્દેશ પણ કલાત્મક રીતે જીવનનું વાસ્તવ પામવાનો જ છે; 'કિંગ લિયર' 'અના કેરેનિના', સરસ્વતીચંદ્ર-કુમુદ, કાનજી-જીવી કે રાઈ - જાલકા પણ આમ તો આપણા જ જીવનને સમજવાની ગુરુકિલ્લીઓ છે; તાજેતરમાં મનોરંજનને નામે વેપારીઓએ હિન્દી ફોર્મ્યુલા - ફિલ્મો દ્વારા વરવા અવાસ્તવનો જ ધોધ મોટે ભાગે વહાવ્યો છે; અને સાચેસાચ ઉપયોગી બને એવી રસપ્રદ મનોરંજક દસ્તાવેજીઓ ઉપલબ્ધ પણ છે; જેનો રસાસ્વાદ ગુમાવવા જેવો નથી. આમ તો માધ્યમ નિર્ણાયકોએ જ આ સમજવાનું છે, પણ આપણે નિષ્ક્રિય પ્રેક્ષકો બનવાને બદલે ભાવકો તરીકે સક્રિય ગ્રાહકો બનીને એ નિર્ણાયકોને જરૂર સમજાવી શકીએ ! □

અનુસંધાન] **લોકશાહી અને નાગરિક-ઘડતર** [પૃ. ૧૨૪થી

એ રાજકીય સત્તા છે. આ રાજકીય સત્તાનું સ્થાનક બૃહદ્ અર્થમાં રાજ્ય અને તેને વ્યવહારમાં મૂર્તિમંત કરતી સરકાર છે. આથી એને 'રાજકીય' સત્તા કહેવામાં આવે છે.

કોઈ પણ સમાજમાં આવી રાજકીય સત્તાની અનિવાર્યતા સ્વયંસ્પષ્ટ છે. સમાજનાં ધારણ, સાતત્ય અને અસ્તિત્વનો આધાર આ સત્તા પર, તેના ઉચિત વિનિયોગ પર રહેલો છે. પણ રાજકીય સત્તાના ઉપયોગ બાબતે એક ન ટાળી શકાય એવી દ્વિધા છે અને તે એ કે આ સત્તા વિના સમાજ ચાલી શકે નહીં, ટકી શકે નહીં. તો આ સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના પૂરેપૂરી. સત્તાનું હોવું જેટલું જરૂરી એટલું એનો દુરુપયોગ ન થાય, એનો અતિરેક ન થાય એ જોવું પણ જરૂરી. આ દ્વિધાનું નિવારણ કરવાનું સૌથી મહત્ત્વનું અને કદાચ સૌથી વિશ્વાસપાત્ર સાધન તે છે દેશનું લેખિત દસ્તાવેજી બંધારણ. કોઈ પણ દેશના બંધારણમાં રાજકીય સત્તાનો વિનિયોગ વ્યવહારમાં કેવી રીતે કરવો, રાજ્યનાં ક્યાં અંગો થકી કરવો, એને લગતા સિદ્ધાંતોનો સમાવેશ થાય છે; તો એ સત્તાનો દુરુપયોગ ન થાય એ માટેના પ્રબંધોની જોગવાઈઓ પણ એમાં કરવામાં આવે છે. બીજા શબ્દોમાં રાજકીય સત્તાને વ્યવહારમાં ચરિતાર્થ કરતી સરકાર અને તેનાં ત્રણ અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર - એમની રચના, સત્તાઓ, કાર્યો, અરસપરસના સંબંધોને લગતી જોગવાઈઓનો સમાવેશ બંધારણમાં કરવામાં આવે છે, તો બીજી બાજુ આ સત્તાઓનો દુરુપયોગ કે અતિરેકભર્યો ઉપયોગ ન થાય એ સારુ નાગરિકોની મૂળભૂત સ્વતંત્રતાઓ અને હકોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરીને એમના રક્ષણ અને સંગોપનની બાંયધરી આપવામાં આવે છે. ટૂંકમાં, બંધારણમાં સરકારની સત્તા (ઑથોરિટી ઑવ્ ધ ગવર્નમેન્ટ) અને નાગરિકોની સ્વતંત્રતા વચ્ચે મેળ બેસાડવાનો, સમતુલા સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય છે. ભારતનું બંધારણ આ કામ સુંદર રીતે કરે છે.

તારીખિયાની તવારીખ [૧]

પ્રફુલ્લ પરીખ

મિસરી કૅલેન્ડર

ઈસ્લામ ધર્મ પાળતી દુનિયાની મોટા ભાગની પ્રજા, પોતાના રોજિંદા વ્યવહાર, ધાર્મિક અને સામાજિક તહેવારો, રોઝાના (ઉપવાસના) દિવસો વગેરેની ઉજવણીના દિવસો નક્કી કરવા ચંદ્ર-આધારિત કેલેન્ડરનો ઉપયોગ કરે છે. ઇસ્લામિક કેલેન્ડરમાં ચંદ્રનાં દર્શન થયા પછી, તે રાતથી જ વાર અને તારીખો પ્રમાણે મહિનાની શરૂઆત કરવામાં આવે છે.

ઇસ્લામિક કેલેન્ડર ઈ.સ. ૬૩૮-૬૩૯ના સમયગાળામાં, ખલીફા ઉંમરે અમલમાં આણ્યું હતું. આ કેલેન્ડરની શરૂઆત જૂના જુલિયન કેલેન્ડર પ્રમાણે ઈ.સ. ૬૨૨, જુલાઈ ૧૫, ગુરુવારથી (ઇસ્લામિક કેલેન્ડર પ્રમાણે શુક્રવારથી) કરવામાં આવી હતી. ઇસ્લામિક સન પહેલીના નવા વર્ષના પહેલા મહિના રમઝાનનો ચાંદ પણ તે દિવસે દેખાયો હતો. ઇસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમદ પયગમ્બર સાહેબે આજ સનના ૮ રબીઉલ અવ્વલ, સપ્ટેમ્બર ૨૦, ઈ.સ. ૬૨૨ના રોજ મક્કાથી મદીના હિજરત કરી હતી.

આટલી પૂર્વભૂમિકા પછી દાઉદી વહોરા કોમ જે મિસરી કેલેન્ડરનો ઉપયોગ કરે છે તેમનો ઇતિહાસ વગેરે જાણવું જરૂરી છે.

દાઉદી વહોરા કોમ આમ જુઓ તો મુસ્લિમ ધર્મનો એક જુદો જ તરી આવતો પ્રગતિશીલ ફાંટો છે. મોહમ્મદ પયગમ્બર સાહેબ (સ.અ.વ.)નાં પુત્રી અને મૌલાના અલી (અ.સ.)નાં પત્ની મા ફાતેમાથી ઓળખાયેલા ઇમામો તે ફાતેમી ઇમામો કહેવાયા. કરબલાની કરુણ ઘટના પછી ફાતેમી ઇમામોએ રાજકારણથી અલગ રહેવાનું પસંદ કર્યું. એના બદલે એમણે ધર્મભાવના અને શિષ્ટ કેળવણી, સામાજિક સુધારા, લેખનકાર્ય જેવી અનેક ઉમદા પ્રવૃત્તિમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને એમાં વધુ રસ લેવા માંડ્યો. આવી પ્રવૃત્તિના પરિણામે ઇખ્વાન-અલ-સફા (Ikhwan-al-safa) નામનો અનોખો જ્ઞાનકોશ તૈયાર થયો. આ ધ્યેયને અનુરૂપ અને ફાતેમી આદર્શોને સજીવન કરવા માટે 'જામેઆ સેફિયાહ' નામનું આધુનિક સિદ્ધાંતોની ભૂમિકા પર રચાયેલું વિદ્યાધામ સુરત ખાતે સ્થાપવામાં આવ્યું છે.

ઉત્તર આફ્રિકામાં નિજી ફાતેમી સદીના અંત પહેલાં ઇમામ અબ્દુલા-અલ-મહદી (અ.સ.) એ પોતાનું વર્ચસ સ્થાપ્યું હતું. આ સમયગાળો પયગમ્બરી ચમત્કારો - ઇલહામનો (દિવ્ય-માર્ગદર્શન) હતો જેને ઝુહુર (Zuhur) કહેવામાં આવે છે.

પહેલા ચાર ફાતેમી ઇમામો આફ્રિકામાં જ રહ્યા હતા. ચોથા ઇમામ અલ-ઈઝ-લ-દિનીલ્લાહ (અ.સ.)એ ઇજિપ્ત ઉપર પોતાની સત્તા સ્થાપી હતી. કેરો શહેર તેમજ દુનિયામાં આજે સૌથી જૂનામાં જૂની ગણાતી અલ-અઝહર યુનિવર્સિટી સ્થાપવાનો યશ એમને જાય છે. ઇમામવંશ ત્યાર પછી પિતાથી પુત્ર એ પ્રમાણે ૨૧મા ઇમામ સુધી વારસાગત ચાલતો રહ્યો. ૨૧મા ઇમામ અલ-તૈયબે (અ.સ.) ત્યાર પછી કેરો છોડી જવાનું પસંદ કર્યું. એમના આ રીતે ગુપ્ત વાસમાં જવાના સમયથી સતર (Seclusion)ની શરૂઆત થઈ હતી.

દાઉદી વહોરા કોમમાં આ પ્રમાણે ૨૧મા ઇમામ સુધી (ઈ.સ. ૧૧૩૨ સુધી) ઇમામનો સિલસિલો વારસાગત ચાલુ રહ્યો અને એ જ પ્રમાણે આજે પણ દુનિયાના તખ્તા ઉપર ઇમામની હયાતી-અસ્તિત્વ સિલસિલા વાર છે એ એક ધર્મ ઉપરની આસ્થાની અસાધારણ ઘટના છે, જેનાથી દાઉદી વહોરા કોમનો ધર્મ ઉપરનો વિશ્વાસ મજબૂત બન્યો છે.

એટલી જ ધાર્મિક આસ્થા અને વિશ્વાસની મહત્ત્વની ઘટના એ છે કે ઇમામના અલગ થવા સાથે એમની અવેજીમાં એમનું સત્તાવાર પ્રતિનિધિત્વ ધરાવતી દાઇ-અલ-મુત્લ (Dai-ul-mutla)ની પ્રથા શરૂ થઈ. ઇમામનું પ્રતિનિધિત્વ ધરાવનાર સૈયદના નામથી ઓળખાય છે. દરેક 'દાઈ' (ધર્મગુરુ) ઇમામની તમામ સત્તા અને અધિકારો ભોગવે છે. હિઝ હોલિનેસ ડૉ. સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) આજે એવું બાવનમું પ્રતિનિધિત્વ ધરાવે છે અને સૈયદનાં સાહેબના રૂહાની ખુશનુમા ચહેરાનાં દિદાર-દર્શન કરીને આસ્થા ધરાવનાર પ્રત્યેક વહોરા નાગરિક પોતાને ધન્ય સમજે છે.

સતર (satr) સમયગાળાની એક નોંધપાત્ર ઘટના એ હતી કે ઝુહુર (Zuhur) દરમિયાન રાજકારણમાં ભાગ લેવાની જે પ્રથા હતી તેનાથી તદન અલગ રહેવું. આને પરિણામે જેઓ 'દાવત' (Dawat)ને વળગી રહ્યા તેમને ફાતેમી સમયના બધા લાભો તો મળ્યા જ, બલકે તેથી વધુ મળતા થયા. કારણ કે આ નીતિ અપનાવવાથી કોમ રાજકીય કાવાદાવા, ખટપટો, લડાઈ- ટંટા વગેરેથી દૂર રહી, તનાવમુક્ત બનીને પોતાનો આગવો ધર્મ, સંસ્કૃતિ, માન્યતાઓ, પરંપરા વગેરે ટકાવી રાખવા સફળ થઈ.

'વહોરા' શબ્દનો અર્થ - 'વચ ગાળે ચાલો' (Treading on the middle path) એવો પણ થાય છે. જીવનની દરેક પ્રવૃત્તિમાં 'મધ્યમ માર્ગને અપનાવવું-વચલા માર્ગે ચાલવું' એ એક

વહોરા કોમની ખાસિયત છે અને એમની નોંધપાત્ર પ્રગતિનું એ એક મહત્ત્વનું કારણ છે.

અત્રે એ પણ ઉલ્લેખવું જરૂરી છે કે 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ ચાકરી 'એ કહેવતને પણ આ કોમે 'મધ્યમ વેપાર'નો વચગાળાનો માર્ગ પસંદ કરી, યથાર્થ રીતે સાર્થક કરી છે.

ગુજરાત, રાજસ્થાન કે પછી મુંબઈ, કલકત્તા કે મદ્રાસ જેવાં ભારતનાં અનેક સ્થળોએ તેમજ વિદેશમાં શાંત પ્રકૃતિ ધરાવતી, સ્વચ્છ અને અનોખો સુઘડ પહેરવેશ અને રહેઠાણોમાં આગવી ભાત પાડતી, ધર્મ અને રીતરિવાજોનું યથાયોગ્ય પાલન કરનારી આ કોમે કુશળ, સાહસિક અને પ્રગતિશીલ વેપારી કોમ તરીકે પ્રતિષ્ઠા સ્થાપી પોતાનું આગવું કોમી અસ્તિત્વ આજે પણ જાળવી રાખ્યું છે તેમજ 'અમીન' શાંતિ-પ્રિય, વતન-વફાદાર અને ધર્મિષ્ઠ કોમ તરીકેનો અનોખો મોભો જાળવી રાખ્યો છે.

ઉપરની ઐતિહાસિક હકીકતો પછી જોઈએ દાઉદી વહોરા કોમમાં ઉપયોગમાં લેવાતા 'મિસરી કેલેન્ડર'ની રચના અને એનો ઈતિહાસ.

મિસરી કેલેન્ડર ચંદ્ર ઉપર આધારિત હોવા છતાં એમાં ન તો ચંદ્રના પ્રત્યક્ષ ઊગવા સાથે (Ruya) કે ન તો બીજી કોઈ જાતની ગણતરી ઉપર આધાર રાખવામાં આવે છે. પરંતુ ચંદ્ર ખરેખર ઊગ્યો જ છે, એનો ઉદય થયો છે એવું બૌદ્ધિક/શ્રદ્ધાયુક્ત સિદ્ધાંત તરીકે સ્વીકારી લેવામાં આવે છે. આથી તે ફિકરીયાહ (Fikriyyah) તરીકે અને એની પાછળ રહેલી ફિલસૂફીને લઈને ઇલ્હામિયા (Ilhamiya) તરીકે ઓળખવામાં આવે છે. મિસર ઉપર બે સદીના ફાતેમી આધિપત્ય દરમિયાન આ કેલેન્ડર ઉપયોગમાં લેવાયું હોવાથી તે 'મિસરી કેલેન્ડર' તરીકે ઓળખાય છે.

આજની ગણતરી પ્રમાણે ૧લી જાન્યુઆરી ૧૯૯૭ના રોજ મિસરી કેલેન્ડર પ્રમાણે ૨૨મી શાબાન હિજરી ૧૪૧૭ સન આવે છે.

મિસરી કેલેન્ડરની રચનાનો મુખ્ય યશ દાઉદી વહોરા કોમના છઠ્ઠા ઇમામ જાફર-અલ-સાદિક (અ.સ.)ના ફાળે જાય છે. આ બાબતમાં એમણે કેટલાક ચોક્કસ સિદ્ધાંતો અને નિયમો ઘડી કાઢ્યા હતા, જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

૧. ચોક્કસ નક્કી કરાયેલા નિયમ મુજબ દરેક વર્ષના ૧૨ મહિના જેમાં ૬ પૂરા ૩૦ દિવસના અને બાકીના ૬ અધૂરા ૨૯ દિવસના ગણતરીમાં લેવાય છે.

૨. નવા વર્ષનો પહેલો મહિનો મહોર્રમ, તેમાં પૂરા ૩૦ દિવસ હોય છે. અને ત્યાર પછી અપૂર્ણ ૨૯ દિવસનો માહિનો રહે છે. બાકીના મહિનામાં પણ એ ક્રમ સચવાયેલો રહે છે. વર્ષના ૧૨ મહિનાનાં નામ અને તેમાં આવતા દિવસો કલમ (૧૦)માં દર્શાવ્યા છે. અઠવાડિયાના ૭ દિવસનાં નામ નીચે પ્રમાણે હોય છે.

	મિસરી કેલેન્ડર પ્રમાણે	પ્રચલિત ગુજરાતી	અંગ્રેજી નામ
૧.	રવિવાર	રવિવાર	Sunday
૨.	સોમવાર	સોમવાર	Monday
૩.	મંગળવાર	મંગળવાર	Tuesday
૪.	બુધવાર	બુધવાર	Wednesday
૫.	જુમેરાત	ગુરુવાર	Thursday
૬.	જુમ્મા	શુક્રવાર	Friday
૭.	શનિવાર	શનિવાર	Saturday

૩. મિસરી કેલેન્ડરની રચનામાં એક ૩૦ વર્ષનું વર્ષચક્ર (Qarn-E-Saghir.) કર્નેસગીર નામનું અને બીજું ૨૧૦ વર્ષ (૩૦ x ૭) વર્ષ-ચક્ર જેને કર્ને કબીર (Qarn-E-Kabir) કહેવાય છે. આ વર્ષચક્રને દૌર (Daur) તરીકે ઓળખાય છે. એવાં બે વર્ષચક્રો ગણતરીમાં લેવાય છે.

૪. દૌર (Daur)એ અરબી ભાષાનો શબ્દ છે જેનું સંખ્યા-મૂલ્ય ૨૧૦ (દાલ/વાવ/રે : ૪ + ૬ + ૨૦૦ = ૨૧૦) થાય છે. મિસરી કેલેન્ડર ચંદ્ર ઉપર આધારિત હોવાથી મહિનાનો સમયગાળો સૂર્ય-ચંદ્ર ૨૯ દિવસ ૧૨ કલાક અને ૪૪ મિનિટે ભેગા થાય. એમનો સમાભોગ (Conjunction) થાય ત્યારથી અગર એક અમાસ પછી આવતી બીજી અમાસ વચ્ચેના સમયગાળાને મહિના તરીકે ગણતરીમાં લેવાય છે.

(નોંધ : અરબી ભાષાની એક ખાસ વિશિષ્ટતા એ છે કે તેના દરેક મૂળાક્ષરની એક ચોક્કસ સંખ્યા, એક ચોક્કસ મૂલ્ય હોય છે. દા.ત., 'અલીફ' મૂળાક્ષરનો 'એક', 'બે' મૂળાક્ષરના 'બે' વગેરે. ઉપર ટાંકેલા વિધાનમાંથી જોઈ શકાશે કે 'દાલ'ના ૪, 'વાવ'ના ૬ અને 'રે'ના ૨૦૦, એટલે કે કુલ ૨૧૦ની સંખ્યા થઈ. આ 'હિસાબુલ જુમ્માલ' તેમજ 'ઇલ્મે-અબજદ''થી ઓળખાય છે) ચંદ્રની વિચિત્ર-વિલક્ષણ ભ્રમણગતિ અને બીજાં અન્ય કારણોને લઈને જો મહિનો પૂરા ૩૦ દિવસનો હોય તો તફાવતના ૧૨ કલાક ૪૪ મિનિટની ગણતરી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

૧. ૧૨ કલાકનો તફાવત પછીના આવતા મહિનામાં અને

૨. બાકી રહેતી ૪૪ મિનિટ વધારાના ૧ દિવસ પ્રમાણે ('લીપ-યર' જેમ) ગણતરીમાં લેવામાં આવે છે.

૫. ઉપર (૩)માં જણાવેલ ૩૦ વર્ષના વર્ષ-કર્ને-સગીર (Qarn-E-Saghir)માં ૧૧ વર્ષ લીપ યર માટે ગણતરીમાં લેવામાં આવે છે.

૬. જે દિવસે ચંદ્ર સૂર્યથી તેની ચાલમાં આગળ વધી જાય છે, તે દિવસથી નવા મહિનાનો આરંભ થયો ગણાય છે. પરંતુ ચંદ્ર તેનું પૂરું ભ્રમણ, ૩૫૪ દિવસ, ૮ કલાક, ૪૮ મિનિટ અને ૩૪ સેકન્ડમાં કરે છે. એટલે ગણતરીમાં થોડો

તફાવત/વધારો/શેષ રહે છે, તે ૩૦ વરસે એક પૂરા દિવસનો વધારો કરીને પૂરો કરવામાં આવે છે. જે 'કબીસા' (Kabisah) કહેવાય છે.

૭. મિસરી કેલેન્ડરની શરૂઆત થઈ, ત્યારે ગ્રેગોરીઅન કેલેન્ડર મિસરી કેલેન્ડરથી ૨૨૭૩૮૧ દિવસ આગળ હતું. પરંતુ ઈ.સ. ૧૭૫૨માં ઇંગ્લંડની પાર્લામેન્ટે, ગ્રેગેરીઅન કેલેન્ડરમાં સુધારા કર્યા અને ૧૧ દિવસ ઓછા કર્યા એટલે ૩જી સપ્ટેમ્બર ૧૭૫૨થી ગ્રેગેરીઅન કેલેન્ડર, મિસરી કેલેન્ડરથી ૨૨૭૩૯૨ દિવસ આગળ થયું છે.

૮. કોઈ વર્ષ લીપ યર છે કે નહિ તેની ચોકસાઈ કરવા મિસરી સનના વર્ષને જો ૩૦ વડે ભાગતાં બાકી શેષ રકમ ૨, ૫, ૬, ૧૦, ૧૩, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૭ અને ૨૯ માંથી ગમે તે વધે તો તે વર્ષ 'લીપ યર' તરીકે ગણવામાં આવે છે. સાધરણ વર્ષ ૩૫૪ દિવસનું હોય છે.

૯. ચંદ્રના ભ્રમણ સમયને ધ્યાનમાં લેવા ઉપરાંત લીપ યરની ગણતરી બીજાં મનોવૈજ્ઞાનિક કારણોને લઈને જરૂરી બની છે. ચંદ્રને એક રાશિચક્ર (zodiac) પૂરું કરતાં ૨૯ દિવસ ૧૨ કલાક ૪૪ મિનિટ લાગે છે. આથી બાકીના રહેતા ૧૧ કલાક ૧૬ મિનિટ ગણતરીમાં લેવાના રહે છે. જો બાકી રહેતો સમય અર્ધા કરતાં વધુ હોય તો તે તે જ મહિનાના ભાગરૂપે અને અર્ધા કરતાં ઓછો સમય હોય તો તે તેના પછી આવતા મહિનામાં ગણતરીમાં લેવાય છે.

ચંદ્ર માસની સરેરાશ લંબાઈ (સરેરાશ સૌર-દિવસ પ્રમાણે) ૨૯.૫૩૦૫૮૮ દિવસ એટલે કે ૨૯ દિવસ ૧૨.૭૩ કલાક એટલે કે ૨૯ દિવસ ૧૨ કલાક ૪૪ મિનિટની ગણાય છે. પરંતુ આ લંબાઈ ૨૯ દિવસ ૫.૯ કલાક અને ૨૯ દિવસ ૧૯.૬ કલાકની વચ્ચે વધઘટ થતી રહે છે.

૧૦. ઉપર (૩)માં જણાવેલા કર્ન (Qarn)માં બાકી રહેતા શેષ સમય(Fraction)ની ગણતરી નીચે પ્રમાણે કરવામાં આવે છે. મિસરી કેલેન્ડર પ્રમાણે દરેક મહિનાનાં નામ અને દિવસો તથા બાકી રહેલા શેષ (Fraction) ગણતરીમાં લેવાનો સમય :

	મહિનાનાં નામ				બાકી રહેતો સમય	
		દિવસ	કલાક	મિનિટ	કલાક	મિનિટ
૧.	મહોરમ	૩૦	૧૨	૪૪	૧૧	૧૬
૨.	સફર	૨૯	૧	૨૮	–	–
૩.	રબીઉલ-અવ્વલ	૩૦	૧૪	૧૨	૯	૪૮
૪.	રબીઉલ-આખર	૨૯	૨	૫૬	–	–
૫.	જમાદીલ-અવ્વલ	૩૦	૧૫	૪૦	૮	૨૦
૬.	જમાદીલ-આખર	૨૯	૪	૨૪	–	–
૭.	રજબ	૩૦	૧૭	૦૮	૬	૫૨
૮.	શાઅબાન	૨૯	૫	૫૨	–	–
૯.	શેહરે રમઝાન	૩૦	૧૮	૩૬	૫	૨૪
૧૦.	શવ્વાલ	૨૯	૭	૨૦	–	–
૧૧.	ઝિલ્કાદ	૩૦	૨૦	૦૪	૩	૫૬
૧૨.	ઝિલ્હજ	૨૯	૮	૪૮	–	–

કર્ને-સગીરમાં (Qarn-E-Saghir) ગણતરીમાં લેવાનો બાકીના શેષ (Fraction)ની વિગતનો કોઠો :

વર્ષ	કબીસા (૩૦ વર્ષે ઉમેરાતો એક વધારાનો દિવસ)	કલાક	મિનિટ	બાકી કલાક	રહેતા મિનિટ
૧.	–	૮	૪૮	–	–
૨.	કબીસો	૧૭	૩૬	૬	૨૪
૩.	–	૨	૨૪	–	–
૪.	–	૧૧	૧૨	–	–
૫.	કબીસો	૨૦	–	૪	–
૬.	–	૪	૪૮	–	–
૭.	–	૧૩	૩૬	–	–
૮.	કબીસો	૨૨	૨૪	૧	૩૬
૯.	–	૭	૧૨	–	–
૧૦.	કબીસો	૧૬	–	૮	–
૧૧.	–	–	૪૮	–	–
૧૨.	–	૯	૩૬	–	–
૧૩.	કબીસો	૧૮	૨૪	૫	૩૬
૧૪.	–	૩	૧૨	–	–
૧૫.	–	૧૨	–	–	–
૧૬.	કબીસો	૨૦	૪૮	૩	૧૨
૧૭.	–	૫	૩૬	–	–
૧૮.	–	૧૪	૨૪	–	–
૧૯.	કબીસો	૨૩	૧૨	૧	૩૬
૨૦	–	૮	–	–	–
૨૧.	કબીસો	૧૬	૪૮	–	૧૨
૨૨.	–	૧	૩૬	–	–
૨૩.	–	૧૦	૨૪	–	–
૨૪.	કબીસો	૧૯	૧૨	૪	૪૮
૨૫.	–	૪	–	–	–
૨૬.	–	૧૨	૪૮	–	–
૨૭.	કબીસો	૨૧	૩૬	૨	૨૪
૨૮.	–	૬	૨૪	–	–
૨૯.	કબીસો	૧૫	૧૨	૮	૪૮
૩૦.	–	–	–	–	–

(અનુસંધાન પૃ. ૧૫૨ ઉપર)

ઈતિહાસધારા

અશોક હર્ષ

અંગ્રેજી હકૂમત નીચેનો ભારતનો ઈતિહાસ અંગ્રેજોના જુલ્મોસીતમથી ભરેલો છે. પરંતુ અંગ્રેજોમાં પણ જૉન નિકલસન નામના અંગ્રેજ અફસરે આ દેશના વાસીઓ પર વરસાવેલા જુલ્મો સીતમનો જોટો મળે તેમ નથી.

ઈ.સ. ૧૮૪૮ના શીખ વિદ્રોહ વખતે તે ફોજની એક રેજિમેન્ટનો કમાન્ડર હતો. શીખ વિદ્રોહના સમાચાર મળતાં જ તે પોતાની પઠાણ ટુકડી સાથે મારતે ઘોડે અટક પહોંચી ગયો અને ઓચિંતા જ વિદ્રોહીઓ પર ત્રાટકી પડી તેના નેતાઓને ઝડપી લઈ તેમનાં હથિયારો આંચકી લીધાં. ઈ.સ. ૧૮૪૮થી ઈ.સ. ૧૮૫૭ સુધી ભારતીયોની કત્લમાં જ પરોવાયેલા આ અંગ્રેજ અફસરનો બદલો છેવટે ૧૮૫૭માં વાળવામાં આવ્યો.

અટકના વિદ્રોહ પછી અંગ્રેજોએ પંજાબને બ્રિટિશ હકૂમતમાં ભેળવી દીધું, અને તેને બન્નેનો પ્રબંધરક્ષક નીમ્યો. સરહદી પઠાણોની શક્તિને કચડવા નવ નવ વર્ષ સુધી તેણે અવનવાં ષડ્યંત્રો રચી લોહીની હોળી ખેલતો રહ્યો.

ઈ.સ. ૧૮૫૭માં એ પેશાવરમાં હતો ત્યાં તેને ૧૧મી મેના રોજ સમાચાર મળ્યા કે મેરઠના વિદ્રોહીઓએ દિલ્હી કબજે કરી લીધું છે, એટલે પહેલું જ કામ તેણે લશ્કરમાંના તમામ પઠાણોનાં હથિયાર પડાવી લેવાનું કર્યું. માત્ર નિઃશસ્ત્ર જ ન બનાવતાં તેમને તેમની બરાકોમાં પૂરી દીધા.

આ ગાળામાં બળવા માટે શકમંદ એવા હજારો લોકોને ફાંસીએ લટકાવતો તે દિલ્હી પહોંચ્યો અને તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ દિલ્હી પરના પહેલા જ હુમલામાં સખત રીતે ઘવાઈને મૃત્યુ પામ્યો.

ઈ.સ. ૧૮૨૨માં જન્મેલો નિકલસન ઈ.સ. ૧૮૩૯માં માત્ર ૧૭ વર્ષની વયે હિંદ આવેલો અને ૨૦ની વયે લશ્કરમાં ભરતી થઈ ગયેલો. એની કુટિલતા તો જુઓ કે હજારો લેખે હિંદીઓનો એ હત્યારો પોતાને હિન્દી તરીકે ઓળખાવતો, હિન્દી પોશાક પહેરતો અને પોતાને નિકલસનને બદલે 'નિકુલ સેન' એવા હિંદી નામે ઓળખાવવાનો આગ્રહ રાખતો !

★

અંગ્રેજોએ પોતાની હકૂમત આ દેશમાં વિસ્તારવા માટે રાજસ્થાનનાં જુદાં જુદાં રાજ્યોમાં પણ હસ્તક્ષેપ કરવા માંડતાં સીકર રાજ્યના ભાયાતોમાંથી બડોડના જાગીરદાર ડુંગજી જવારજીએ રાજસ્થાનમાંથી અંગ્રેજોનો પગદંડો ઉખેડી નાખવાની હામ ભીડી સેનાનું સંગઠન કરવા માંડ્યું. અંગ્રેજોને આની જાણ થતાં જ સિંગરાવટના કિલ્લામાંના ડુંગજી અને તેના સાથીઓને કચડી નાખવા જબરી ફોજ વડે કિલ્લો ઘેરી લીધો. તોપ-બંદૂકથી સજ્જ આવડી મોટી ફોજ સામે કેવળ તલવારના બળે મુઠ્ઠીભર માણસો ક્યાં સુધી ટકી શકે ? આથી ડુંગજીએ સામનાની વિફળતા પોતાના સાથીઓને સમજાવી અને રાતે લાગ જોઈ કિલ્લામાંથી નાસી છૂટ્યા.

નાસી છૂટેલા ડુંગજીને બદનામ કરવા અંગ્રેજોએ તેમની કુટિલતાને કામે લગાડી, તેને ડાકૂ જાહેર કર્યો. પણ એક લોકપ્રિય રાજપૂત યોદ્ધાને આ રીતે ઉતારી પાડવા જતાં ડુંગજીને વધુ લોકસહકાર મળ્યો. વેપારી વર્ગ સુધ્ધાંએ તેને છૂટા હાથે મદદ કરવા માંડી. મળતી રહેલી સહાયથી ઈંટનો જવાબ પથ્થરથી આપવા માંડ્યો. ડુંગજી સૈન્યવૃદ્ધિ સાધીને શેખાવટી અને બિકાનેરની સરહદ પરની અંગ્રેજ ફોજ પર તૂટી પડ્યો. અંગ્રેજ સેનાપતિ મેજર ફોરેસ્ટર આ આક્રમણ સામે ટકી ન શક્યો, ડુંગજી અને તેના સાથીઓએ અંગ્રેજોનો ખજાનો લૂંટી લઈ તેમની છાવણીને આગ ચાંપી દીધી.

ડુંગજીના ત્યાર પછી પણ ચાલુ રહેલા હુમલાથી ગભરાયેલા અંગ્રેજોએ તેની સામે કપટભાવ બિછાવવા ઝડવાસાના તેના એક સગા ભૈરોંસિંહને વિવિધ પ્રલોભનો આપી તેને ખરીદી લીધો અને તેણે ડુંગજીને પોતાને ત્યાં યોજેલી એક મહેફિલમાં બોલાવીને અગાઉથી થયેલી સંતલસ મુજબ અંગ્રેજોને સોંપી દીધો. અંગ્રેજોએ તેને આગ્રાના કિલ્લામાં પૂરી દીધો.

પરંતુ અંગ્રેજોનો શ્વાસ હેઠો બેસવાને બદલે પાછો અધ્ધર થઈ ગયો, કેમ કે લોટિયા જાટ અને અરણિયા ઝિણાએ પ્રાણની બાજી લગાવી ડુંગજીને છોડાવી ગયા.

નાસી છૂટેલો ડુંગજી લાંબા સમય સુધી પાધરો ન થતાં અંગ્રેજોએ માની લીધું કે તે મરી પરવાર્યો હશે, ત્યાં તો એક દિવસ ઓચિંતા પોતાના વિશ્વાસુ સાથીઓ સાથે નસીરાબાદની લશ્કરી છાવણી પર તૂટી પડી તે લૂંટી લીધી.

અંગ્રેજોએ હવે ડુંગજીને ઝડપવા પોતાની તમામ તાકાત કામે લગાડી દીધી. એમની લશ્કરી તાકાત સામે તેણે બિકાનેરના રાજવી રતનસિંહનું શરણું માગ્યું. અંગ્રેજોને આની જાણ થતાં તેમણે ડુંગજીને પોતાને હવાલે કરી દેવા જણાવ્યું, પણ રતનસિંહની રગોમાં રજપૂત લોહી વહેતું હોઈ તેણે રોકડું પરખાવી દીધું કે, હું મારા પુત્ર કુંવર સરદારસિંહને સોંપી

(અનુસંધાન પૃ. ૧૪૩ ઉપર)

અનુસંધાન] **મિસરી કેલેન્ડર** [પૃ. ૧૫૦થી

પયગમ્બર સાહેબ (સ.અ.વ.) સાથે સંબંધિત પ્રથામાં (હદિસ-Tradition) એવું જણાવવામાં આવ્યું છે કે નીચેના દિવસો એક જ દિવસે આવવા જોઈએ. આ હકીકત મિસરી કેલેન્ડર પ્રમાણે પણ પુરવાર થાય છે.

૧. રજબ મહિનાનો ૪થો દિવસ
રમઝાન મહિનાનો ૧લો દિવસ
૧૨મા મહિનાનો ૧૦મો દિવસ... ઈલ અલ-અહદા

૨. રજબ મહિનાનો પાંચમો દિવસ
રમઝાન મહિનાનો ૨૩મો દિવસ
રમઝાન મહિનાની ૨૩મીની
ઈદુલ ગદીર ૧૨મા માસનો ૧૮મો દિવસ.

૩. રજબ મહિનાનો ૬ઠ્ઠો દિવસ
નવું વર્ષ અને ૧લી મોહર્રમ તથા ઈદુલ-ફિત્ર
દાઉદી વહોરા કોમમાં ૩ જાતના તહેવારો ઉજવાય છે:
રાષ્ટ્રિય : ૨૬મી જાન્યુઆરી, પ્રજાતંત્ર દિન
૧૫મી ઑગસ્ટ, સ્વાતંત્ર દિન

ઈસ્લામિક : ઈસ્લામિક પ્રથા પ્રમાણે તહેવારો એમની તારીખે ઉજવાય છે, જેમ કે :

ઈદ-અલ-ફિત્ર	- શવ્વાલનો ૧લો દિવસ
ઈદ-અલ-અદહા	- ઝિલ્હજ-૧૦મો દિવસ
ઈદ-મિલાદે-અલ-નબી	- રબીઉલ-અવ્વલ ૧૨મો દિવસ
ઈદ-અલ-ગદિર	- ઝિલ્હજ-૧૮મો દિવસ
ઈદ-મિલ્લાદ-અલી	- રજબનો ૧૩મો દિવસ

કોમના ખાસ તહેવારો :

આ તહેવારો કોમની પ્રથા અને ઈતિહાસ પ્રમાણે ઊજવવામાં આવે છે, જેમ કે :

- મહોર્રમ મહિનાનો પહેલો દિવસ
- મહોર્રમ મહિનાના ૧૦ દિવસ જેને અશરા મુબારકાહ કહેવાય છે.
- સફર મહિનાનો ૨૦ મો દિવસ
- રબીઉલ-આખર મહિનાનો ૪થો દિવસ
ઈમામ-અલ-ઝમાનની સાલગીરાહ
- દાઈ-અલ-ઝમાનની સાલગીરાહ (જન્મદિવસ પ્રમાણે બદલાય છે.) (આજે રબી-અલ-આખર મહિનાની ૨૦મીએ ઉજવાય છે.)
- મૌલાનલ-મુકદ્દસ ૫૧મા દાઈ-અલ-ફાતિમી. હિઝ હોલિનેસ ડૉ. સૈયદના તાહેર સૈફુદીન (આ.કુ.)નો ઉર્સ મુબારક રજબ મહિનાનો ૧૯મો દિવસ.
- ઈદુલ ગદીર કે જે ઝિલ્હજની ૧૮મી તારીખ ઊજવવામાં આવે છે. □

મતિભ્રમ

વાર્તા

લેખક : બનફૂલ • અનુવાદક : સુકન્યા ઝવેરી

આજે જેઓ ઉદીયમાન કવિ સુખરંજન સાંતરા તેઓ એક જમાનામાં સબઓવરસીઅર હતા એ વાત ઘણાને વખતે માન્યામાં પણ ન આવે, પણ વાત સાવ સાચી છે. તેમનું નામ એક જમાનામાં માનમાં 'સુરખી બાબુ' હતું. તેઓ એક સુરખીની ફેક્ટરીમાં કામ કરતા. પારિવારિક નામ હતું વિનયભૂષણ. પચીસ વર્ષની ઉંમરે એમણે લગ્ન કર્યાં અને તે પછી બે વર્ષે કાવ્ય-રોગાક્રાંત થઈ પડ્યા હતા. માસિકપત્રમાં આત્મપ્રકાશ કરતા. જોકે વિલંબ થયો હતો. સારી સુરખી બજારમાં પડી ન રહે, પણ સારી કવિતાના ઢગલે ઢગલા પડ્યા રહે. પણ એક દિવસ વિધાતાને દયા આવી. 'નદનદી' સામયિકનાં સંપાદિકાએ તેમની એક કવિતા છાપી મારી. વિનયભૂષણનું છદ્મ નામ 'સુખરંજન સાંતરા.' નામથી જ તેઓ મુગ્ધ થઈ ગયા હતા. 'સાંતરા' (તરવું) અટકનો એમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો Swim on-! અને પછી તરવાની એમને તક આપી. સુખ મહાઆનંદે તર્યા ખરા, પણ એક દિવસ મુસીબતમાં ફસાઈ ગયા. તે દિવસે સવારની ટપાલમાં નદનદી સામયિકનાં સંપાદિકાનો એક વેધક પત્ર આવ્યો:

'સવિનય નિવેદન,

તમે પ્રાણેશ્વરી સંબોધન કરી સહજ ગ્રામ્ય ગદ્યમાં જે મને મોકલ્યું છે તે એવું અનાવૃત અશ્લિલ છે કે છપાય એમ નથી. એ એટલું અશ્લિલ હતું કે મેં વાંચીને એના ટુકડે ટુકડા કરી નાખ્યા અને સાબુથી હાથ ધોઈ નાખ્યા. તમને અનુરોધ કરું છું કે આવી સ્વચ્છ ગ્રામ્ય કવિતા અમને મોકલશો નહિ. ઈતિ સંપાદિકા 'નદનદી'.

તા.ક. કોઈ કવિતા હવે મોકલવાની જરૂર નથી.'

બીજો વજ્રઘાત પણ સાથોસાથ જ થયો. તેમનાં શેરુઘમાનાં (જોરશોરથી રડતાં) સાધ્વી પત્ની, પુત્ર, કન્યા અને ડૉક્ટર પણ સાથે આવી હાજર થયાં. સાથે દસ શેર બરફ અને એક આઈસબેગ. સ્ત્રી રડતાંરડતાં બોલ્યાં, 'કેવો અદ્‌ભુત પત્ર લખ્યો'તો આ ફેરે! કંઈ સમજાયું જ નહીં' અને પછી ડુસ્કેડુસ્કે રડવા માંડ્યાં. દાક્તરબાબુ પાસે પત્ર મોકલી દીધો. તેમણે કહ્યું કે, 'પાગલ થઈ ગયા છે. હવે મોડું નહિ કરતાં જલ્દી ચાલો...!'

'વિનયભૂષણ છદ્મ'નામે કવિતા લખતા તે ક્યારેય પત્નીને કહ્યું નહોતું. એમને સમજાયું કે પત્નીને લખેલો પત્ર સંપાદિકાને મોકલાઈ ગયો હતો અને આધુનિક કવિતા સ્ત્રી પાસે પહોંચી ગઈ હતી, એટલું જ નહીં, કવિતાની નીચે પોતાનું નામ અને પત્રની નીચે સુખરંજન સાંતરા. તેમણે મુશ્કેલીને જટિલમાંથી જટિલતર કરી મૂકી હતી.

મતિભ્રમ! બીજું શું? □

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of publication. — Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication. — Monthly
3. Printer's Name & Nationality Address — Haresh Patel Indian, - PRINTOGRAPH 334, Salapas Road, Ahmedabad-1
4. publisher's Name & Nationality Address — Dhiru Parikh (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address — Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital. — (1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai, Shanti Kunj. Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Rawal, C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (11) Jadavlaxmi R. Kamani And Poonamchand R. Kamani, Kanani Chember, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Socie, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Traivedi & Smt. Savita Prabhudhas Patwari k. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'preranna', Ambavadi, Ellis Bridage, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Meßïð_ada chhartalaya, mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Bhuvnesh M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) NIkhilish M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Dhiru Parikh, Hereby declare that the pariculars given above are true to the best of my knowledge and belief. Dated this 28th day of Feb. 1997


Sd. / Dhiru Parikh, Publisher

• 'કુમાર'ના બીજા સંપુટનું પ્રકાશન •

અગાઉ 'કુમાર'નાં પ્રથમ વીસ વર્ષોમાંથી ચયન કરેલ વાર્તાઓ, જીવનચરિત્રો અને કાવ્યોનાં ત્રણ પુસ્તકોનો સંપુટ પ્રકટ કર્યો હતો. તેને સારો પ્રતિભાવ સાંપડ્યો હતો, અને હવે તેની માત્ર ગણતરીની જ નકલો રહી છે. આથી પ્રેરાઈને તેમજ વાચકો-ચાહકોની માગણીથી 'કુમાર'ના ત્રીજા દશક (ઈ.સ. ૧૯૪૫ થી ૧૯૫૫) દરમિયાનના અંકોમાંથી પસંદ કરીને વાર્તાઓ, જીવનચરિત્રો અને કાવ્યોના ત્રણ ગ્રંથોનો બીજો સંપુટ પ્રકટ કરવાનું નક્કી કર્યું છે. આ બીજો સંપુટ ડિમાઈ કદના ભારે કાગળ પર કમ્પ્યૂટર કમ્પોઝ અને ઑફસેટ છપાઈમાં તૈયાર થયો હશે. લેમિનેશન કરેલું જાડું કાચું પૂંઠું અને મજબૂત બંધાઈ રહેશે. આ ત્રણેય ગ્રંથો મળીને આશરે ૨૫ ફોર્મ એટલે કે ૪૦૦ પૃષ્ઠોમાં તૈયાર થશે. તે સંપુટની કિંમત રૂ. ૧૫૦ રહેશે, પરન્તુ જુલાઈ ૩૧, ૧૯૯૭ સુધીમાં આગોતરા ગ્રાહક થનારને તે માત્ર રૂ. ૧૨૦માં જ મળી શકશે. રવાનગી-ખર્ચના રૂ. ૧૦ અલગ ગણવા. તમારો આગોતરો ઑર્ડર આજે જ નોંધાવી રૂ. ૧૨૦ + રૂ. ૧૦ રવાનગી-ખર્ચ મળી રૂ. ૧૩૦ મ.ઓ.થી કુમાર કાર્યાલય લિ.ના સરનામે મોકલી આપશો.

ઊમતાનો જિનપ્રાસાદ
- નવીન ઉપલબ્ધિ

હિતેશ શાહ



સોલંકીકાલીન જિનપ્રાસાદનો અવશેષ

સોલંકી કે ચૌલુક્ય શાસનકાલ દરમિયાન સરસ્વતી (ઉત્તર ગુજરાત)ની ખીણનો વિશાળ પ્રદેશ પણ ભૌગોલિક દૃષ્ટિએ 'સારસ્વતમંડલ' તરીકે ઓળખાતો હતો.

આ કાલ દરમિયાન બૃહદ્ગચ્છીય નેમિચંદ્રગણિ, પૂર્ણતલ્લગચ્છીય ગુણચંદ્રગણિ, મલધારી હેમચંદ્ર અને એમના શિષ્ય લક્ષ્મણગણિ, હર્ષપુરીય મલધારી વગેરે ઉપરાંત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (લેખક : મોહનલાલ દલીચંદ દેસાઈ, અમદાવાદ ૧૯૩૩માં પ્રકાશિત થયેલ) ગ્રંથમાં (પૃષ્ઠ ૧૫૨-૩૧૯ સુધી) અનેક જૈન મુનિઓનાં નામ મળે છે. આ બધાનું જૈન સિદ્ધાંતોના પ્રચાર અને પ્રસારમાં સારું એવું પ્રદાન રહ્યું છે. પરંતુ સ્થળમર્યાદાને કારણે બધાં જ નામો આપવાં શક્ય નથી. કુમારપાળે પરંપરાથી સ્માર્ત હોવા છતાં જૈન દર્શનના એક પ્રભાવક પ્રચારકરૂપે અનેક જૈન ચૈત્યો બંધાવ્યાના ઉલ્લેખો મળે છે.

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકા મથકથી આશરે નવ કિ.મી.ના અંતરે વિસનગર અને વડનગર વચ્ચે રૂપેણ નદીના ઉત્તર કાંઠે ઊમતા ગામ સારસ્વતમંડલ-અંતર્ગત છે.

ઊમતા ગામની મધ્યમાં સ્થાનિક રાજગઢી નામથી જાણીતો ટીંબો છે. આ ટીંબાનો વિસ્તાર અસામાન્ય છે. ભૂસ્તરથી દસ મીટરની ઊંચાઈએ આવેલો આ ટીંબો આશરે પચાસ મીટર જેટલી પહોળાઈ ધરાવે છે. એ સમગ્ર બાજુઓથી સંરક્ષિત ઇંટેરી દીવાલથી ઢંકાયેલો છે. સન ૧૯૮૫માં વરસાદના ધોવાણથી અને બાજુમાં બંધાતા મકાન પાછળ ટીંબાની પશ્ચિમે સ્થાનિક લોકો દ્વારા દીવાલ દૂર કરવા જતાં જિનાલય દટાયેલું હોવાના વાવડ મળ્યા.


આ સમાચાર મળતાં જ રાજ્ય પુરાતત્ત્વખાતાના નિયામક શ્રી દિનકર મહેતાના નિર્દેશનમાં શ્રી રવિ હજરનીસ, શ્રી ગોવિંદ મકવાણા, શ્રી વર્મા અને આ લેખના લેખક દ્વારા સર્વેક્ષણ - સંશોધન હાથ ધરાયું. આ સંશોધનથી રાજગઢી ટીંબાના ગર્ભમાં દટાયેલા ૧૮મી સદીના બાંધકામના અવશેષો, ત્યાર બાદ ૧૪મા-૧૫મા સૈકામાં બાંધવામાં આવેલ નાની ગઢી, ગઢીના બુરજો, ઇંટેરી દીવાલના ઓરડા વગેરે બાંધકામો પ્રથમ વાર પ્રકાશમાં આવ્યાં... આ બાંધકામોની નીચે વિશેષ ધ્યાન ખેંચે તેવા તોડી પડાયેલ સોલંકીકાલીન જિનાલયના ભગ્નાવશેષો અગત્યના હતા. આ પ્રકારે બાંધકામો નીચે અને ટીંબાની ફરતે આવેલ સંરક્ષણ દીવાલની પાછળ ભમતી સમેતનું જૈન દેવાલય ભંડારાયેલ હોય એવું ગુજરાતમાં ઉત્ખનન દરમિયાન અન્ય કોઈ સ્થળેથી મળ્યાનું જાણમાં નથી. આમ સમગ્ર રીતે જોઈએ તો આ મધ્યયુગીન ટીંબો તેમજ એમાં ભંડારાયેલ સોલંકીકાલીન મંદિર કંઈક વિશિષ્ટ પ્રકારનાં લક્ષણો ધરાવતાં કહી શકાય.

સમયાંકન : ભિન્ન ભિન્ન સમયમાં બંધાયેલ બે પીઠ અત્રે અસ્તિત્વમાં છે. શ્રી મધુસૂદન ઢાંકીના મંતવ્યાનુસાર નીચેની પીઠ એની સ્થાપત્યકીય શૈલીના આધારે દસમા શતકના સ્થાપત્ય સાથે સામ્ય ધરાવે છે, જ્યારે એની ઉપરની પીઠ સાથેના મંદિરનું નિર્માણ એનાં શિલ્પોના અંગભંગ તેમજ વાસ્તુ-શૈલીના આધારે ૧૨મા શતકમાં થયેલ હોય એમ જણાય છે. સૌલંકીકાલીન આ દેવાલય ૧૨મા શતકનું હોવાના અભિપ્રાયને પુષ્ટિ આપતા પુરાવારૂપે તાજેતરમાં આ ટીંબામાંથી માટી કાઢતાં દટાયેલ ભગ્ન જિનાલયમાંથી કેટલીક સલેખ પ્રતિમાઓ પણ ઈસુના ૧૨મા શતકની પ્રાપ્ત થયેલ છે. વળી આ પ્રાસાદના એક ભગ્નાવશેષ ઉપર પણ સંવત્ ૧૨૫૧ (ઈ.સ. ૧૧૯૫) કંડારેલ છે.

દિગંબર સંપ્રદાય - નિર્મિત જિનાલય : ઉપર જણાવ્યા



ઊમતા જિનપ્રસાદનો અવશેષ



સિંહની નીચે આકાશ તરફ મીટ માંડીને ઊભેલા ગજરાજ

મુજબની તાજેતરમાં મળી આવેલ પ્રતિમાઓ દિગંબર સંપ્રદાયની છે. તદુપરાંત મંદિરની દેવકુલિકાઓ ઉપરના મથાળે આવેલ ખતકમાં કંડારેલ કાયોત્સર્ગ પ્રતિમાઓ પણ આ મંદિર દિગંબર સંપ્રદાયનું હોવાનું પ્રતિપાદન કરે છે.


આ મંદિરની પીઠ વાસ્તુશાસ્ત્રની પરિભાષામાં મહાપીઠનાં લક્ષણો ધરાવે છે. ઉત્તર-દક્ષિણ દિશામાં છ મીટર જેટલા અગાઉ ખુલ્લા થયેલ ક્ષેત્રમાં કુલ ચાર દેવકુલિકાઓ છે. (વિસ્તારસંકોચને કારણે સમગ્ર કુલિકાઓ ઉપર વિવરણ નહીં કરતાં માત્ર પ્રથમ કુલિકાના શિલ્પ-સ્થાપત્યનો જ અહીં પરિચય અપાયેલો છે.)

શિલ્પકલા : ચક્રેશ્વરી : પશ્ચિમ-ઉત્તરે પ્રથમ કુલિકાની જંઘામાં ભદ્રગવાક્ષ-અંતર્ગત તીર્થંકર આદિનાથની યક્ષિણી ચક્રેશ્વરીની ચતુર્ભુજ પ્રતિમા આવેલ છે. દેવીના ઉપલા બે કરમાં ગ્રહેલાં ચક્રોથી એ પિછાન થઈ શકે છે. નીચેના બે હાથમાં એકમાં વરદાક્ષ અને બીજામાં માતુલિંગ ગ્રહેલ છે. લલિતાસનસ્થ દેવીના પગ પાસે આલીઢાસનમાં ગરુડને દેવીની સ્તુતિ કરતો બતાવ્યો છે. અર્ધમીલિત બંને નેત્રો ઉપરની ભ્રમરપટ્ટી ધનુષના આકારની છે. એની કરંડમુકુટથી વિભૂષિત ભરાવદાર મુખાકૃતિ તેમજ લંબગોળ ચિબુક, અણિયાળું નાક, આકર્ષક મુખભાવ, ઉન્નત સ્તન વગેરેથી ઊપસી આવતા એના સૌષ્ઠવમાં સોલંકીકાલનાં ચિત્રોમાં જોવા મળતી તમામ લાક્ષણિક્તાઓ જોવા મળે છે. કુંડળથી સુશોભિત એવા બંને કર્ણો ખભાને સ્પર્શે છે. દેવીએ ધારણ કરેલાં મોતીહાર અને સ્તનસૂત્ર ઇડર ખાતેના દિગમ્બર જૈન મંદિરની ૧૨મા શતકની ચતુર્ભુજ પદ્માવતીની સેવ્ય પ્રતિમાનાં આભૂષણો સાથે સરખાવી શકાય. જ્યારે બંને હસ્ત ઉપરના મણિયુક્ત બાજુબંધ તેમજ વલયનાં અલંકરણો આબુની માનસીદેવીની પ્રતિમાનાં અલંકરણો સાથે સામ્ય ધરાવે છે. દેવની કટિમેખલા પણ આકર્ષક છે. આમ સમગ્ર રીતે જોઈએ તો પ્રતિમાનું ભાસ્કર્ય નાજુક અને અતિ કાળજીપૂર્વકનું બનાવવામાં આવેલું છે.

વ્યાલ : ભદ્રગવાક્ષની બંને વૃત્તાકાર સ્તંભિકાઓમાં પણ વ્યાલ કંડારેલ છે. સિંહની નીચે આકાશ તરફ મીટ માંડીને ઊભેલ ગજ અને ગજ નીચે મકર કંડારેલ છે, જેની નીચે માલાધર છે. જિનપરિકરમાં પણ આ રીતે સિંહવ્યાલ કંડારવાની પરંપરા સામાન્યતઃ જોવા મળે છે. અહીં સિંહને તદ્દન વાસ્તવિક સ્વરૂપમાં કંડારીને શિલ્પીએ પોતાની આગવી કલાશૈલીથી સિંહની સાચી વિકરાળતાનું જે નિરૂપણ કરેલ છે તે ખરેખર પ્રશંસનીય છે. આવા ત્રણ વ્યાલ પાટણ ખાતે આવેલ ઋષભનાથના મંદિરમાં પણ જોવા મળે છે.

અપ્સરા (૧) : ભદ્રગવાક્ષની ઉત્તરે આવેલ કર્ણરથિકાના ગવાક્ષમાં દ્વિભુજ અપ્સરાનું શિલ્પ છે. અપ્સરાનો કટ્યવલંબિત જમણો હસ્ત કાંડાના ભાગથી ખંડિત છે, જ્યારે એના વામ કરમાં કેશગૂંથણ માટે વાળની એક નાની લટ છે. વિવિધ આભૂષણોથી વિભૂષિત અપ્સરાએ ધારણ કરેલ ગ્રીવામાં મૌક્તિકમાલા, હારસૂત્ર, ભુજાઓ પર મણિજડિત કેયૂર, પાદવલય, વૃત્તાકાર કુંડળ, કટિસૂત્ર ઉપરાંત કટિ પરના અધોવસ્ત્રનો બંને પગ વચ્ચે ઝૂલતો છેડો વગેરેથી ઊપસી આવતાં એની દેહયષ્ટિનાં લાવણ્ય અને સુડોળપણું એ પશ્ચિમ ભારતીય અને ગુજરાતી ચિત્રકલાની વિશિષ્ટતાઓનું પ્રતિબિંબ છે. ડાબો પગ જાનુના ભાગથી ખંડિત છે. જમણો હસ્ત જાનુ પાસે ટેકવેલ છે. એનાં કર્ણકુંડલ, હારસૂત્ર, ભુજાઓ ઉપરના કેયૂર વગેરે દેલમાલની ત્રિમૂર્તિની બાજુમાં

(અનુસંધાન પૃ. ૧૫૮ ઉપર)



આતમ દેવ અક્કલ કરી જાનો,
ઇન સંગ ધ્યાન લગાવોજી
કાચી માટી કા એક કુંભ બનાયાજી,
માંહી પવન કા યંત્ર લગાયા.
- ગોરખનાથ

ઊર્મિલા ભટ્ટ, સ્વ.

તા. ૨૩-૨-૧૯૯૭ની સાંજે અમદાવાદથી પ્રસારિત થતા સમાચારમાં એક મુખ્ય સમાચાર સાંભળી હૃદયને જબરો આંચકો લાગ્યો : 'ખ્યાતનામ અભિનેત્રી ઊર્મિલા ભટ્ટની હત્યા.' જો અવસાનના સમાચાર હોત તો આટલો મોટો આઘાત ન લાગત, પણ 'હત્યા' શબ્દે તો હૃદયમાં જાણે કારી ઘા વાગ્યો હોય તેવું લાગ્યું. તા. ૨૨-૨-૧૯૯૭ના રોજ કોઈ કાળમુખી વ્યક્તિએ તેમની મુંબઈમાં તેમના નિવાસસ્થાને હત્યા કરી દીધી. અવસાન અને હત્યા આ બે શબ્દો વચ્ચે કેટલો મોટો તફાવત છે!



તેમને યાદ કરીએ ત્યારે દૃષ્ટિ સમક્ષ એક જાજરમાન વ્યક્તિત્વ ખડું થાય છે, વિશાળ નમણાં નેત્રો, સપ્રમાણ શરીર-સૌષ્ઠવ, સૌમ્ય વસ્ત્ર-પરિધાન, મૃદુ હાસ્ય સભર ચહેરો, મૃદુવાણી, પ્રતિભાશાળી વ્યક્તિત્વ : આ બધી વસ્તુઓનો સુમેળ તેમને ૬૫ વર્ષની વયે પણ નમણાં, નાજુક અને યુવાન દેખાવામાં સહાયક બનતો હતો. દેહરાદુનમાં જન્મેલાં ઊર્મિલા ભટ્ટે સ્ટેજથી પોતાની કારકિર્દીનો પ્રારંભ કરેલો. વડોદરામાં તેમણે નૃત્ય અને નાટકની તાલીમ લીધી હતી. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં તેમણે નાટ્યશાસ્ત્ર સાથે એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. મુંબઈને તેમણે પોતાની કર્મભૂમિ બનાવી. નાટ્યકાર જશવંત ઠાકર તથા ચં.ચી. મહેતા જેવા ગુરુઓ પાસેથી નાટકની તાલીમ મેળવી હતી. ૧૯૬૦માં રાજકોટની સંગીતકલા એકેડેમીમાં લોકનૃત્યકાર તરીકે જોડાયાં હતાં. ૧૯૫૭માં એક નાટ્યસ્પર્ધામાં શ્રી માર્કંડ ભટ્ટ સાથે તેમણે ભાગ લીધેલો, પણ ત્યારે તેઓ પરણ્યાં નહોતાં. આ સ્પર્ધામાં બન્નેને શ્રેષ્ઠ કલાકારોનાં પારિતોષિકો મળ્યાં હતાં. ૧૯૬૫માં તેઓ શ્રી માર્કંડ ભટ્ટ સાથે લગ્નગ્રંથીથી જોડાયાં. હજુ ગયા મહીને જ 'સિકંદર સાની' નામના નાટકમાં કે જેમાં તેમના પતિ મુખ્ય કલાકાર હતા ત્યારે તેઓ હાજર રહ્યાં હતાં. તેમની યાદગાર ફિલ્મ 'ફિર ભી'માં તેમણે માતાની ભૂમિકા ભજવી પોતાની કલાનો પરિચય કરાવ્યો હતો. તેમનો સમગ્ર કસબ આ ભૂમિકામાં તેમણે પ્રકટ કર્યો હતો. પ્રાણ રેડીને કરેલા એ અભિનય માટે તો તેમને ચાર જુદાં જુદાં પત્રકારમંડળો તરફથી શ્રેષ્ઠ અભિનેત્રીનાં પારિતોષિક મળ્યાં હતાં. આમાં બેંગાલ જર્નાલિસ્ટ ઍન્ડ ક્રિટિક્સ એસોસીએશનનો પણ સમાવેશ થતો હતો. ૧૯૫૭માં એક નાટ્યસ્પર્ધામાં માર્કંડ ભટ્ટ સાથે તેમણે ભાગ લીધેલો ને બન્નેને આ સ્પર્ધામાં શ્રેષ્ઠ કલાકારના ઍવૉર્ડ્ઝ મળ્યા હતા. ૧૯૬૮માં ગુજરાત નાટ્ય સ્પર્ધામાં ચં.ચી. મહેતા લિખિત 'ધરાગુર્જરી'માં તેઓ ફરીથી ઝળક્યાં. આ નાટકનું દિગ્દર્શન માર્કંડ ભટ્ટે કર્યું હતું. આ નાટક લેખન, દિગ્દર્શન અને અભિનય એમ ત્રણેય ક્ષેત્રે મેદાન મારી ગયું. પણ અન્ય કલાકારોને તક મળે તે માટે બન્ને જણાએ હવેથી આવી સ્પર્ધામાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો. અન્યની લાગણીઓને સમજવાનો આ કેવો ઉમદા અભિગમ કહેવાય! આવી ઉદારતા ભાગ્યે જ જોવા મળે!

તેમણે ૭૫ થી વધુ ગુજરાતી ફિલ્મોમાં અને ૧૫ થી ૨૦ રાજસ્થાની ફિલ્મોમાં અભિનય આપ્યો હતો. બે દાયકાથી હિન્દી ફિલ્મોમાં ચરિત્ર અભિનેત્રી તરીકે તેઓ ખ્યાતનામ બની ગયાં હતાં. છેલ્લે તો ટી.વી. સીરિઅલોમાં પણ અભિનયનો પ્રારંભ કરેલો. 'રામાયણ' સીરિઅલમાં સીતાની માતાની ભૂમિકામાં તેઓ ઝળક્યાં હતાં. 'જેસલતોરલ' નાટક દ્વારા ફિલ્મક્ષેત્રે તેઓ પ્રવેશ્યાં. તેમનાં નાટકો જોઈને ગુજરાતી ફિલ્મ 'સંત શિરોમણિ' માટે તેમને સામેથી આમંત્રણ મળેલું, અને તેમાં શ્રેષ્ઠ અભિનય માટે પુરસ્કાર મેળવી ગયાં. ગુજરાતી ફિલ્મ 'કુંવરબાઈનું મામેરું' તો સુપરહિટ પુરવાર થઈ. તેમના નાટકોમાં 'શેતલને કાંઠે,' 'જેસલ તોરલ' 'વસુંધરાનાં વ્હાલાં દવલાં' મોખરે રહ્યાં હતાં. આ નાટકોમાં તેમની અભિનયકલાની અપ્રતિમ પ્રતિભાના દર્શન થયાં હતાં.

આમ, નાટ્યક્ષેત્ર, ફિલ્મક્ષેત્ર અને ટી.વી. સીરિઅલોમાં ઊર્મિલા ભટ્ટે આગવી છાપ ઉપજાવી હતી. એકલા ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર દેશમાં તેઓ પોતાની કલાની રોશની પાથરી ગયાં. આ પૃથ્વીના પટ પરથી હંમેશને માટે આ ઉમદા કલાકાર ચાલ્યાં ગયાં અને મૂકતાં ગયાં તેમની કલાની ફોરમ. ગુજરાત સરકારનાં ૧૪ પારિતોષિકો અને બીજાં નાનામોટાં અનેક પારિતોષિકો મેળવવા માટે ભાગ્યશાળી બનેલાં આ કલાકાર ૧૦૦ થી વધુ હિંદી-ફિલ્મોમાં કામ કરી પોતાની યાદ મૂકી વિદાય થયાં. પરંતુ જે રીતે મૃત્યુ તેમના માટે કારણભૂત બન્યું તેનો અફસોસ આપણને સહુને રહી ગયો. અભિનય ક્ષેત્રે ગુજરાતનું

નામ રોશન કરનાર આવા ઉમદા ઊર્મિલા ભટ્ટ પૃથ્વીના તખ્તા પરથી આવી રીતે અચાનક વિદાય થાય એ વેદનામય છે. એમના આવા દુઃખદ અને અસ્વાભાવિક મૃત્યુથી સૌ કલાચાહકોને અચૂક આંચકો લાગ્યો હશે. (સંકલિત) - **કમલા પરીખ**

કાર્લ ઝીસ - ૧૫૦મી જયંતી


ઑપટિક્સ એટલે કે પ્રકાશ અને નેત્રને લગતાં સાધનોની અતિશય ચોકસાઈ તેમજ માપ વગેરે માપવાનાં ચોક્કસ સાધનો તથા ઇલેક્ટ્રોનિક્સમાં દુનિયાભરમાં વિખ્યાત 'ધ કાર્લ ઝીસ કંપની' આ વર્ષે તેની ૧૫૦મી જયંતી ઊજવે છે.

માપ લેવા માટેનાં ચોક્કસ સાધનો અને વિશ્વાસપાત્ર દસ્તાવેજી મૂલ્યોવાળી વસ્તુઓ તે સર્જે છે. ચશ્માંના કાચથી માંડી ખગોળશાસ્ત્રીને ઉપયોગી મોટાં દૂરબીનો તે બનાવે છે. ઝીસનાં બનાવેલાં ઉચ્ચ કક્ષાનાં સાધનો સંશોધનમાં કામ લાગે છે. શિક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્રની બાબતમાં એમ પણ કહી શકાય કે તેનો વિકાસ ઝીસની બનાવટોને આભારી છે. આરોગ્ય, પર્યાવરણ, નૂતન રચના કે ટ્રાન્સપોર્ટ કાચા માલના નવા સ્રોતોના સંશોધનમાં એ ઉપયોગી છે. તેનાં બનાવેલાં સાધનોમાં લેસર ટેક્નોલૉજીનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

મધ્યયુરોપના રાજકીય ક્ષેત્રમાં આવેલ ચડાવઉતારની અસર ઝીસ કંપનીના લાંબા ઇતિહાસમાં થઈ છે, પણ પોતાના ધ્યેયને વળગી રહેવાની વૃત્તિને કારણે તથા પોતાના કાર્યની નહીં પલટાતી નીતિનું ઝીસ કંપની ઉમદા ઉદાહરણ બની રહી, એ બધા રાજકીય બનાવોથી પર રહી છે.

ઈ. ૧૮૪૬માં કાર્લ ઝીસે જેનામાં યુનિવર્સિટી માટેના માઈક્રોસ્કોપની મરામત કરવાનું કારખાનું સ્થાપત્યું. થોડા વખતમાં એ પોતે પણ સાદા માઈક્રોસ્કોપ બનાવવા લાગ્યો. ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર ડૉ. અર્ન્સ્ટ એબની સહાય લઈ વધુ શક્તિશાળી માઈક્રોસ્કૉપના ઉત્પાદનનો પાયો નાખ્યો. અને પ્રથમ વાર જ લેન્સ સિસ્ટમને વૈજ્ઞાનિક અને પદ્ધતિસરની બનાવી.

પણ ડૉ. એબનો સિદ્ધાંત પૂરતો નહોતો. ઝીસને તો જોઈતા લાક્ષણિક્તાઓ સાથેના તદ્દન નવા જ લેન્સ બનવવા હતા. આ લેન્સીઝ તેણે વિકસાવ્યા અને મોટા પાયે તેનું ઉત્પાદન આદર્યું. ગ્લાસ્ટેક્નિશ્ક લૅબોરેટોરિયન-જેનામાં તે બનાવ્યા. પાછળથી તે જેનાનું ગ્લાસવર્ક્સ શૉટ ઍન્ડ જનના નામે ઓળખાયું જેની માલિકી ઓટોસ્કૉટ, અર્નસ્ટ એબ અને કાર્લ ઝીસની હતી.



ઑપ્ટિકલ લેન્સીસની બહોળી જાતોમાં ઝીસ કંપનીના વિકાસમાં મુખ્ય વેગ આપ્યો. ગઈ સદીના અંતમાં તો આ કંપની ઔદ્યોગિક સફળતા પામી. ૧૮૮૯માં ડૉ. એબે કાર્લ ઝીસ ફાઉન્ડેશનનો પાયો નાખ્યો અને જે તેના કામદારો માટે ફાયદાકારક બની રહી. અને આ ફાઉન્ડેશન કાર્લ ઝીસ અને સ્કોટની માલિકીની બની રહી અને બધા રાજકીય પલટાઓ છતાં આજ સુધી એમ જ રહી છે.

સદીના અંત સુધીમાં તો ટેક્નોલૉજિકલ વિકાસ સાથે ઝીસ કંપની વધુ ને વધુ આગળ વધી ચોકસાઈની જરૂર પડે તેવાં સાધનો, ફોટો લેન્સીઝ, કૅમેરા, દૂરબીનો, પ્લેનેટોરીઅમ અને ખગોળશાસ્ત્રમાં વપરાતાં સાધનો તથા દરેક પ્રકારના લેન્સીઝ બનાવતી થઈ અને ક્ષેત્રોમાં ચોકસાઈ માટે ખ્યાતનામ થઈ ગઈ.

બીજા વિશ્વયુદ્ધ અને તે પછી જર્મનીના ભાગલા પડવાથી આ કાર્લ ઝીસ કંપનીને પણ સારી પઠે સહન કરવું પડ્યું. જેના રશિયન ઝોનમાં આવી પડ્યું. અમેરિકન ટૂપ્સે કંપનીના બૉર્ડ

કાર્લ ઝીસનો પ્રથમ પેટન્ટનો કરાવેલો લેન્સ→



જેનામાં ૧૮૪૬-૪૭ દરમિયાનનો કાર્લ ઝીસનો પ્રથમ વર્કશોપ ↓



ઓવ ડિટેક્ટર્સને અને એના વૈજ્ઞાનિકોને 'હેઈડનહેમ' (અમેરિકન ઝોનમાં) ખસેડ્યા. જેનાનું કાર્ય સંકેલી લેવામાં આવ્યું.-અને ઘણા વૈજ્ઞાનિકોને રશિયન ઝોનમાં કામ કરવાનું થયું.

અતિશય ભારે મુસીબતો વચ્ચે આ બાજુએ - પૂર્વ અને પશ્ચિમમાં આ નવી વહેંચણી પ્રમાણે કામ શરૂ થયું. દુનિયાભરના બજારમાં આ બંને ઝીસ કંપની એકબીજીની સ્પર્ધા કરવા લાગી. ટ્રેડમાર્ક અને નામ અંગે અનેક કેસો ચાલ્યા. ૧૯૭૧માં કાર્લ ઝીસ ઓબરકોચન અને જેનાની કંપની વધતી ઓછી રીતે કેસોની શ્રેણીઓ લડી.

ઈ. ૧૯૯૧માં બંને જર્મની પાછાં એક થઈ જતાં પૂર્વ અને પશ્ચિમની કંપનીઓ એકબીજી સાથે ભળી ગઈ. જેના અને ઓબરકોચન ખાસ કરીને ઉત્પાદનો, વેચાણો અને માર્કેટિંગમાં એક થઈ ગઈ.

આજે એ કંપનીની ૧૫૦મી જયંતી વખતે કાર્લ ઝીસ ફાઉન્ડેશન દેશ-પરદેશમાં બધા મળી ૩૦,૦૦૦ માણસોને રોજી-રોટી આપે છે. ૧૩,૦૦૦ કારીગરો ધરાવતું ઝીસ ગ્રૂપ વર્ષે ૨.૫ બિલિયન ડોઈશ માર્ક્સનું ટર્નઓવર કરે છે અને ૧૦ ટકા ટર્ન ઓવર કંપનીના સંશોધન અને વિકાસ માટે ખર્ચે છે.

('જર્મન ન્યૂઝ'ને આધારે)

અનુસંધાન] ઊમતાનો જિનપ્રાસાદ [પૃ. ૧૫૬થી

કંડારેલ અપ્સરાના શિલ્પ સાથે અતિ નિકટનું સામ્ય ધરાવે છે.

અપ્સરા (૨) : ઉક્ત રથિકાના ઉત્તર-પૂર્વ કોણમાં પણ અપ્સરાનું એક સુંદર શિલ્પ કંડારેલ છે. દ્વિભુજ નર્તકીનો જમણો હસ્ત મસ્તક ઉપર ટેકવેલ છે, જ્યારે વામ હસ્ત સ્તન પાસે રાખી નૃત્યમુદ્રામાં દર્શાવેલ છે. આ નર્તકી પણ ઉપર જણાવેલ નર્તકી જેવાં જ આભૂષણોથી શોભાયમાન છે. આવું જ એક અંગવિન્યાસ ધરાવતું શિલ્પ રાણકીવાવ (પાટણ)માં પણ જોવા મળે છે.

નાગકન્યા : ભદ્રગવાક્ષની દક્ષિણે આ શિલ્પ કંડારેલ છે. વામ હસ્તમાં નાગ ગ્રહેલ છે, જમણો હસ્ત મસ્તક ઉપર ટેકવેલો છે. વામ કરમાં ગ્રહેલ નાગને એ અનિમેષ નયને નિહાળી રહેલી છે. બંને પગમાં નૂપુર છે.

ભૈરવ : નાગકન્યાના શિલ્પની બાજુમાં ભૈરવનું શિલ્પ છે, જેના મસ્તક ઉપર નાગછત્ર છે. ચતુર્હસ્ત ભૈરવે ખડ્ગ ડમરું ખેટક તેમજ મુંડ ગ્રહણ કરેલાં છે. ડાબા પગ પાસે રુધિરપાન કરતો શ્વાન ઊભો છે. ચહેરા ઉપરની દાઢીને કારણે એઓનું સ્વરૂપ વધુ રૌદ્ર જણાય છે. રૂંઢમાલા તથા કટિ ઉપર મેખલા ધારણ કરેલ છે. વિજયનગર તાલુકાના આંતરસૂબા ગામ પાસે આવેલ જૈન મંદિરની જંઘામાં આવું જ એક ભૈરવનું શિલ્પ કંડારેલ જોવા મળે છે.

સ્થાપત્યકલા : કલાવિભૂષિત મંડોવર : ભદ્રગવાક્ષની ઉપરના ઉદ્‌ગમની જાલકભાત રાણકીવાવનાં કેટલાંકના ઉદ્‌ગમો સાથે ભારે નિકટતા ધરાવે છે. આ ઉદ્‌ગમ ઉપર ભરણીમાં માલાધર પટ્ટ છે. ભરણીની ઉપર આવેલ મહાકેવાલપટ્ટ ચૈત્યાંકનથી સુશોભિત છે. એની નીચે ગગારકપટ્ટ છે. મહાકેવાલની ઉપર ક્રમશઃ કણી અને કૂટ છાદ્યની રચના છે, જોકે આ છાદ્યની ઉપરનો ભાગ વિદ્યમાન નથી.

ભદ્રગવાક્ષની નીચે અલંકૃત મંચિકા, કપોત, અંધારિકા, સાદો કળશ, કુંભી વગેરે દેલમાલના લીંબોજીમાતાના મંદિરના થરોની યાદ અપાવે છે. કુંભીમાં કંડારેલ લલિતાસનસ્થ પદ્માવતીનો નીચેનો જમણો હસ્ત વરદ મુદ્રામાં છે, જ્યારે અન્ય કરમાં અનુક્રમે બે પદ્મ અને ફળ ગ્રહણ કરેલ છે.

ઊર્ધ્વમાને પીઠદર્શન : વિવિધ પ્રકારના સમતલ થરો વડે અહીંની મહાપીઠ વિભૂષિત કરવામાં આવેલ છે, જેમાં નરથર, ગજથર, ગ્રાસમુખપટ્ટ વગેરેનું વિશેષતઃ અલંકરણ જોવા મળે છે. ગજથરમાં કંડારેલ ગજોનું વાસ્તવિક શરીરસૌષ્ઠવ શિલ્પીની કુશળ કલાની પ્રતીતિ કરાવે છે. ગજથરમાં પ્રત્યેક ભદ્રાદિ નિર્ગમોની મધ્યમાં એકબીજાને સંમુખ ઊભેલા ગજો દર્શાવેલા છે. અને બંનેનાં મુખોની વચ્ચે દીપજ્યોત સુંદર રીતે કંડારેલ છે. આ બંને ગજની હરોળમાં અન્ય ગજોને શીઘ્ર ગતિએ દોડતા બતાવવાનો શિલ્પીનો અહીં સ્તુત્ય પ્રયાસ નજરે પડે છે. કસરાના પ્રાચીન મંદિરની મહાપીઠમાં પણ આ જ પ્રકારના થરોનું અલંકરણ જોવા મળે છે.

ઉપસંહાર : શિલ્પોમાં રહેલ કલાવૈભવ એમાં એક પ્રકારની સજીવનતા જન્માવે છે. ટીંબામાં દટાયેલ આ જિનાલયના શિખરનો ભાગ તો સંપૂર્ણપણે નાશ પામેલ છે જ, અવશેષરૂપે એની શિખરીઓ વેરવિખેર દટાયેલ હાલતમાં પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત મંડોવરનો ભાગ પણ મહદ્ અંશે ખંડિત છે, એમ છતાં મંડોવરનો જે ભાગ હાલમાં અસ્તિત્વમાં છે તે ઉપરથી સમગ્રતયા આ મંદિરે રચનાવિધાન તેમજ એની શિલ્પકલા એમ બંને દૃષ્ટિએ ગુજરાતનાં અન્ય સોલંકીકાલીન મંદિરસ્થાપત્યોની હરોળમાં પોતાનું એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

('પથિક'માંથી સાભાર)

* જીવનનાં અંદરો-અંદર થતાં ઘર્ષણ નથી ગમતાં *
* બનાવટ હોય જેમાં, એ મને સગપણ નથી ગમતાં. *
—જલન માતરી—

સ્કૂલમાંથી શિક્ષકે પોતાના એક કિશોર વિદ્યાર્થીના પ્રશ્નોથી અકળાઈને એનાં માતા પર પત્ર લખીને જણાવ્યું કે તે બરાબર ભણતો નથી. તે મૂર્ખ છે. તેને સ્કૂલમાંથી ઉઠાવી લો. માતાને આંચકો લાગ્યો. માતાએ શિક્ષકને જવાબ આપ્યો કે તે પોતાના દીકરાની પૂરતી સંભાળ રાખે છે, અને તે સહેજ પણ મૂર્ખ નથી. એમ કહીને તે માતાએ પોતાના પુત્રને શાળાએથી ઉઠાડી લીધો અને ઘરે જ ભણાવ્યો. આ બાળક તે આગળ ઉપર પ્રસિદ્ધ થયેલો વિજ્ઞાની ટૉમસ આલ્વા એડિસન.

*

યૂરોપમાં બેસનજી નામના શ્વાનની એક જાત થાય છે. તેમના ગળામાં સ્વરપેટી જ હોતી નથી, તેથી કદી ભસતા જ નથી!

*

એક તારણ પ્રમાણે સેંકડે ૩૦ ટકા વ્યક્તિઓ ઊંઘમાં નસકોરાં બોલાવે છે.

*

ગાયના દૂધમાં ઘી, સૂંઠ ને કાળી દ્રાક્ષ નાખી ઉકાળ્યા બાદ તે પીવામાં આવે તો જીર્ણ જ્વર તથા પિત્તજ્વરમાં રાહત થાય છે.

*

સ્કૉટલૅન્ડના રાજવી અને રાષ્ટ્રવીર રૉબર્ટ બ્રુસ (૧૨૭૪-૧૩૨૯)ની મુદ્રા. ૧૩૦૬માં એણે સ્કૉટલૅન્ડનું રાજવીપદ ધારણ કર્યું હતું.



*

શાહમૃગ કલાકના ૬૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે અને એનામાં એટલી તાકાત છે કે જો એ માણસને લાત મારે તો તેના પગની નળી તોડી નાખે.

*

આજ સુધીમાં હિમાલયના એવરેસ્ટ શિખર પર જવાનું સાહસ ૬૦૦ વ્યક્તિઓએ કર્યું છે, અને તેમાંથી ૧૪૦ સાહસિકો મોતને ભેટ્યા છે.

*

મરઘીના શરીરમાં કેલ્શિયમ કાર્બોનેટની મદદથી ઈંડું રચાયા બાદ 'ઓવિડકટ' નામની નળીમાં વીસેક કલાકમાં તે સંપૂર્ણ વિકાસ પામીને બહાર ફેંકાઈ આવે છે.

*

વજન ઉતારવાના નોંધાયેલા દાખલામાં વિલિયમ જે. કોબ્સે ૪૦ સ્ટોન અને ૧૧ પાઉન્ડ (૨૫૯ કિ.ગ્રા.)માંથી ૧૬ સ્ટોન અને ૮ પાઉન્ડ (૧૫૦ કિ.ગ્રા.) વજન ઘટાડેલું. એ અમેરિકાનો ધંધાદારી કુસ્તીબાજ હતો અને ૧૯૨૬માં જન્મેલો.

*

જે જગ્યા પર માખીઓ બેસતી હોય ત્યાં ચાની પત્તીને ભીની કરીને ઘસ્યા બાદ તે જગ્યા ફરી સાફ કપડાથી લૂછી નાખવાથી ત્યાં માખીઓ બેસશે નહિ.

*

ગણિતગમ્મત • કાન્તિની ઉંમર બટુ અને નટુની વયના સરવાળા જેટલી છે. પાછલે વર્ષે બટુ નટુની વય કરતાં બેવડો મોટો હતો. બે વર્ષ પછી કાન્તિ નટુની વય કરતાં બેવડો મોટો હશે તો ત્રણેની વય હાલમાં કેટલી હશે?

તારા નામની માછલીનું માથું કાપી નાખવામાં આવે તો તે ફરીથી આવે છે.

*

પોસ્ટકાર્ડની સૌથી પ્રથમ શરૂઆત હંગેરીમાં થયેલી મનાય છે.

*

ગણિત ગમ્મતનો જવાબ • કાન્તિનું વય ૮નું, બટુનું ૫નું અને નટુનું ૩નું હશે.

*

કાચાં શાક પડી રહ્યાં અને ચીમડાઈ ગયાં હોય કે કાળાં પડી ગયાં હોય અથવા સુકાઈ ગયાં હોય તો લીંબુ નીચોવેલા ઠંડા પાણીમાં એકાદ કલાક પલાળી રાખો. તાજાં જેવાં થઈ જશે!

*

કલાકણિકા • દીવા-આકારના આ ઘડિયાળની પેટી ચાંદીની કોતરણીથી બનેલી છે. ઘડિયાળના કાંટા લોખંડના છે. આ ઘડિયાળ ઈ. ૧૬૭૬માં બન્યું હતું, પરંતુ તેના બનાવનારની જાણ નથી અને આ પ્રકારનું બીજું ઘડિયાળ નથી. આ અત્યારે 'ધ વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝીઅમ'માં છે.





નળસરોવર પર સૂર્યાસ્ત

●

જી. એમ. માસ્ટર

● સ્થાનસમર્પિત ●

સદ્દગત રવિશંકર રાવળના સ્મરણાર્થે શ્રી કનક રાવળ તરફથી